દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 161 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 July 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૯ જુલાઈ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આજે ટ્રેડ યુનિયન્સનું ‘ભારત બંધ’

## વીજ, બૅન્ક, વીમા, ટપાલ, એસટી સેવાને માઠી અસર થવાની ભીતિઃ પચીસ કરોડથી વધારે કર્મચારી જોડાવાની શક્યતા

નવી દિલ્હીઃ દેશના દસ જેટલા ટ્રેડ યુનિયન દ્વારા નવ જુલાઇ, બુધવારે ‘ભારત બંધ’ની જાહેરાત કરાઇ છે. તેમાં અંદાજે પચીસ કરોડથી વધારે કર્મચારી જોડાય એવી શક્યતા છે. તેને લીધે વીજ, બૅન્ક, વીમા, ટપાલ, એસટી જેવી વિવિધ આવશ્યક સેવાને પણ માઠી અસર થવાની સંભાવના છે. ખેડૂતો અને ગ્રામીણ મજૂરો પણ ‘ભારત બંધ’ દરમિયાન વિવિધ સ્થળે દેખાવ કરવાના હોવાથી કેટલાક સ્થળે વાહનવ્યવહાર અને ટ્રેનોની અવરજવરમાં પણ વિઘ્ન ઊભું થઇ શકે છે.

વીજ પુરવઠો પૂરો પાડતી કંપનીઓના ૨૭ લાખથી વધારે કર્મચારીઓ ‘ભારત બંધ’માં જોડાઇને દેશભરમાં દેખાવ યોજવાના હોવાથી વીજ પુરવઠા કે તેની કંપનીના કામકાજને થોડી માઠી અસર થઇ શકે છે. આ સેવા જીવનાવશ્યક ગણાતી હોવાથી વિવિધ રાજ્યની સરકાર વીજ પુરવઠો ન ખોરવાય તે માટે જરૂરી પગલાં લે એવી પૂરી શક્યતા છે.

કેન્દ્ર સરકારના શ્રમ કાયદા અને કર્મચારીઓને લગતી નીતિ ‘કામદાર-વિરોધી, ખેડૂત-વિરોધી, દેશ-વિરોધી અને કોર્પોરેટ-તરફી’ હોવાનો આક્ષેપ કરીને દસ જેટલા ટ્રેડ યુનિયને દેશવ્યાપી હડતાળની હાકલ કરી છે.

ઓલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કૉંગ્રેસના અમરજિત કૌરે જણાવ્યું હતું કે ‘ભારત બંધ’માં અંદાજે પચીસ કરોડથી વધારે કર્મચારીઓ જોડાવાની આશા છે. ખેડૂતો અને ગ્રામીણ મજૂરો પોતાના વિસ્તારોમાં દેખાવ યોજશે.

અગાઉ, ટ્રેડ યુનિયન્સે શ્રમ પ્રધાન મનસુખ માંડવિયાને પોતાની વિવિધ ૧૭ માગણીને લગતું આવેદનપત્ર સુપરત કર્યું હતું.

ટ્રેડ યુનિયન્સે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકારે છેલ્લાં દસ વર્ષથી વાર્ષિક લૅબર કૉન્ફરન્સ નથી યોજી. સરકારની નીતિ કોર્પોરેટ, કંપનીઓના માલિકોની તરફેણમાં છે અને સરકાર દ્વારા શ્રમિકોને લગતા ‘અયોગ્ય’ કાયદા લાદવામાં આવી રહ્યા છે.

તેઓએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દેશ-વિદેશની કંપનીઓની તરફેણમાં વિવિધ નિર્ણય લઇ રહી છે અને કર્મચારીઓના કલ્યાણાર્થે કોઇ પગલાં નથી લેતી. જાહેર ક્ષેત્રની કંપનીઓનું ઝડપથી ખાનગીકરણ કરાઇ રહ્યું છે.

હિંદ મઝદૂર સભાના હરભજનસિંહ સિધુએ દાવો કર્યો હતો કે બૅન્ક, વીમા, ટપાલ, કોલસાનું ખનન (ખાણકામ), કારખાના, રાજ્ય પરિવહન (એસટી) સેવાને ‘ભારત બંધ’ની માઠી અસર થશે.

ઓલ ઇન્ડિયા બૅન્ક એમ્પ્લોઇઝ એસોસિયેશન સાથે સંલગ્ન બંગાળ પ્રોવિન્શિયલ બૅન્ક એમ્પ્લોઇઝ એસોસિયેશન સાથે જોડાયેલા કર્મચારીઓ આ હડતાળમાં ભાગ લેવાના છે.



**સ્વાગતઃ** બ્રાઝિલની રાજધાની બ્રાસિલિયામાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરતા ભારતીય સમુદાયના લોકો. (પીટીઆઇ)

## આસામ, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ચાર સ્થળે નદી જોખમી સ્તરે વહી રહી છે

નવી દિલ્હીઃ આસામ, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યમાં પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હોવા વચ્ચે આ રાજ્યોમાં ચાર સ્થળે નદી જોખમી સ્તરે વહી રહી છે તો ૧૧ સ્થળે જોખમી સ્તરની નજીક પહોંચી ગઈ હોવાનું સેન્ટ્રલ વૉટર કમિશન (સીડબ્લ્યુસી) દ્વારા બહાર પાડવામાં આવેલા દૈનિક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

જોકે કોઈપણ જગ્યાએ નદીના જળસ્તરે તેની અગાઉની સર્વોચ્ચ સપાટી વટાવી નહોતી. આસામના ગોલાઘાટ જિલ્લામાં ધનસિરિ (સાઉથ) અને નૂમાલિગઢ ખાતે નદી જોખમી સ્તરથી ઉપર વહી રહી છે. મધ્ય પ્રદેશમાં માંડલા ખાતે નર્મદા નદી ૪૩૭.૬૭ મીટરના જોખમી સ્તરે વહી રહી છે. જોકે નર્મદા નદીમાં જળસ્તર ધીમે ધીમે નીચે ઊતરી રહ્યું છે. એ જ પ્રમાણે મહારાષ્ટ્રમાં વેણગંગા નદીએ ભંડારા ખાતે જોખમી સ્તર વટાવ્યું હતું અને તેનું જળસ્તર ધીમે ધીમે વધીને ૨૪૫.૮ મીટર સુધી પહોંચ્યું હતું. (એજન્સી)■

## સ્કૂલ વૅનને ટ્રેને મારી ટક્કર, ત્રણ વિદ્યાર્થીનાં મોત



**અકસ્માતઃ** તમિળનાડુના કડલૂરમાં સેમ્માનગુપ્પમ ખાતે ટ્રેન સાથે અથડાયા બાદ શાળાની વૅનનો કાટમાળ. (પીટીઆઇ)

કડલૂર (તમિલનાડુ) : તમિળનાડુમાં કડલૂર જિલ્લાના સેમ્મનગુપ્પમમાં મંગળવારની સવારે એક સ્કૂલ વાનને ટ્રેને ટક્કર મારતાં ત્રણ વિદ્યાર્થીઓનાં મોત થયા હતા. દક્ષિણ રેલવેએ આ દુઃખદ ઘટના બદલ માફી માગી હતી અને જણાવ્યું હતું કે રેલવે ફાટક પર તૈનાત ‘ગેટકીપર’ને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે અને તેની ધરપકડ કરાઇ છે. રેલવેએ જણાવ્યું હતું કે સવારે લગભગ પોણા આઠ વાગ્યે વિદ્યાર્થીઓને લઈ જતી સ્કૂલ વાન કડલૂર અને અલપ્પક્કમ વચ્ચે રેલવે ક્રોસિંગ ગેટ નંબર ૧૭૦ પાર કરવાનો પ્રયાસ કરી રહી હતી અને આ સમય દરમિયાન તે ટ્રેન નંબર ૫૬૮૧૩ વિલ્લુપુરમ- (જુઓ પાનું ૨) ▶▶

## ભારત સાથે ટૂંક સમયમાં વેપાર-કરાર કરાશેઃ ટ્રમ્પ

### ‘મેં જ ભારત-પાકનું યુદ્ધ અટકાવ્યું હતું’

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે ભારત સાથે ટૂંક સમયમાં વેપાર-કરાર કરીશું. મેં જ ભારત - પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અટકાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે અમે યુનાઇટેડ કિંગડમ સાથે વેપાર-કરાર કર્યો છે. અમે ચીનની સાથે પણ વેપાર અંગે મોટા ભાગની સમજૂતી કરી છે અને હવે થોડા સમયમાં જ ભારત સાથે પણ વેપાર-કરાર કરાશે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે જે દેશો સાથે અમેરિકાનો વેપાર-કરાર થવાની શક્યતા નથી જણાતી, તેઓને મેં નવી ટૅરિફની જાણ કરતા પત્રો લખ્યા છે.

ટ્રમ્પે અમેરિકા દ્વારા આયાત કરાતા માલસામાન પર નવા ટૅરિફ-દરની જાણ કરતો પત્ર સોમવારે અનેક દેશને લખ્યો હતો. અમેરિકાના

(જુઓ પાનું ૨) ▶▶

## જાપાન, દક્ષિણ કોરિયા, બાંગ્લાદેશ સહિત અનેક દેશ પાસે વધુ ટૅરિફ લેવાશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જાપાન અને દક્ષિણ કોરિયા ખાતેથી અમેરિકામાં આયાત કરાતા માલસામાન પર પચીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી. તેમણે પહેલી ઑગસ્ટથી બાંગ્લાદેશ સહિત ડઝન જેટલા દેશ ખાતેથી અમેરિકામાં આયાત કરવામાં આવનારા માલસામાન પર નવા ટૅરિફ-દર લાદવાની જાણ કરતા પત્રો લખ્યા હતા.

અમેરિકામાં મ્યાનમાર અને લાઓસ ખાતેથી આયાત કરાતા સામાન પર ૪૦ ટકા ટૅક્સ, કમ્બોડિયા અને થાઇલૅન્ડના માલ પર ૩૬ ટકા,

(જુઓ પાનું ૨) ▶▶

## હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદથી હાહાકાર, સાત જિલ્લામાં પૂરનો ખતરો, ૨૨૫ રસ્તા બંધ

શિમલા : હિમાચલ પ્રદેશના અનેક હિસ્સાઓમાં ભારે વરસાદ પડી રહ્યો હોવાથી, સ્થાનિક હવામાન વિભાગે મંગળવારે આગામી ૨૪ કલાકમાં સાત જિલ્લાઓના કેટલાક ભાગોમાં અચાનક પૂરની ચેતવણી આપી હતી.


આ જિલ્લાઓમાં ચંબા, કાંગડા, મંડી, કુલ્લુ, શિમલા, સોલન અને સિરમૌરનો સમાવેશ થાય છે. હવામાન વિભાગે ‘યલો’ એલર્ટ જાહેર કર્યું છે. જેમાં આગામી સોમવાર સુધી અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

ધ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (એસઈઓસી)ના જણાવ્યા અનુસાર, સૌથી વધુ અસરગ્રસ્ત મંડી જિલ્લામાં ૧૫૩ રસ્તાઓ સહિત કુલ ૨૨૫ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે, જ્યારે રાજ્યમાં ૧૬૩ ટ્રાન્સફોર્મર અને ૧૭૪ પાણી પુરવઠા યોજનાઓને અસર થઈ છે. હિમાચલ પ્રદેશમાં એક જૂનથી આઠ જુલાઈ સુધીમાં ૨૦૩.૨ મિલીમીટર (મિમી) વરસાદ વરસ્યો છે, જ્યારે આ સમયગાળા દરમિયાન સામાન્ય રીતે ૧૫૨.૬ મિલીમીટર વરસાદ પડે છે.મંડી જિલ્લામાં ૧૧૦ ટકા વધુ વરસાદ નોંધાયો છે. શિમલા ખાતે ૮૯ ટકા અને ઉના ખાતે ૮૬ ટકા વરસાદ નોંધાયો છે. ૨૦ જૂને હિમાચલ પ્રદેશમાં ચોમાસાની શરૂઆત થઇ હતી. સોમવાર સાંજથી રાજ્યના ઘણા ભાગોમાં મધ્યમથી ભારે વરસાદ પડી રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગોહરમાં ૮૫ મિમી, સરાહનમાં ૮૪.૫ મિમી, બૈજનાથમાં ૬૦ મીમી, નાહનમાં ૫૪.૨ મિમી, પાવંટા સાહિબમાં ૪૮ મિમી, નૈના દેવીમાં ૪૬.૨ મિમી, કસૌલીમાં ૩૭ મીમી, જોગિન્દરનગરમાં ૨૮ મિમી, પાલમપુરમાં ૨૭.૨ મિમી અને શિમલામાં ૧૯ મિમી વરસાદ નોંધાયો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૦ જૂને ચોમાસાની શરૂઆતથી હિમાચલ પ્રદેશમાં અચાનક પૂરની ૨૩ ઘટનાઓ, વાદળ ફાટવાની ૧૯ ઘટનાઓ અને ભૂસ્ખલનની ૧૬ ઘટનાઓ બની છે અને રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૫૨ લોકોનાં મોત થયાં છે.

મંડી જિલ્લામાં ગુમ થયેલા લોકોને શોધવાની કામગીરી ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે થુનાગ, ગોહર અને કરસોગ સબડિવિઝનમાં ૨૮ લોકો ગુમ થયા હતા. તેમને શોધવા માટે ડ્રોન અને સ્નિફર ડોગ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ■

## કૈરોના ટેલિકોમના મકાનમાં આગ લાગતા ચારનાં મોત



**આગઃ** ઈજિપ્તના કૈરોમાં દૂરસંચાર કંપનીની ઈમારતમાં લાગેલી આગને ઓલવતા અગ્નિશામક દળના કર્મચારીઓ. આ આગમાં ચાર કર્મચારી માર્યા ગયાં હતાં અને અન્ય ૨૬ ઘાયલ થયા હતા તેમ જ ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાને કામચલાઉ માઠી અસર થઈ હતી. (એપી / પીટીઆઇ)

કૈરો : કૈરોના ટેલિકોમ કંપનીના મકાનમાં આગ લાગતા ચાર જણ મરણ પામ્યાં હતાં અને બે ડઝનથી વધારે લોકો ઘાયલ થયા હતા, એમ ઈજિપ્તના અધિકારીએ કહ્યું હતું.

કંપનીએ એક નિવેદનમાં કહ્યું હતું કે આ ચારે જણ ટેલિકોમ ઈજિપ્તના કર્મચારી હતા જેઓ આગ લાગી હતી ત્યારે મકાનની અંદર હતા.

આરોગ્ય મંત્રાલયના પ્રવકતા હોસામ અબ્દેલ ગફારે કહ્યું હતું કે ઈજાગ્રસ્તોની સંખ્યા ૧૪થી વધીને ૨૬ થઈ છે. આમાંના અનેક લોકોને ધુમાડાને લીધે ગૂંગળામણ થઈ હતી. આ બધાને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને આમાંના થોડાને રજા આપવામાં આવી હતી.

ટેલિકોમ ઓપરેટર કામ કરે છે એ હૉલમાં આગ લાગી હતી અને આગ તેની તીવ્રતાને લીધે બીજા માળા પર ફેલાઈ હતી.

આગ ૧૦ માળના ટેલિકોમ ઈજિપ્ત બિલ્ડિંગમાં લાગી હતી. આને લીધે ઈન્ટરનેટ અને મોબાઈલ ફોન સર્વિસ હંગામી રીતે બંધ થયા હતા. ગ્લોબલ ઈન્ટરનેટ મોનિટર નેટબ્લોકસે માહિતી આપી હતી કે નેટવર્ક ડેટા સૂચવે છે કે

(જુઓ પાનું ૨) ▶▶



**પૂરઃ** ઉત્તરાખંડના ચમોલીના ગામમાં વાદળ ફાટવાથી આવેલા પૂરથી જાનમાલને ભારે હાનિ થઇ હતી. (પીટીઆઇ)

## અમેરિકાના ટૅક્સાસમાં પૂરે મચાવી તબાહીઃ મૃત્યુઆંક ૧૦૦થી વધુ

કેરવિલે (અમેરિકા) : અમેરિકાના ટેક્સાસમાં ગ્વાડાલૂપ નદીમાં આવેલા પૂરથી ભારે વિનાશ થયો છે. પૂરને કારણે ૧૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. જ્યારે ૩૦થી વધુ લોકો ગુમ છે. શોધ અને બચાવ ટીમો લોકોને શોધવામાં લાગી છે. ટીમો નદીમાં ઉતરીને કિનારા પર એકઠા થયેલા વૃક્ષોને દૂર કરવાનું કામ કરી રહી છે.

ટેક્સાસ હિલ કન્ટ્રીમાં સ્થિત સો વર્ષ જૂના છોકરીઓના ખ્રિસ્તી સમર કેમ્પ મિસ્ટિકના સંચાલકોએ જણાવ્યું હતું કે પૂરને કારણે તેમના ૨૭ કેમ્પર્સ અને કાઉન્સેલર મૃત્યુ પામ્યા છે. કેર કાઉન્ટીના અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૦ કેમ્પર્સ અને એક કાઉન્સેલર હજુ પણ ગુમ છે. જ્યારે બચાવ ટીમોએ કેમ્પ મિસ્ટિક અને અન્ય ઘણા સમર કેમ્પમાંથી ૨૮ બાળકો સહિત ૮૪ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે વરસાદને કારણે મધ્ય ટેક્સાસના કેટલાક ભાગોમાં પૂરનો ભય છે. અધિકારીઓનું કહેવું છે કે મૃત્યુઆંક વધી શકે છે.

નોંધનીય છે કે શુક્રવારે ગ્વાડાલૂપ નદીમાં આવેલા પૂરથી ભારે વિનાશ થયો હતો. પૂરથી નદી કિનારા પર બનેલા કેમ્પ અને ઘરોનો નાશ થયો હતો. અચાનક પૂર આવતા લોકોને તેમના કેબિન, તંબુ અને ટ્રેલરમાંથી બચાવી લેવામાં આવ્યા હતા. ઝાડ અને કાર માઇલો સુધી (જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પના ટૅરિફની જાળમાંથી નીકળવા હવાતિયાં

**ગુજરાતીમાં** કહેવત છે કે, વાર્યા ના વળે એ હાર્યા વળે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને આ કહેવત બરાબર લાગુ પડી રહી છે. ટ્રમ્પે મોટા ઉપાડે ભારત, ચીન સહિતના દેશોના અમેરિકામાં આવતા માલ પર ટૅરિફ લાદવાની જાહેરાત કરેલી પણ તેના કારણે અમેરિકાના અર્થતંત્રની વાટ લાગવા માંડી પછી ટ્રમ્પ પોતે જ બનાવેલી ટૅરિફની જાળમાંથી બહાર નીકળવા ફાંફાં મારી રહ્યા છે. તેના ભાગરૂપે એક તરફ ટ્રમ્પ નવા ટૅરિફના અમલની મુદત લંબાવતા જાય છે તો બીજી તરફ દુનિયામાં આર્થિક રીતે મહત્ત્વના કહેવાય એવા દેશો સાથે ટ્રેડ ડીલ એટલે કે વ્યાપાર સોદાબાજી કરી રહ્યા છે.

અમેરિકાના પ્રમુખ બન્યા પછી તાત્કાલિક ટૅરિફ લાદવાની જાહેરાત કરનારા ટ્રમ્પે બ્રિટન (યુકે) અને ચીન સાથે ટ્રેડ ડીલ કરીને પહેલાં જ પીછેહઠ કરી લીધી છે. હવે ભારત સાથે ટ્રેડ ડીલ માટે મથી રહ્યા છે. ટ્રમ્પે બે એપ્રિલે વિશ્વભરના દેશો સાથે જેવા સાથે તેવા બનવાનું એલાન કરીને રેસિપ્રોકલ ટૅરિફ લાદ્યો હતો. મતલબ કે, અમેરિકાના માલ પર જે દેશમાં જેટલો ટૅરિફ હોય એટલો જ ટૅરિફ અમેરિકાએ એ દેશના અમેરિકામાં આવતા માલ પર ઠોકી દીધો હતો. આ રેસિપ્રોકલ ટૅરિફને પાછળથી ૯૦ દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યો હતો.

આ ૯૦ દિવસની સમયમર્યાદા નવ જુલાઈ, ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ રહી છે તેથી ટ્રમ્પ શું કરે છે તેના પર સૌની નજર હતી. ટ્રમ્પે એલાન કરી દીધું છે કે, અમેરિકા દ્વારા લદાયેલો વૈશ્વિક ટૅરિફ વધારો નવ જુલાઈથી નહીં પણ એક ઓગસ્ટથી અમલી બનશે. ટ્રમ્પનું એલાન એ વાતનો પુરાવો છે કે, ટ્રમ્પની ટૅરિફની ધમકીઓ પછી દુનિયાના દેશો બીજા રસ્તા શોધીને વ્યાપાર કરવા માંડ્યા તેમાં અમેરિકા ફફડી ગયું છે. ટ્રમ્પને એમ હતું કે, ટૅરિફના ડરે દુનિયાના દેશો અમેરિકાના પગ પકડી લેશે પણ એવું થયું નથી.

ટ્રમ્પે ટૅરિફ લાદ્યા પછી અમેરિકાના નાણાં મંત્રી સ્કોટ બેસન્ટે દાવો કરેલો કે, ૯૦ દેશો અમેરિકા સાથે વેપાર સોદો કરવા તૈયાર છે અને વ્હાઇટ હાઉસનું મેઇલ ઇનબોક્સ જુદા જુદા દેશોની ટ્રેડ ડીલ ઓફરોથી ભરેલું છે. ૧૦ એપ્રિલે અમે ટૅરિફ મોકૂફ રાખીને ૯૦ દિવસમાં ૯૦ દેશો સાથે ટ્રેડ ડીલનું ટાર્ગેટ નક્કી કરેલું. આ ટાર્ગેટ પૂરું થવામાં છે અને મોટાભાગના દેશો અમેરિકન શરતો સ્વીકારીને શક્ય તેટલી વહેલી તકે ડીલ કરવા તૈયાર છે.

હવે સ્કોટ બેસન્ટ શું કહે છે એ પણ સાંભળવા જેવું છે. બેસન્ટને હવે ડહાપણ આવ્યું છે કે, અમેરિકા માને છે કે કોઈપણ દેશ સાથેના ટ્રેડ ડીલના દરવાજા ક્યારેય બંધ ન થવા જોઈએ અને બે દેશો વચ્ચે હેલ્ધી ટ્રેડ એટલે કે સ્વસ્થ વ્યાપાર થવો જોઈએ. દુનિયાભરના દેશોને ધમકી આપનારું અમેરિકા હવે હેલ્ધી ટ્રેડનું જ્ઞાન પિરસી રહ્યું છે એ પાછળનું કારણ શું એ કહેવાની જરૂર નથી.

ટ્રમ્પે એવું એલાન પણ કર્યું છે કે, ભારત-અમેરિકા ટ્રેડ ડીલ થવાની તૈયારીમાં છે અને અમે ભારત સાથે ડીલ કરવાની બહુ નજીક છીએ. ભારત સાથે ટ્રેડ ડીલ ક્યાં સુધીમાં થઈ જશે તેની ચોખવટ ટ્રમ્પે કરી નથી પણ બે-ચાર દિવસમાં આ જાહેરાત થવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

આ ટ્રેડ ડીલ કયા પ્રકારનું હશે તેની ચોખવટ પણ નથી કરાઈ. ભારતે તો અમેરિકા સાથે મુક્ત વેપાર કરાર (FTA)ની તૈયારી પણ બતાવી છે પણ અમેરિકા તેના માટે તૈયાર નથી એ જોતાં ચોક્કસ સેક્ટર આધારિત ટ્રેડ ડીલ થશે પણ આ ડીલથી ભારત અને અમેરિકા બંનેને ફાયદો થશે તેમાં બેમત નથી.

અત્યારે બહાર આવેલી વિગતો પ્રમાણે અમેરિકા ભારતના કાપડ, દવાઓ, ઝવેરાત પર ટૅરિફ ઘટાડવા તૈયાર છે તેથી આ ઉત્પાદનોને અમેરિકન બજારમાં વધુ પ્રવેશ મળશે. અમેરિકા ૨૬ ટકા પારસ્પરિક ટૅરિફ દૂર કરે તેના કારણે ભારતીય નિકાસ સસ્તી થશે અને બીજા દેશોનાં ઉત્પાદનો સામે ભારત ટકી શકશે. સામે પેકન નટ્સ, બ્લૂબેરી અને ઓટોમોબાઇલ્સ જેવાં ઉત્પાદનોને ભારતમાં ઓછા ટૅરિફ પર વેચવાની તક મળશે તેથી અમેરિકાને ફાયદો થશે.

ભારત અને અમેરિકાની ટીમો વચ્ચે ટ્રેડ ડીલ અંગે વૉશિંગ્ટનમાં સતત વાટાઘાટો ચાલી રહી છે. લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે પણ કશું નક્કી થયું નથી તેનું કારણ ભારતનાં હિતો અંગે નરેન્દ્ર મોદી સરકારનું મક્કમ વલણ છે. અમેરિકા પોતાના કૃષિ અને ડેરી ઉત્પાદનોની આયાત પર ટૅરિફ ઘટાડીને તેમના માટે ભારતીય બજાર ખોલવાની માગ કરી રહ્યું છે. ઓટો સહિત અન્ય ક્ષેત્રોમાં તેના ટૅરિફ ઘટાડવાની માગ પણ કરી રહ્યું છે.

અમેરિકા ભારતને જીએમ પાક અને ડેરી ઉત્પાદનો વેચવા માગે છે પણ ભારત અમેરિકાનો માલ લેવા તૈયાર નથી. ભારત અને અમેરિકા વચ્ચે ટૅરિફ અંગે પણ મતભેદો છે. ભારત ઇચ્છે છે કે અમેરિકા ૨૬ ટકા પારસ્પરિક ટૅરિફ અને ૧૦% બેઝલાઇન ટૅરિફને સંપૂર્ણપણે નાબૂદ કરે પણ અમેરિકા ૧૦ ટકા ટૅરિફ નાબૂદ કરવા તૈયાર નથી. ભારતને ઝૂકાવવા માટે ટ્રમ્પે ધમકી આપેલી જે દેશો નવ જુલાઈ સુધીમાં અમેરિકા સાથે કરાર પર હસ્તાક્ષર નહીં કરે તેમણે આકરા ટૅરિફનો સામનો કરવો પડશે.

મોદી સરકાર કોઈ મુદ્દે નમતું જોખવા તૈયાર નથી અને ભારતે સ્પષ્ટ કર્યું કે કોઈ પણ દબાણ સામે ઝૂકશે નહીં. ભારત સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, કૃષિ અને ડેરી ક્ષેત્ર ખોલવામાં નહીં આવે કે ટૅરિફ ઘટાડવામાં પણ નહીં આવે. કૃષિ-ડેરી સેક્ટરમાં કરાર અને ટૅરિફ અંગે અમેરિકાની શરતો સ્વીકારવાના ભારતના સ્પષ્ટ ઈનકારના પગલે કોકડું ગૂંચવાયેલું છે.

મોદી સરકારનું વલણ યોગ્ય છે કેમ કે ભારતમાં કૃષિ અને ડેરી સેક્ટર પર કરોડો પરિવારો નભે છે. આ બંને સેક્ટર આજે પણ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. ભારતમાં સૌથી વધારે રોજગારી આપતાં આ બંને ક્ષેત્રોનાં હિતોનું રક્ષણ કરવું જરૂરી છે. ટૅરિફ ઘટાડીને અમેરિકાની કંપનીઓ માટે આ બંને સેક્ટર ખોલી દેવાય તો ભવિષ્યમાં કરોડો પરિવારો પર તેની ખરાબ અસર પડે. મોદી સરકાર એ નકારાત્મક અસર નથી પડવા દેવા માગતી તેથી અડી ગઈ છે. ટ્રમ્પે જાત જાતનાં નાટકો કરીને મોદી સરકારને ભીંસમાં લેવા પ્રયત્ન કર્યો પણ મોદી સરકારે મચક આપી નથી. ભવિષ્યમાં પણ મોદી સરકાર આ મક્કમ વલણ ચાલુ રાખશે એવી આશા રાખી શકાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, બુધવાર, તા. ૯–૭–૨૦૨૫, ભદ્રા પ્રારંભ
- ભારતીય દિનાંક ૧૮, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ–૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ–૧૪
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૪મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૮–૪૯ સુધી (તા. ૧૦), પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ સવારે ક. ૧૧–૩૬, રાત્રે ક. ૨૨–૫૫
- ઓટઃ સાંજે ક. ૧૭–૩૯ મધ્યરાત્રિ પછી ક. ૦૫–૦૮ (તા. ૧૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ શુક્લ – ચતુર્દશી. શિવશયન ચતુર્દશી (ઓરિસ્સા), મેલા જ્વાલામુખી (કાશ્મીર), ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૫–૩૬. સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુમાં વાહન અશ્વ.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, લક્ષ્મીનારાયણ પૂજા, સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, બુધ–કેતુ ગ્રહદેવતાનું પૂજન, તુલસીપૂજા, બી વાવવું, નિત્ય થતાં ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર–શનિ ચતુષ્કોણ નબળું સ્વાસ્થ્ય, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ કુટિલ ચિત્તવાળા, ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ બેપરવાહ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ ચતુષ્કોણ, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ (તા. ૧૦) ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૫ અંશ ૨ કળાના અંતરે રહે છે. ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૨૩ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય– મિથુન, મંગળ–સિંહ, બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ, શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# અમેરિકામાં ભારતીય પરિવારને કાળ ભરખી ગયોઃ અકસ્માત બાદ કાર સળગી ઊઠતાં ચારનાં મોત

ડલ્લાસઃ સોમવારે અમેરિકાના ડલ્લાસમાં એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ વેગે જતા એક ટ્રકે એક કારને ટક્કર મારી હતી, આ અકસ્માતમાં ભારતીય પરિવારના ચાર લોકાનાં મોત નિપજ્યા હતાં, મૃતકોમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે.

હૈદરાબાદના રહેવાસી યુગલ વેંકટ બેજુગમ ઉર્ફે શ્રી વેંકટ અને તેજસ્વિની ચોલેતી તેમના બે બાળકો સિદ્ધાર્થ અને મૃદા બેજુગમ સાથે યુ.એસ.માં વેકેશન ગાળવા ગયા હતાં, તેઓ ડલ્લાસમાં રોકાયા હતાં. તેમના સંબંધીઓને મળવા તેઓ કાર લઇને એટલાન્ટા ગયા હતાં, તેઓ ડલ્લાસ પરત ફરી રહ્યા હતાં ત્યારે આ માર્ગ અકસ્માત સર્જાયો હતો.

ઘટનાની જાણકારી મુજબ ગ્રીન કાઉન્ટી પાસે આ અકસ્માત સર્જાયો હતો. એક મિની-ટ્રક રોંગ સાઈડમાં પૂરપાટ વેગે આવી રહ્યો હતો, જે કાર સાથે અથડાયો હતો. આ ટક્કરને કારણે કારમાં આગ લાગી ગઈ. ભયાનક આગમાં કાર સંપૂર્ણ રીતે બળી ગઈ, મૃતદેહો પણ સપૂર્ણ રીતે સળગી ગયા. અધિકારીઓએ મૃતદેહોના અવશેષો ફોરેન્સિક એનાલિસિસ માટે મોકલી આપ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ફાયર બ્રિગેડ આગ બુઝાવે ત્યાં સુધીમાં મૃતદેહો સંપૂર્ણ રીતે સળગી ગયા હતાં, ફક્ત હાડકાં જ બચ્યા હતા. ડીએનએ ટેસ્ટની મદદથી ઓળખની પુષ્ટિ થયા બાદ, મૃતદેહના અવશેષો પરિવારને સોંપવામાં આવશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટીમ એઇડ નામની એક સંસ્થા અધિકારીઓ અને ભારતીય કોન્સ્યુલેટ સાથે મળીને મૃતદેહોને ભારત મોકલવા માટે કામ કરી રહી છે.

ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં યુએસમાં આવી જ ઘટના બની હતી. ટેક્સાસમાં એક ભારતીય મૂળના દંપતી અને તેમની પુત્રીનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું, જેમાં તેમનો કિશોર ઉંમરનો પુત્ર બચી ગયો હતો. સામેથી આવતા વાહન સાથે તેમની કાર અથડાતા કારમાં આગ લાગી ગઈ હતી. ■

# અમદાવાદ પ્લેન ક્રેશની તપાસ મામલે પ્રાથમિક અહેવાલ સરકારને સોંપાયો

અમદાવાદ : અમદાવાદમાં ૧૨ જૂનના રોજ બનેલી ભયાવહ પ્લેન ક્રેશની દુર્ઘટના મામલે ચાલી રહેલી તપાસનો પ્રાથમિક રિપોર્ટ નાગરિક ઉડ્ડયન મંત્રાલય સમક્ષ રજૂ કરવામાં આવ્યો હોવાના અહેવાલ મળ્યા છે. એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોએ એર ઇન્ડિયાના એઆઇ ૧૭૧ પ્લેન ક્રેશનો પ્રાથમિક રિપોર્ટ કેન્દ્ર સરકારને સોંપ્યો છે.

અમદાવાદમાં ૧૨ જૂન ગુરુવારના રોજ બપોરે ૧.૩૮ વાગ્યે એર ઇન્ડિયાની અમદાવાદથી લંડન જતી એઆઇ ૧૭૧ ફ્લાઇટે ઉડાન ભરી હતી, જેની બે મિનિટમાં જ ૧.૪૦ વાગ્યે જ વિમાન ધડાકાભેર બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલની ઇમારત સાથે અથડાયું હતું. જેમાં સવાર ૨૪૧ મુસાફરોએ જીવ ગુમાવ્યા હતા. એકમાત્ર મુસાફરનો આબાદ બચાવ થયો હતો. ઇમારતમાં ઉપસ્થિત અને આસપાસના અન્ય ૧૯ લોકો પણ માર્યા ગયા હતા. ■

# પર્યટકોને આકર્ષવા વિઝા ફ્રી ઍન્ટ્રીની મુદત લંબાવવાનો ચીનનો નિર્ણય

વૉશિંગ્ટનઃ પર્યટકોને આકર્ષવા વિઝા ફ્રી ઍન્ટ્રીની મુદત લંબાવવાના ચીને લીધેલા નિર્ણયને કારણે મોટા પ્રમાણમાં વિદેશી પ્રવાસીઓ ફરી ચીન તરફ આકર્ષાયા છે.

ચીનના આ નિર્ણયને કારણે ૭૪ દેશના નાગરિકોને વિઝા ફ્રી ઍન્ટ્રી આપવામાં આવશે અને તેઓ ૩૦ દિવસ સુધી ચીનમાં રહી શકશે.

પર્યટન ઉદ્યોગ અને દેશના અર્થતંત્રને વેગ આપવા ચીનની સરકાર વિઝા ફ્રી ઍન્ટ્રીની મુદત ધીરે ધીરે વધારી રહી છે.

નેશનલ ઈમિગ્રેશન એડમિનિસ્ટ્રેશનના જણાવ્યાનુસાર વિઝા ફ્રી ઍન્ટ્રીને કારણે વર્ષ ૨૦૨૪માં બે કરોડ કરતાં પણ વધુ વિદેશી પર્યટકોએ ચીનની મુલાકાતે આવ્યા હતા. આ સંખ્યા કુલ પર્યટકોની સંખ્યાના એકતૃતિયાંશ અને આગલા વર્ષના પર્યટકોની સંખ્યા કરતા બમણી હતી.

ચીનના આ નિર્ણયને કારણે પર્યટકોની વિઝાની જટીલ પ્રક્રિયામાંથી મુક્તિ મળી છે. કોવિડ-૧૯ દરમિયાન લાદવામાં આવેલા અંકુશો હળવાં કરી ચીને વર્ષ ૨૦૨૩માં તેની સરહદો ફરી પર્યટકો માટે ખુલ્લી મૂકી હતી, પરંતુ એ વરસે માત્ર ૧.૩૮ કરોડ પર્યટકો ચીન આવ્યા હતા જે સંખ્યા વર્ષ ૨૦૧૯ના ૩.૧૯ કરોડથી અડધા કરતાં પણ ઓછી હતી.

ડિસેમ્બર ૨૦૨૩માં ચીને ફ્રાન્સ, જર્મની, ઈટલી, નૅધરલૅન્ડ, સ્પૅન અને મલેશિયાના નાગરિકો માટે વિઝા ફ્રી ઍન્ટ્રીની જાહેરાત કરી હતી. ત્યાર બાદ યુરોપના તમામ દેશોને તેમાં આવરી લેવામાં આવ્યા હતા. (એજન્સી)■

# ઈઝરાયલ સાથેના યુદ્ધમાં ૧,૦૬૦ લોકોનાં મોતનો ઈરાનનો દાવો

દુબઈ : ઈરાનની સરકારે ઈઝરાયલ સાથેના યુદ્ધમાં ઓછામાં ઓછા ૧,૦૬૦ લોકોનાં મોત થયાં હોવાનું જણાવીને ચેતવણી આપી છે કે આ આંકડો વધી શકે છે.

ઈરાનના ફાઉન્ડેશન ઓફ માર્ટીયર્સ એન્ડ વેટરન્સ અફેર્સના વડા સઈદ ઓહાદીએ સોમવારે મોડી રાત્રે ઈરાની રાજ્ય ટેલિવિઝન પર પ્રસારિત થયેલા એક ઇન્ટરવ્યૂમાં આ આંકડો આપ્યો હતો.

ઓહાદીએ ચેતવણી આપી હતી કે કેટલાક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે તે જોતાં મૃત્યુઆંક ૧,૧૦૦ સુધી પહોંચી શકે છે.

યુદ્ધ દરમિયાન, ઈરાને ઈઝરાયલ દ્વારા દેશ પર ૧૨ દિવસના બૉમ્બમારાની અસરોને ઓછી આંકી હતી, જેના કારણે તેના હવાઈ સંરક્ષણને નુકસાન થયું હતું, લશ્કરી સ્થળોનો નાશ થયો હતો અને તેના પરમાણુ સુવિધાઓને નુકસાન થયું હતું. યુદ્ધવિરામ લાગુ થયા પછી, ઈરાન ધીમે ધીમે વિનાશની વાસ્તવિકતા સ્વીકારી રહ્યું છે, જોકે તેણે હજુ સુધી કહ્યું નથી કે તેણે કેટલી લશ્કરી સામગ્રી ગુમાવી છે.

વોશિંગ્ટન હ્યુમન રાઇટ્સ એક્ટિવિસ્ટ જૂથ, જેણે ઈરાનમાં અનેક તબક્કાની અશાંતિમાં થયેલા નુકસાનના વિગતવાર આંકડા પૂરા પાડ્યા છે, તેણે કહ્યું છે કે ૧૧૯૦ લોકો માર્યા ગયા છે, જેમાં ૪૩૬ નાગરિકો અને ૪૩૫ સુરક્ષા દળના સભ્યનો સમાવેશ થાય છે.

જૂથે જણાવ્યું હતું કે હુમલાઓમાં ૪૪૭૫ લોકો ઘાયલ થયા છે. ■

# આતંકવાદને ભંડોળ પૂરું પાડવા થઈ રહ્યો છે ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને ઑનલાઈન પેમેન્ટ સેવાનો દુરુઉપયોગઃ એફએટીએફ

નવી દિલ્હીઃ આતંકવાદને ભંડોળ પૂરું પાડવા ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને ઑનલાઈન પેમેન્ટ સેવાનો દૂરુઉપયોગ થઈ રહ્યો હોવાનું ફાઈનાન્શિયલ ઍક્શન ટાસ્ક ફૉર્સ (એફએટીએફ)એ મંગળવારે કહ્યું હતું.

આ માટે તેમણે સીઆરપીએફના ૪૦ જવાનનો ભોગ લેનારા વર્ષ ૨૦૧૯ના પુલવામા આતંકવાદી હુમલા અને વર્ષ ૨૦૨૨ના ગોરખનાથ મંદિરના બનાવને ટાંક્યો હતો.

એફએટીએફના જણાવ્યાનુસાર અનેક આતંકવાદી સંગઠનોને વિવિધ દેશની રાષ્ટ્રીય સરકાર તરફથી સતત આર્થિક તેમ જ અન્ય મદદ મળી રહી છે.

૨૬ જણનો ભોગ લેનારા પહલગામ આતંકવાદી હુમલાને વખોડી કાઢતાં એફએટીએફએ જૂનમાં કહ્યું હતું કે આર્થિક તેમ જ અન્ય સહાય વિના આ પ્રકારનો હુમલો શક્ય ન બની શકે.

ભારતમાં આતંકવાદી હુમલો કરવા જરૂરી ચાવીરૂપ ઈમ્પ્રુવાઈઝ્ડ ઍક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) માટેના એલ્યુમિનિયમ પાઉડર સહિતની સામગ્રી ઈપીઓએમ એમેઝોન મારફતે પ્રાપ્ત કરવામાં આવી હતી એમ જણાવતાં એફએટીએફએ કહ્યું હતું કે આતંકવાદીઓ દ્વારા ઈ-કોમર્સ પ્લેટફૉર્મ અને ઑનલાઈન પેમેન્ટ સેવાનો સતત દુરુપયોગ કરવામાં આવે છે.

આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ભંડોળ ઊભું કરવા, ટ્રાન્સફર કરવા અને તેની વ્યવસ્થા કરવા અવનવી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે જેથી કરીને શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને ટ્રાન્ઝેક્શનોને જલદીથી પકડી ન શકાય. (એજન્સી)■

# બિહારની મતદાર યાદીમાં ધરખમ સુધારાને મામલે ચૂંટણી પંચ પર પ્રહાર કરવા વિપક્ષ એકજૂટ થયો

નવી દિલ્હીઃ બિહારની મતદાર યાદીમાં કરવામાં આવેલા ધરખમ સુધારાને મામલે ચૂંટણી પંચ પર પ્રહાર કરવા વિપક્ષ એકજૂટ થયો હોવા વચ્ચે ચૂંટણી પંચના અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું કે આ કવાયત સર્વસમાવેશક છે.

મતદાર યાદીમાં કરવામાં આવેલા સુધારાને મામલે વિપક્ષે એમ કહીને ચૂંટણી પંચ પર આકરાં પ્રહાર કર્યા હતા કે મતદાર યાદીમાં કરવામાં આવેલા સુધારા કરોડો મતદારને તેમના મતાધિકારથી વંચિત કરશે.

ચૂંટણીગ્રસ્ત બિહારમાં મતદાર યાદીમાં તાજેતરમાં કરવામાં આવી રહેલા ધરખમ સુધારાને પડકારતી અરજીઓની ૧૦મી જુલાઈએ એકસાથે સુનાવણી હાથ ધરવાની સુપ્રીમ કોર્ટે સોમવારે સહમતી દર્શાવી હતી.

બિહારમાં આ વરસે ચૂંટણી યોજાય તે પહેલાં મતદાર યાદીમાં ધરમૂળથી સુધારા કરવાના ચૂંટણી સમિતિએ લીધેલા નિર્ણયને પડકારતી અરજી કોંગ્રેસ, એનસીપી (શરદ પવાર), શિવસેના (યુબીટી), સમાજવાદી પાર્ટી, જેએમએમ, સામ્યવાદી પક્ષ, માર્ક્સવાદી પક્ષ દ્વારા સુપ્રીમ કોર્ટમાં નવેસરથી દાખલ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટ વિપક્ષ અને ચૂંટણી પંચનું નવું યુદ્ધ મેદાન બની જોય તેવી સ્થિતિ નિર્માણ પામી હોવા વચ્ચે ચૂંટણી અધિકારીઓએ કહ્યું હતું કે નવી મતદાર યાદી સર્વસમાવેશક છે અને બિહરાના કુલ મતદારોના ૯૭.૪૨ ટકા એટલે કે ૭,૮૯,૬૯,૮૪૪ લોકોમાં આ માટેનાં ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### સ્કૂલ વૅનને

મયિલાદુથુરાઈ મુસાફર ટ્રેનની ઝપેટમાં આવી ગઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે સ્કૂલના વિદ્યાર્થીઓને લઇને જતી વાન ટક્કર બાદ રેલવે ક્રોસિંગથી દૂર ફેંકાઇ ગઇ હતી. લોકો પાઇલટે થોડા દૂર જઇને ટ્રેન રોકી હતી. પીળી સ્કૂલ વાનના ટ્રેનની ટક્કરમાં ટુકડા થઈ ગયા હતા. દક્ષિણ રેલવેએ ચેન્નઇમાં એક નિવેદનમાં કહ્યું હતું કે દુઃખદ વાત એ છે કે ત્રણ વિદ્યાર્થીઓનાં મોત થયા હતા અને એક વિદ્યાર્થી અને વાન ડ્રાઈવર ઘાયલ થયા હતા જેમને કડલૂરની સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માત સમયે વાનમાં ચાર વિદ્યાર્થીઓ અને ડ્રાઈવર હતા.

દક્ષિણ રેલવેએ જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે ''જ્યારે વાન ફાટક પર પહોંચી ત્યારે ફાટક બંધ હતું. શાળા પહોંચવામાં વિલંબ ન થાય તે માટે વાન ડ્રાઇવરે ગેટ ક્રોસ કરવાની પરવાનગી માગી હતી અને ગેટકીપરે નિયમો અને પ્રોટોકોલનું ઉલ્લંઘન કરી વાનને ફાટક ક્રોસ કરવાની મંજૂરી આપી હતી. ગેટકીપરે નિયમો મુજબ ગેટ ખોલવો જોઈતો ન હતો. ગેટકીપરને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે અને તેને નોકરીમાંથી કાઢી મૂકવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે અને આ ગુનાહિત બેદરકારી બદલ તેની સામે એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. ગેટકીપરની ધરપકડ કરવામાં આવી છે. દરમિયાન, ઇજાગ્રસ્તોમાં ધોરણ ૧૨ ના વિદ્યાર્થી વિશ્વાસ અને ડ્રાઇવર શંકરે દાવો કર્યો હતો કે ગેટ ખુલ્લો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે અકસ્માત જોયા પછી પીડિતોની મદદ કરવા આવેલા એક વ્યક્તિને ક્ષતિગ્રસ્ત વાયરથી કરંટ લાગ્યો હતો. તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તમિલનાડુના મુખ્ય પ્રધાન એમ કે સ્ટાલિને વિદ્યાર્થીઓના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું અને મૃતકોના પરિવારજનોને ૫ લાખ અને ગંભીર રીતે ઘાયલ લોકોને ૧ લાખ રૂપિયા અને સામાન્ય ઇજાગ્રસ્તોને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો છે. ■

### ભારત સાથે

પ્રમુખે જણાવ્યું હતું કે અમે ભારત, પાકિસ્તાન, સર્બિયા, કોસોવો, રવાંડા, કોંગો સાથે વેપાર-કરાર કરવા છેલ્લાં ત્રણ અઠવાડિયાંથી વાટાઘાટ કરી રહ્યા છીએ. તેમણે ફરી દાવો કરતા જણાવ્યું હતું કે મેં જ ભારત - પાકિસ્તાન જેવા ઘણાં મોટા યુદ્ધ અટકાવ્યાં હતાં. મેં વધારે ટૅરિફ લાદવાની ધમકી આપીને લડાઇ અટકાવી હતી. ભારત - પાકિસ્તાન વચ્ચે તો અણુ-યુદ્ધ થઇ શકત, પણ મારી દરમિયાનગીરીથી તે નહોતું થયું.

ટ્રમ્પે રશિયા - યુક્રેન વચ્ચેના યુદ્ધ માટે ઘણોખરો દોષ પોતાના પુરોગામી પ્રમુખ જૉ બાઇડનને દેતા જણાવ્યું હતું કે જો રશિયા - યુક્રેનના યુદ્ધના પ્રારંભ વખતે હું અમેરિકાનો પ્રમુખ હોત, તો તેને શરૂઆત પહેલાં જ અટકાવી દીધું હોત.

ટ્રમ્પે બાંગ્લાદેશ, બોસ્નિયા અને હર્ઝગોવિના, કમ્બોડિયા, ઇન્ડોનેશિયા, જાપાન, કઝાખસ્તાન, લાઓ પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિક, મલયેશિયા, સર્બિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, થાઇલૅન્ડ અને ટ્યૂનિશિયાને નવા ટૅરિફ-દરની જાણ કરતા પત્ર લખ્યા હતા. ટ્રમ્પે અનેક દેશ પર વધુ ટૅરિફ લાદવાની કરેલી જાહેરાતને લીધે વિશ્વભરના અનેક શૅરબજારમાં પ્રારંભમાં કડાકો બોલ્યો હતો. એસઍન્ડપી ૫૦૦ સ્ટૉક ઇન્ડેક્સ સોમવારે ટ્રેડિંગમાં ૦.૮ ટકા નીચે ગઇ હતી. (એજન્સી)■

### જાપાન, દક્ષિણ કોરિયા

સર્બિયા અને બાંગ્લાદેશ પર ૩૫ ટકા, ઇન્ડોનેશિયા પર ૩૨ ટકા, દક્ષિણ આફ્રિકા તેમ જ બોસ્નિયા અને હર્ઝગોવિના પર ૩૦ ટકા, કઝાખસ્તાન, મલયેશિયા અને ટ્યૂનિશિયા પર પચીસ ટકા ટૅક્સ લાદવામાં આવશે. વાઇટ હાઉસનાં પ્રેસ સેક્રેટરી કેરોલિન લિવિટે જણાવ્યું હતું કે ટ્રમ્પ અમેરિકા દ્વારા આયાત કરાતા વિવિધ દેશના માલસામાન પરના નવા ટૅક્સના દર પોતાની જાતે જ નક્કી કરી રહ્યા છે. અમેરિકાના પ્રમુખે પૃથ્વી પરના દરેક દેશ સાથે વેપાર કરવા માટેની ટૅરિફ નક્કી કરી છે.

ટ્રમ્પે પોતાના દ્વારા નક્કી કરાયેલા નવા ટૅરિફ-દરને લગતા પત્રો વિવિધ દેશના નેતાઓને મોકલવા ઉપરાંત પોતાના સોશિયલ મીડિયા પર પણ મૂક્યા હતા.

ટ્રમ્પ હાલમાં યુરોપિયન યુનિયનના સભ્ય દેશો અને ભારત સાથેના વેપારને લગતા કેટલાક મતભેદ દૂર કરવા પ્રયાસ કરી રહ્યા છે તેમ જ ચીન સાથે પણ આ મુદ્દે વધુ વાટાઘાટ ચાલી રહી હોવાનું કહેવાય છે. દરમિયાન, એશિયા સોસાયટી પોલિસી ઇન્સ્ટિટ્યૂટનાં ઉપપ્રમુખ વેન્ડી કટલરે જણાવ્યું હતું કે જાપાન અને દક્ષિણ કોરિયા પર લદાયેલો ઊંચો ઇમ્પોર્ટ ટૅક્સ ખેદજનક બાબત ગણાય. આ બન્ને દેશ જહાજના બાંધકામ, સૅમિકન્ડક્ટર્સ, મહત્ત્વની ખનિજ અને ઊર્જા જેવા ક્ષેત્રે તેમ જ આર્થિક બાબતોમાં અમેરિકાના અગત્યના ભાગીદાર છે. (એજન્સી)■

### કૈરોના ટેલિકોમના

નેશનલ કનેક્ટિવિટી સામાન્ય સ્તરના ૬૨ ટકા હતી. આ વિક્ષેપને લીધે હવાઈ પરિવહન પર પણ માઠી અસર પડી હતી. જોકે નાગરિક ઉડ્ડયન ખાતાએ કહ્યું હતું કે બધી અટકી ગયેલી ફ્લાઈટ રવાના થઈ ગઈ છે. ઈજિપ્ત શેર બજારનું ટ્રેડિંગ મંગળવારે બંધ થઈ ગયું હતું. સંદેશવ્યવહાર પ્રધાન અમર તલાટે એક નિવેદનમાં કહ્યું હતું કે બધી સંદેશવ્યવહાર સેવા ૨૪ કલાકની અંદર ચાલુ થઈ જશે. બધી સેવાઓને એક કરતાં વધારે સ્વિચ બોર્ડમાં ટ્રાન્સફર કરીને વૈકલ્પિક નેટવર્ક ઊભું કરાશે. (એજન્સી)■

### અમેરિકાના ટેક્સાસમાં

તણાઇ ગઇ હતી. કેટલાક ઝાડ પર ચઢી ગયા હતા જેના કારણે તેમનો જીવ બચી ગયો હતો. ગાદલા, રેફ્રિજરેટર અને કુલર અને ઝાડના ઢગલા નદી કિનારે એકઠા થયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ટ્રેવિસ, બર્નેટ, કેન્ડલ, ટોમ ગ્રીન અને વિલિયમસન કાઉન્ટીમાં ૧૯ લોકોનાં મોત થયા છે. ■

## ગ્રામીણ સ્વ સહાય જૂથ-સખી મંડળોને લોન-ધિરાણ આપવાની પ્રક્રિયા સહકારી બેંકો વેગવાન બનાવે: ભૂપેન્દ્રભાઈ પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યની કો-ઓપરેટીવ બેંકોને ગ્રામીણ સ્વ સહાય જૂથ સખી મંડળો લોન-ધિરાણ આપવાની પ્રક્રિયામાં સરળતા સાથે વધુ ગતિ લાવવાનો અનુરોધ કર્યો હતો. મુખ્ય પ્રધાને ગાંધીનગરમાં સહકારી બેંકોના અધ્યક્ષો અને ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની તથા મહિલા-બાળ વિકાસ, ગ્રામ વિકાસ વિભાગના સિનિયર અધિકારીઓની સમીક્ષા બેઠકના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતાં આ અનુરોધ કર્યો હતો. મુખ્ય પ્રધાને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, સ્વ સહાય જૂથો એવા નાના વ્યવસાય-રોજગાર કરનારા જૂથો હોય છે કે તેમને સહકારી બેંકો જેટલું વધુ ધિરાણ આપે તેટલું ઉત્તમ કામ સેલ્ફ હેલ્પ ગ્રુપ કરી શકે. રાજ્યમાં ખેતી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૧.૭૬ લાખ, ઉત્પાદક અને વેપાર સાથે જોડાયેલા ૧૬૬૦૮ તથા અન્ય આજીવિકા સાથે જોડાયેલા ૬૯૭૩ મળીને સમગ્રતયા ૨.૮૪ લાખ ગ્રામીણ સ્વ સહાય જૂથો કાર્યરત છે.

આ સ્વ સહાય જૂથોને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન એનઆરએલએમ અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વધુમાં વધુ ૨૦ લાખ સુધીની લોન આપવાની જોગવાઈઓ છે. રાજ્ય સરકારની ગુજરાત લાઇવલી પ્રમોશન કંપની આ હેતુસર ગ્રામીણ સ્વ સહાય જૂથોને લોન -ધિરાણ મેળવવામાં મદદરૂપ થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૫-૨૬ના આ વર્ષમાં ૮૮૨૦૦ સ્વ સહાય જૂથોને ૧૨૪૦ કરોડના ધિરાણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે તેમાંથી ૧૩ હજારથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને ધિરાણ આપી દેવામાં આવ્યા છે. આ સમીક્ષા બેઠકમાં પ્રેઝન્ટેશન દરમિયાન જણાવવામાં આવ્યું હતું. ■

## ગુજરાતમાં ૫૦ ટકાથી વધુ વિસ્તારમાં ચોમાસું- ખરીફ વાવેતર પૂર્ણ: કચ્છમાં સૌથી વધુ ૫૬ ટકા વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ચાલુ ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૭ જુલાઈ ૨૦૨૫ની સ્થિતિએ જગતના તાત એવા ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં ૫૦.૩૨ ટકા વિસ્તારમાં ખરીફ -ચોમાસું વાવણી પૂર્ણ કરી દેવામાં આવી છે.જેમાં સૌથી વધુ ૧૭.૫૯ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રાજ્યભરમાં બીજા ક્રમે ૧૭.૧૦ લાખ હેક્ટર વિસ્તારમાં કપાસ જ્યારે ૩.૧૦ લાખ હેક્ટરમાં ઘાસચારો,૧.૫૮ લાખ હેક્ટરમાં સોયાબીન,૧.૦૩ લાખ હેક્ટરમાં શાકભાજી તેમજ ૮૦ હજાર હેક્ટરમાં મકાઈનું વાવેતર કરવામાં આવ્યું છે. આ સિવાય મુખ્યત્વે પાકમાં બાજરી, ડાંગર, તુવેર, મગ, મઠ, એરંડા, ગવાર અને જુવાર એમ અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૪૩.૦૫ લાખ હેક્ટર વિસ્તારમાં એટલે કે ૫૦.૩૨ ટકા વિસ્તારમાં ખરીફ વાવણી પૂર્ણ કરવામાં આવી છે તેમ,કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું છે.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-, ગાંધીનગરના અહેવાલ મુજબ ચોમાસાની સિઝનમાં રાજ્યમાં સરેરાશ ૪૬.૮૯ ટકાની સામે કચ્છમાં સૌથી વધુ ૫૬ ટકા વરસાદ થયો છે.આ સિવાય દક્ષિણ ગુજરાતમાં ૫૧.૧૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૫.૯૨ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૨૯ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૪૧.૬૨ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ચાલુ સિઝનમાં રાજ્યના ૪૨ તાલુકામાં સરેરાશ ૪૦ ઇંચ સુધી, ૧૫ તાલુકામાં ૮૦ ઇંચ સુધી જ્યારે ૧૨૬ તાલુકાઓમાં સરેરાશ ૧૦ થી ૨૦ ઈંચ સુધી વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. વધુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના ૩૪ ડેમ હાઈએલર્ટ, ૨૦ એલર્ટ ૧૯ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૪૮.૨૧ ટકા જેટલો જળસંગ્રહ ઉપલબ્ધ છે. ■

## અમદાવાદમાં સર્વત્ર ખાડાનું સામ્રાજ્ય: શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૬૦૦થી વધુ ખાડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં વર્ષ ૨૦૧૭માં ભારે વરસાદના કારણે રૂપિયા ૪૦૦ કરોડના રસ્તા તૂટી ગયા હતા. આઠ વર્ષ પહેલા સર્જાયેલી સ્થિતિ ફરી એક વખત જોવા મળી રહી છે. શહેરમાં એક મહિનામાં ૧૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. શહેરના પાલડી, નારણપુરા, નવરંગપુરા ઉપરાંત ઘાટલોડિયા અને ચાંદલોડિયા સહિતના વિસ્તારમાં સૌથી વધુ ૧૬૦૦થી વધુ ખાડા પડ્યા છે. નવાઈની વાત એ છે કે કેટલાક વિસ્તારના રસ્તાઓ ઉપર પડેલા ખાડા પુરાયા પછી ફરી વરસાદ પડતા ફરી એ જ સ્થળે ખાડા પડે છે. લોકોને પડતી હાલાકીની કોર્પોરેશનના અધિકારીઓને બેફિકર છે. શહેરના સૌથી વધુ વિકસિત એવા એલિસબ્રિજ, પાલડી, વાસણા, નારણપુરા, નવરંગપુરા હોય કે નવા વાડજ, રાણીપ અથવા તો ચાંદખેડા આ તમામ વિસ્તારોમાં એક મહિનામાં ૧૬૧૩ ખાડા અને ૧૧૩ ભૂવા મળી કુલ ૧૭૬૫ ખાડા પડ્યા હતા, તે તમામ માર્ગોનું સમારકામ કરી દેવાયું હોવાનુ સત્તાવાર સૂત્રો જણાવી રહ્યા છે. ઉત્તર-પશ્ચિમ ઝોનમાં આવતા બોડકદેવ, થલતેજ ઉપરાંત ઘાટલોડિયા, ચાંદલોડિયા સહિત અન્ય વિસ્તારના રોડ પર ૬૪૮ ખાડા પડ્યા હતા અને તેનું પણ સમારકામ ચાલુ હોવાનું કહેવાય છે. ગત સપ્તાહે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં મળેલી અધિકારીઓ સાથેની બેઠકમાં તેમણે શહેરના વિવિધ રોડ ઉપર પડેલા ત્રણ હજારથી પણ વધુ ખાડા ત્રણ દિવસમાં પૂરવાની સૂચના આપી હતી. આ પછી તમામ વિસ્તારમાં રસ્તા પર પડેલા ખાડા પૂરવાની શરૂઆત કરાઈ છે. જો કે, ખાડામાં યોગ્ય પુરાણ કરવામાં આવતું નહીં હોવાથી ફરી એ જ સ્થળે ખાડા પડી જતા હોય છે. ■

## ગુજરાતમાં કમર્શિયલ રિયલ્ટી માર્કેટમાં ધૂમ તેજી, ૨૦૨૪-૨૫માં ૨૪૫ નવા પ્રોજેક્ટ્સ લોન્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં એક તરફ હાઉસિંગ માર્કેટ મંદીમાં ચાલી રહ્યું છે, અને અડધો અડધ સ્કીમ્સ વેચાયા વગરની પડી રહી છે, ત્યાં બીજી તરફ કોમર્શિયલ પ્રોજેક્ટ્સમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. છેલ્લા કેટલાંક વર્ષથી કોમર્શિયલ રિયલ એસ્ટેટ સેક્ટરમાં વોલેટિલિટી રહી હતી પરંતુ હવે તેમાં ગતિ આવી છે, મળતી વિગતો મુજબ, વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાં ૨૪૫ નવા કોમર્શિયલ પ્રોજેક્ટ્સ શરૂ થયા છે, જે ૨૦૧૯-૨૦ બાદ સૌથી વધારે છે. ૨૦૧૯-૨૦માં ૨૬૯ નવા કોમર્શિયલ પ્રોજેક્ટ શરૂ થયા હતા. આ ઉપરાંત કોવિડ બાદ કોમર્શિયલ યુનિટના રજિસ્ટ્રેશનમાં પણ ઉછાળો આવ્યો છે, અને લેટેસ્ટ ગુજરેરા રિપોર્ટ પ્રમાણે ૩૧,૫૨૦ યુનિટ લોન્ચ થયા છે.૨૦૨૦-૨૧માં જ્યારે કોવિડ તેની ટોચ પર હતો ત્યારે કોમર્શિયલ પ્રોજેક્ટમાં ૫૮ ટકાનો ઘટાડો થયો હતો, કેમ કે ત્યારે લોકડાઉન હતું અને વર્ક ફ્રોમ હોમનું ચલણ હતું, જેને લીધે ડિમાન્ડ પણ ઘટી ગઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોવિડ દરમિયાન એન્ટરટેઈન્મેન્ટ, ફૂડ, જિમ અને ટ્યુશન ક્લાસિસ જેવા સેક્ટરને સૌથી મોટો ફટકો પડ્યો હતો, અને તેને લીધે ઓફિસની ડિમાન્ડમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. જેને લીધે કોવિડ દરમિયાન અને ત્યારબાદ નવા કોમર્શિયલ પ્રોજેક્ટના લોન્ચમાં પણ ઘટાડો થયો હતો. જોકે, હવે ડિમાન્ડ વધી છે, અને છેલ્લા એક વર્ષમાં સમગ્ર ગુજરાતમાં નવા કોમર્શિયલ પ્રોજેક્ટ્સ શરૂ થયા છે.

કોમર્શિયલ પ્રોજેક્ટ્સમાં આવેલી રિકવરીમાં ગ્રીન કન્સ્ટ્રક્શન પણ એક મોટું ફેક્ટર રહ્યું છે. મોટા શહેરોમાં ૪૦થી ૫૦ ટકા કોમર્શિયલ પ્રોજેક્ટ્સ હવે ગ્રીન બિલ્ડિંગ્સ હોય છે, અને રાજ્ય સરકારે આપેલી કેટલીક રાહતને લીધે બિલ્ડર્સ પણ ગ્રીન બિલ્ડિંગ્સ તરફ શિફ્ટ થઈ રહ્યા છે.

ગ્રીન બિલ્ડિંગ્સમાં ઈલેક્ટ્રિસિટીની ૩૦ ટકા તેથી તેનાથી વધુની બચત થતી હોવાના કારણે બાયર્સ પણ તેના તરફ વળ્યા છે.

ગુજરેરાના જણાવ્યા પ્રમાણે ૨૦૧૮-૧૯માં ગુજરાતમાં કોમર્શિયલ લોન્ચ સ્થિર ગતિએ વધી રહ્યો હતો પરંતુ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ એમ બંને વર્ષોમાં તેમાં -૩૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે ૨૦૨૦-૨૧માં ઈન્વેસ્ટમેન્ટ - ૬૩.૯ ટકા નોંધાયું હતું. જોકે, ૨૦૨૧-૨૨માં તેમાં ઉછાળો

આવ્યો હતો અને ૪૩ ટકા વધારો થયો હતો. જ્યારે ૨૦૨૩-૨૪મા આ ગ્રોથ યથાવત રહ્યો હતો અને ૬૮.૨ ટકા જ્યારે ૨૦૨૪-૨૫માં ૧૫.૬ ટકાનો ઉછાળો આવ્યો હતો. ૨૦૨૪-૨૫માં એકલા અમદાવાદમાં જ ૭૨ કોમર્શિયલ પ્રોજેક્ટ્સ રજિસ્ટર્ડ થયા છે, જેનાથી ૩૩૯૪ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ થશે.

જેમ-જેમ કોમર્શિયલ પ્રોજેક્ટ્સની સંખ્યા વધી રહી છે તેમ તેમ તેના ભાવમાં પણ વધારો થયો છે. ગુજરેરાના રિપોર્ટ પ્રમાણે ૨૦૧૭-૧૮માં એક કોમર્શિયલ યુનિટની એવરેજ પ્રાઈસ ૩૪ લાખ રૂપિયા હતી પરંતુ ૨૦૨૨-૨૩માં તે ઘટીને ૨૫ લાખ રૂપિયા થઈ ગઈ હતી. ૨૦૨૩-૨૪માં ડિમાન્ડમાં વધારો થતાં પ્રતિ યુનિટની પ્રાઈસ વધીને ૪૪ લાખ પર પહોંચી હતી અને ૨૦૨૪-૨૫માં ૪૦ લાખ રૂપિયા પર સેટલ થઈ હતી. ■

## ચાલુ સિઝનમાં ગુજરાતમાં ૧૫ તાલુકામાં ૮૦ ઇંચ સુધી વરસાદ: દક્ષિણ ગુજરાત પર ફરી મેઘરાજા મહેરબાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા ૧૨ કલાકમાં ૧૦૩ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. દક્ષિણ ગુજરાત પર ફરી મેઘરાજા મહેરબાન થયા હતા. તાપીના કુકરમુંડામાં ૨.૪ ઇંચ, નિઝરમાં ૧.૯૭ ઇંચ, ઉમરપાડામાં ૧.૫૭ ઇંચ, સાગબારામાં ૧.૪૬ ઇંચ, જામનગરમાં ૧.૦૬ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં છેલ્લા ૧૨ કલાકમાં એક તાલુકામાં બે ઇંચથી વધારે, ચાર તાલુકામાં એક ઇંચથી વધારે વરસાદ વરસ્યો હતો. ૯૮ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

ઉપરાંત ચાલુ સિઝનમાં રાજ્યના ૪૨ તાલુકામાં સરેરાશ ૪૦ ઇંચ સુધી, ૧૫ તાલુકામાં ૮૦ ઇંચ સુધી જ્યારે ૧૨૬ તાલુકાઓમાં સરેરાશ ૧૦ થી ૨૦ ઇંચ સુધી વરસાદ વરસ્યો હતો.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર મુજબ ચોમાસાની સિઝનમાં રાજ્યમાં સરેરાશ ૪૬.૮૯ ટકાની સામે કચ્છમાં સૌથી વધુ ૫૬ ટકા વરસાદ થયો છે. આ સિવાય દક્ષિણ ગુજરાતમાં ૫૧.૧૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૫.૯૨ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૨૯ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૪૧.૬૨ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના ૩૪ ડેમ હાઈ એલર્ટ, ૨૦ એલર્ટ ૧૯ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૪૮.૨૧ ટકા જેટલો જળસંગ્રહ ઉપલબ્ધ છે.

ચાલુ વર્ષે ચોમાસાની સિઝનમાં સ્થાનિક વહીવટી તંત્ર, એનડીઆરએફ અને એસડીઆરએફ દ્વારા અત્યાર સુધીમાં ૧૦ જિલ્લામાંથી ૪,૨૭૮ નાગરિકોનું સલામત સ્થળાંતર જ્યારે ૬૮૫નું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. રાજ્યમાં હાલ મોટાભાગના રોડ-રસ્તા તેમજ એસ.ટી બસના રૂટ કાર્યરત છે.

## સુરત એરપોર્ટ પર ઈન્ડિગોની ફ્લાઈટ પર મધમાખીઓનો હુમલો: સુરત-જયપુર ફ્લાઇટ ૪૫ મિનિટ મોડી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મધમાખીઓનું ઝુંડ ધસી આવ્યું હતું. જે સુરતથી જયપુરની ફ્લાઈટના લગેજ ડોર ઉપર બેસી ગયું હતું. જેને પગલે એરપોર્ટના ગ્રાઉન્ડ સ્ટાફમાં ભાગદોડ મચી હતી. ઘટનાને પગલે ફ્લાઈટ ૪૫ મિનિટ લેઈટ થતા મુસાફરો અકળાઈ ગયા હતા.

સુરતથી જયપુરની ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઇટ સોમવારે સાંજે ૪:૨૦ વાગ્યે ટેકઓફ થવાની હતી. જોકે, તે પહેલા અચાનક મધમાખીઓનું ઝુંડ એરપોર્ટ પરિસરમાં ધસી આવ્યું હતું અને પ્લેનના લગેજ ડોર ઉપર બેસી ગયું હતું. જેથી ડોર બંધ કરી શકાય તેમ નહોતું. મધમાખીઓના કારણે એરપોર્ટના ગ્રાઉન્ડ સ્ટાફ તેમજ ઓપરેટિંગ સ્ટાફમાં ભાગદોડ મચી હતી. એરપોર્ટના મુસાફરોને પણ આ અંગે જાણ થતા ઉચાટ ફેલાયો હતો.

મધમાખીને ભગાડવા માટે ધુમાડો કરવામાં આવ્યો હતો. પણ તેની કોઈ અસર થતી જણાઈ નહોતી. જેથી એરપોર્ટના ફાયર વિભાગને જાણ કરાતા ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. ત્યારે ધીમેધીમે મધમાખીઓ અહીંથી દૂર થઈ હતી. આ બધી પ્રક્રિયામાં ફ્લાઇટ ૪૫ મિનિટ મોડી ઊપડી હતી. મુસાફરો વિમાનમાં ગોંધાઈને અકળાઈ ગયા હતા. સુરત એરપોર્ટ પર પક્ષી, ભેંસ ધસી આવવાની ઘટનાઓ બની ચુકી છે. પરંતુ મધમાખીઓનું ઝુંડ ધસી આવ્યું હોય અને વિમાનના ડોર ઉપર ચોંટી ગયું હોય તેવી આ પહેલી ઘટના છે. ■

## સુરતમાં જ્વેલર્સની ગોળી મારી હત્યા: એક લૂંટારું ઝડપાયો, ત્રણ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરના સચિન વિસ્તારમાં આવેલા જવેલર્સમાં ચાર લૂંટારુઓ હથિયારો સાથે ઘૂસીને લૂંટનો પ્રયાસ કર્યો હતો. અજાણ્યા લૂંટારા દ્વારા ગોળીબાર કરતા દુકાનના માલિકનું મોત નિપજ્યું હતું. આ ઘટનાએ શહેરના કાયદો અને વ્યવસ્થા પર સવાલો ઊભા કર્યા હતા. ઘટનાની જાણ સ્થાનિકોને થતા લોકો એકઠા થયા હતા અને આરોપીઓને માર માર્યો હતો, જ્યારે ત્રણ લૂંટારા ફરાર થયા હતા.

નાયબ પોલીસ અધિક્ષક નિરવ ગોહિલે જણાવ્યું હતું કે, સોમવારે રાત્રે બનેલી ઘટના બાદ ત્રણ લૂંટારુઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા, જ્યારે એકને સ્થાનિકો દ્વારા થોડી પીછો કર્યા બાદ પકડી પાડવામાં આવ્યો હતો અને પોલીસને સોંપવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ચાર સશસ્ત્ર લૂંટારુઓ રાત્રે ૮.૩૦ વાગ્યાની આસપાસ સચિન વિસ્તારમાં શ્રીનાથજી જ્વેલર્સના શોરૂમમાં પ્રવેશ્યા હતા. ગોહિલે જણાવ્યું હતું કે, જ્યારે શોરૂમના માલિક આશિષ રાજપારાએ લૂંટેલા કિંમતી સામાન સાથે ભાગી જવાનો પ્રયાસ કરતા તેમને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે લૂંટારુઓએ તેમના પર ગોળીબાર કર્યો હતો. રાજપારાને છાતીમાં બે ગોળી વાગી હતી અને તેમને હૉસ્પિટલમાં દાખલ કર્યાના થોડા સમય બાદ તેમનું મૃત્યુ થયું હતું. જ્યારે સ્થાનિકોએ લૂંટારુઓનો પીછો કરવાનું શરૂ કર્યું, ત્યારે લૂંટારુઓએ તેમના પર ગોળીબાર કર્યો. નાઝીમ શેખ નામના એક વ્યક્તિને પગમાં ગોળી વાગી હતી, થોડી પીછો કર્યા બાદ, લોકો એક આરોપીને પકડવામાં સફળ રહ્યા હતા જ્યારે અન્ય ત્રણ ભાગી છૂટ્યા હતા. ગોહિલે જણાવ્યું હતું કે, પકડાયેલા લૂંટારાને પોલીસને સોંપતા પહેલા સ્થાનિકો દ્વારા માર મારવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, લોકોથી બચવા માટે, અન્ય ત્રણ લૂંટારુઓ ભાગતા પહેલા શોરૂમ પાસે કિંમતી સામાન ભરેલી એક બેગ છોડી ગયા હતા અને સ્થાનિકોએ તે દુકાન માલિકના પરિવારને પરત કરી હતી.પોલીસે આરોપીઓને ઝડપી પાડવી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી હતી. ■

## સુરતમાં દવા છાંટવા ડ્રોનનો ઉપયોગ કરાશે: ૧૧૫ સ્થળ શોધવામાં આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વરસાદ બાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. શહેરની ખાનગી, સરકારી હૉસ્પિટલો દર્દીઓથી ઊભરાઈ રહી છે. સુરતમાં રોગચાળાને નાથવા મ્યુનિસિપલ કોર્પોરેશને નવી પહેલ કરી છે. જે મુજબ જ્યાં કર્મચારીઓ પહોંચી ન શકે તેવી જગ્યાએ ડ્રોનથી દવાનો છંટકાવ કરવામાં આવશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે ડ્રોનનો ઉપયોગ કરીને દવાનો છંટકાવ શરૂ કર્યો છે. શહેરની અંદર ઘણા એવા વિસ્તારો છે, જ્યાં ફિઝિકલી કર્મચારીઓ દ્વારા પહોંચવું મુશ્કેલ બની જાય છે ત્યાં ડ્રોનથી કામગીરી કરાશે. ચોમાસા દરમિયાન શહેરની બહારના વિસ્તારોમાં મોટેભાગે આ મુશ્કેલી જોવા મળે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આરોગ્ય વિભાગ દ્વારા આ વર્ષે ડ્રોનનો ઉપયોગ શરૂ કર્યો છે, જે ખૂબ જ મદદરૂપ થઈ રહ્યો છે. ઘણી જગ્યાએ વ્યક્તિ સાફ-સફાઈની કે દવા છાંટવાની કામગીરી કરી શકતી નથી ત્યાં ડ્રોન ખૂબ સારી રીતે કામ કરી શકે છે. કતારગામ, સેન્ટ્રલ ઝોન અને સરથાણા ઝોનમાં હાર્ડ રિચ પોઇન્ટ છે, ત્યાં કામગીરી કરવામાં આવી છે. ૧૧૫ જેટલાં લોકેશન ટ્રેસ કરવામાં આવ્યાં છે, જેમાં ૧૦ કરતાં વધારે લોકેશન ઉપર કામગીરી પૂર્ણ કરી છે અને આ કામગીરી ચોમાસા દરમિયાન ચાલુ રહેશે. ■

## ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પહેલું રાજ્ય: દરિયાકાંઠાનો લાભ ઉઠાવીને ક્રૂઝ ટૂરિઝમને પ્રોત્સાહન અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય બની ગયું છે. આ સાથે ભારતમાં વિશ્વ કક્ષાનો ક્રૂઝ પ્રવાસન ઉદ્યોગ વિકસાવવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાતે મહત્ત્વનું સીમાચિહ્ન હાંસલ કર્યું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યએ ૨,૩૪૦ કિમીના દરિયાકિનારા અને સાબરમતી, નર્મદા જેવી નદીઓના વ્યૂહાત્મક મહત્ત્વને ઓળખીને રાષ્ટ્રીય ક્રૂઝ એજન્ડાને આકાર આપવામાં સક્રિય ભૂમિકા ભજવી છે. ક્રૂઝ ભારત મિશન માટે ક્રૂઝ શિપિંગ પોલિસીની રૂપરેખા નક્કી કરવાના ઉદ્દેશથી ગુજરાત મેરીટાઇમ બૉર્ડે ૬ મેએ એક-દિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું, જેમાં વિવિધ હિતધારકોએ હાજરી આપી હતી.

વર્કશોપના પ્રથમ સત્રમાં મેરીટાઇમ અને ટૂરિઝમ નિષ્ણાતોની ઉપસ્થિતિમાં નીતિ અને માળખાગત સુવિધા-ભારતમાં ક્રૂઝ ક્ષેત્રના વિકાસ માટે પાયો નાખવો એ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ઇન્ડિયન પોર્ટ્સ એસોસિએશનના સલાહકાર શ્રી રાજીવ જલોટાએ ક્રૂઝ ભારત મિશન હેઠળ વ્યૂહાત્મક લક્ષ્યોની રૂપરેખા આપી હતી. મુંબઈ પોર્ટ ઑથોરિટીના અધ્યક્ષ સુશીલ કુમાર સિંહે બંદરોની તૈયારી અને સ્પષ્ટ બર્થિંગ પોલિસીની જરૂરિયાત પર ચર્ચા કરી હતી. એફઆરઆરઓ કોચીનના કૃષ્ણરાજ આર. એ ઇમિગ્રેશન અને દરિયા કિનારાની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જ્યારે ગોવા ઇન્ટરનેશનલ ક્રૂઝ ટર્મિનલના સીઈઓ ગૌતમ ડે એ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ્સ અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂક્યો હતો.

ગુજરાતનો રોડમેપ રજૂ કરતાં રાજકુમાર બેનીવાલે રોકાણને અનુરૂપ પોલિસીઓ બનાવીને વિશ્વ કક્ષાના ક્રૂઝ ટર્મિનલ માટે રાજ્યની યોજના વિશે માહિતી આપી હતી. ગુજરાત ટૂરિઝમના મેનેજિંગ ડિરેક્ટર સાઇદિંગપુઈ છાકછુઆકએ મુસાફરો માટે ક્રૂઝ-રેડી સ્થળો અને ઓનશોર પ્રવાસન વિકસાવવા માટેની વ્યૂહરચના રજૂ કરી હતી. કૃષ્ણરાજ આર. એ કાર્યક્ષમ ઇમિગ્રેશન પ્રક્રિયાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને પ્રવાસીઓના સંચાલનને સુવ્યવસ્થિત કરવા માટે ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગની ભલામણ કરી હતી.

બંદરો અને પરિવહન વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે ગુજરાતને એક અગ્રણી ક્રૂઝ હબ તરીકે સ્થાપિત કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યનો વ્યાપક અભિગમ, તેની માળખાગત સુવિધાઓ, નીતિ અને પ્રવાસન વિકાસ અન્ય રાજ્યો માટે એક ઉદાહરણ સ્થાપિત કરશે.

ત્યારબાદ વર્કશોપના પ્રશ્નોત્તરી સત્ર દરમ્યાન સહભાગીઓએ રાજ્ય માટે એક મજબૂત ક્રૂઝ નીતિ બનાવવા સંદર્ભે તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. તો પેનલ સત્રમાં પેનલિસ્ટોએ હાલના પડકારોને સંબોધીને ભવિષ્યમાં ક્રૂઝ ક્ષેત્રે રહેલી સંભાવનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સત્ર સહભાગીઓ અને ઉદ્યોગના દિગ્ગજો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન કરવા માટે મહત્વનું માધ્યમ બન્યું હતું.

ક્રૂઝ ભારત મિશનના ભાગ રૂપે, ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રૂઝ સર્કિટનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમાં દીવ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, જામનગર, ઓખા અને પડાલા ટાપુ જેવાં મુખ્ય સ્થળો તેમજ કાર્યરત ઘોઘા-હઝીરા રો-પેક્સ સેવાનો પણ સમાવેશ થાય છે. ■

## આજે બેંકો બંધ રહેશે: ગુજરાતના ૨૦ હજાર કર્મચારીઓ હડતાળમાં જોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્ર સરકારની નીતિઓ કામદાર વિરોધી અને કોર્પોરેટ સમર્થક હોવાના આરોપ સાથે આવતી કાલે ૯ જુલાઈના રોજ સમગ્ર દેશમાં બેંકોની હડતાળનું એલાન આપવામાં આવ્યું છે. આ હડતાળમાં ગુજરાતના અંદાજે ૨૦ હજાર કર્મચારીઓ જોડાશે. હડતાળના કારણે કરોડો રૂપિયાના આર્થિક વ્યવહારો ખોરવાશે.

આવતીકાલે દેશ ભરમાં ટ્રેડ યુનિયનો દ્વારા ભારત બંધનું એલાન જાહેર કરાયુ છે. કેન્દ્રીય ટ્રેડ યુનિયનોએ ભારત બંધનું એલાન આપ્યું છે. આ બંધમા સરકારી બેંકોના કર્મચારીઓ પણ જોડાશે. આ ઉપરાંત સરકારી વીમા કંપની અને પોસ્ટના કર્મચારીઓ પણ જોડાશે. ૯ જુલાઈએ બેંક કર્મચારીઓ તેમની પડતર માગો મુદ્દે હડતાળ પર ઉતરશે. પબ્લિક સેક્ટરની બેંકમાં ભરતી કરવી, લાઈફ ઈનસ્યુરન્સ અને મેડિકલેમમાંથી જીએસટી દૂર કરવું, નેશનલ બેંકનું ખાનગીકરણ અટકાવવા ઉપરાંત કોર્પોરેટ બેડ લોન સામે કાર્યવાહી કરવાની માગ સહિતના મુદ્દે હડતાળ પાળશે.

ગુજરાતના ૨૦ હજાર બેંક કર્મચારીઓ આ હડતાળમાં જોડાશે. બેંકોની હડતાળથી ગુજરાતના ૧૫૦૦૦ કરોડના ટ્રાન્ઝેક્શન અસર પડશે. બેંક કર્મચારીઓ ૯ જુલાઈના રોજ સેન્ટ્રલ ટ્રેડ યુનિયન દ્વારા આપવામાં આવેલા અખિલ ભારતીય હડતાળમાં જોડાશે. તે ઉપરાંત ફેડરલ બેંક, કરુર વૈશ્ય બેંક, આઈડીબીઆઈ બેંકના ખાનગી ક્ષેત્રના બેંક કર્મચારીઓ પણ હડતાળમાં ભાગ લેશે. ■

## વિજાપુરના ૯૨ ખેડૂતોના નવ કરોડ લઈ બાપ-દીકરો વિદેશ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા જિલ્લાના વિજાપુરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. ૯૦ ખેડૂતો સાથે બાપ-દીકરાએ ૯ કરોડથી વધુની છેતરપિંડી આચરી હતી અને વિદેશ ભાગી ગયા હતા.

મળતી વિગત પ્રમાણે, વિજાપુર તાલુકાના ટોટીદણ ગામમાં રહેતા પ્રહલાદ પટેલ અને તેના દીકરા નરેન્દ્રએ ભેગા મળી કુકરવાળા ગામમાં આવેલી માર્કેટયાર્ડમાં પેઢી ખોલી હતી અને એ પેઢીમાં તેઓ ખેડૂતો પાસેથી માલની આપ-લે કરતા હતા. આ પેઢી છેલ્લા ૫૦ વર્ષથી ચાલતી હોવાથી અહીંયા પાક વેચાણ કે લેવા આવતા ખેડૂતો સાથે ઘર જેવો સબંધ થઈ ગયો હતો. ખેડૂતોનો વિશ્વાસ જીત્યા બાદ બાપ-દીકરાએ અલગ-અલગ ગામના ૯૦થી વધારે ખેડૂતોને અમારે ધંધામાં પૈસાની ખૂબ જરૂર છે એમ કહી તેમના નામે લોન મેળવી હતી. આ રૂપિયા પોતાની પાસે રાખી પોતાના ખાતામાં જમા કરાવી લીધા હતા. તેમજ જે ખેડૂત પોતાના પાક વેચાણ કરવા આવે તેઓના પણ રૂપિયા આ બાપ-દીકરા પેઢીમાં જમા રાખતા હતા અને બાદમાં બાપ-દીકરો પેઢીનું શટર બંધ કરીને ઓસ્ટ્રેલિયા ભાગી ગયા હતા.

ખેડૂતો આરોપીના ઘરે અને પેઢી પર જતાં ત્યાં તાળા લટકતા જોવા મળ્યા હતા. બાદમાં બધાએ હિસાબ માંડતા બાપ-દીકરાએ ૯ કરોડથી વધુની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ વસાઈ પોલીસમાં નોંધાઈ હતી. વિસનગર ડિવિઝનના ડીવાયએસપી દિનેશસિંહ ચૌહાણે જણાવ્યું કે, વસાઈમાં ૯ કરોડથી વધુની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. હાલ પોલીસ તપાસ કરી રહી છે. ■

# ગોંદિયા અને ભંડારામાં ભારે વરસાદઃ ઠેર-ઠેર પાણી ભરાયાં, અનેક ગામોનો સંપર્ક તૂટ્યો

ગોંદિયાઃ મહારાષ્ટ્રના ગોંદિયા અને ભંડારામાં ગઈ કાલે પડેલા અવિરત વરસાદને કારણે જિલ્લાના અનેક ભાગોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા અને દૂરના ગામડાઓનો સંપર્ક કપાઈ ગયો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

ભંડારામાં વૈણગંગા નદીએ ભયજનક સપાટી વટાવી દીધી હોવાથી અધિકારીઓએ લોકોને સતર્ક રહેવા અને જળાશયોની નજીક જવાનું ટાળવા વિનંતી કરી હતી. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, ભંડારાના ગોસીખુર્દ ડેમના તમામ ૩૩ દરવાજા અને ગોંદિયાના પૂજારીટોલા ડેમના ચાર દરવાજા ખોલી નાખવામાં આવ્યા હતા.

નાગપુર-રાયપુર નેશનલ હાઇ-વે પર માસુલકાસા ઘાટ પર ભૂસ્ખલન થવાથી વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ હતી અને કાટમાળ દૂર કરવાના પ્રયાસો ચાલુ હોવાનું પોલીસે જણાવ્યું હતું. ભારે વરસાદ અને પૂરને કારણે આમગાંવ તાલુકાના જાવરી-કીદાંગીપાર, સડક અર્જુની તાલુકાના ગિરોલા-ઘાટેગાંવ અને ગોંદિયાના તિરોરા તાલુકાના ઘાટકુરોડા-ઘોગરાને જોડતા રસ્તાઓ પર અવરજવર પ્રભાવિત થઈ હતી, જ્યારે ભંડારા જિલ્લામાં અનેક રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસર રાજન ચૌબેએ જણાવ્યું હતું કે ગોંદિયાના ૪૧ વહીવટી વર્તુળોમાંથી ૩૩ વર્તુળોમાં છેલ્લા ૨૪ કલાકમાં મુશળધાર વરસાદ પડ્યો હતો, જેમાં દેવરી વર્તુળમાં સૌથી વધુ ૨૪૦.૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ મહાગાંવ, કેશોરી અને ગોથાણગાંવમાં ૨૩૪.૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ભંડારામાં, વૈણગંગા નદી મંગળવારે બપોરે ૨૪૫ મીટરની ભયજનક સપાટીને પાર કરી ગઈ હતી.

# ૨૦૨૫ના ચાર મહિનામાં મહારાષ્ટ્રમાં ૧૫૩ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યાઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે વિધાનસભાને એવી માહિતી આપી હતી કે જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૫ દરમિયાન રાજ્યભરમાં ૧૫૩.૨૫ કરોડ રૂપિયાના ૨૮,૩૦૨ કિલોગ્રામ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા.

તેમણે સ્વીકાર્યું કે રાજ્યમાં ગુટખા અને વિવિધ તમાકુના ઉત્પાદનો પર પ્રતિબંધ હોવા છતાં તે રસ્તાની બાજુના સ્ટોલ પર વેચાઈ રહ્યા છે.

રાજ્ય વિધાનસભાના નીચલા ગૃહમાં કાશીનાથ દાતે (એનસીપી) અને અન્ય લોકો દ્વારા આ મુદ્દે પૂછવામાં આવેલા સવાલના લેખિત જવાબમાં, ફડણવીસે જણાવ્યું હતું કે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટ હેઠળ ૫,૦૦૧ કેસ દાખલ કરવામાં આવ્યા છે અને આ સમયગાળા દરમિયાન ડ્રગ્સની હેરફેર, કબજો અને સેવન બદલ ૪,૪૮૧ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત, આ વર્ષે જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં ગુટખા કે અન્ય તમાકુ ઉત્પાદનો સંદર્ભમાં ૩૭,૧૪૯ વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

# વિદ્યાર્થિનીની જાતીય સતામણીઃ કરાટે ઇન્સ્ટ્રક્ટરની ધરપકડ

મુંબઈઃ દાદરના શિવાજી પાર્ક વિસ્તારમાં ૧૨ વર્ષની વિદ્યાર્થિનીની જાતીય સતામણી કરવા પ્રકરણે બાવીસ વર્ષના કરાટે ઇન્સ્ટ્રક્ટરની ધરપકડ કરવામાં આવી હતી. પીડિતાની માતાએ નોંધાવેલી ફરિયાદ બાદ શિવાજી પાર્ક પોલીસે સોમવારે મોડી રાતે આ કાર્યવાહી કરી હતી.

પોલીસ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આરોપીએ સાત મહિના દરમિયાન વિદ્યાર્થિનીની જાતીય સતામણી કરી હતી. વિદ્યાર્થિનીની ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપીને આરોપીએ આ કૃત્ય કર્યું હતું. ડર અને આરોપીના ત્રાસને કારણે વિદ્યાર્થિની કરાટે ક્લાસમાં જવાનું ટાળવા લાગી હતી. ઉપરાંત તેનું વર્તન બદલાયેલું હોવાનું જણાતાં માતાએ તેને વિશ્વાસમાં લઇને પૂછપરછ કરી હતી અને તેણે તમામ હકીકત જણાવી હતી. આ સાંભળીને આઘાત પામેલી વિદ્યાર્થિનીની માતાએ શિવાજી પાર્ક પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેને તેના નિવાસસ્થાનેથી તાબામાં લીધો હતો.

# ઇન્સ્ટાગ્રામ પર મિત્રતા બાદ લગ્નની લાલચે મહિલા પર કર્યો બળાત્કારઃ યુવકની ધરપકડ

થાણેઃ ઇન્સ્ટાગ્રામ પર મિત્રતા થયા બાદ લગ્નની લાલચે મહિલા પર વારંવાર બળાત્કાર ગુજારવા બદલ ભિવંડીના ૨૬ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની ઓળખ અશરફ અફસર ચૌધરી તરીકે થઇ હોઇ તે દુબઇ ભાગી છૂટવાની તૈયારીમાં હતો, પણ એ પહેલા પોલીસના સકંજામાં સપડાઇ ગયો હતો.

કલ્યાણમાં રહેતી પચીસ વર્ષની મહિલાએ બીજી જુલાઇએ આરોપી વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મહિલાની મિત્રતા ગયા વર્ષે ઇન્સ્ટાગ્રામ પર આરોપી સાથે થઇ હતી.

મહિલાનો વિશ્વાસ સંપાદન કર્યા બાદ આરોપીએ લગ્નની લાલચ આપીને જુલાઇ, ૨૦૨૪થી જૂન, ૨૦૨૫ દરમિયાન વિવિધ સ્થળે તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

# મહારાષ્ટ્રમાં ૨૦૨૫ના પાંચ મહિનામાં બાળકો વિરુદ્ધ અત્યાચારના ૧૦,૬૬૨ ગુના નોંધાયાઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે રાજ્ય વિધાનસભામાં એવી માહિતી આપી હતી કે ચાલુ વર્ષના પાંચ મહિનામાં બાળકો વિરુદ્ધ ગુનાઓના ૧૦,૬૬૨ કેસ નોંધાયા છે. ગૃહ વિભાગનો હવાલો સંભાળતા ફડણવીસે એનસીપીના વિધાનસભ્ય કાશીનાથ દાતે અને અન્ય લોકોના સવાલના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી, જેમાં બાળકો, ખાસ કરીને છોકરીઓ વિરુદ્ધ ગુનાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે માર્ચ ૨૦૨૫ સુધીમાં છેડતીના ૧,૧૭૯ કેસ નોંધાયા છે. રાજ્યમાં ૨૦૨૧માં ૨,૬૨૬ છેડતીના કેસ, ૨૦૨૨માં ૩,૫૨૪, ૨૦૨૩માં ૩,૮૮૬ અને ૨૦૨૪માં ૪,૪૬૭ કેસ નોંધાયા હતા. મુખ્ય પ્રધાને તેમના જવાબમાં વધુમાં જણાવ્યું હતું કે આ વર્ષે જાન્યુઆરીથી માર્ચ દરમિયાન, એકલા બુલઢાણા જિલ્લામાં ૧૭ હત્યા અને ૪૩ બળાત્કારના કેસ નોંધાયા છે. અહિલ્યાનગરમાં ૨૦૨૩માં ૧૩૭ બળાત્કાર અને ૧૬૭ છેડતીના કેસ, ૨૦૨૩માં ૧૫૩ બળાત્કાર અને છેડતીના કેસ અને ૨૦૨૪માં આવા ૧૮૪ કેસ નોંધાયા છે.

નવમા પાનાનું ચાલુ

## મીરા રોડમાં

વેપારીઓ દ્વારા કાઢવામાં આવેલી રેલીના વિરોધમાં ઉક્ત મોરચો કાઢવામાં આવ્યો હતો.

'મરાઠી અસ્મિતા બચાઓ'ના નારા લગાવનારા દેખાવકારોની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી ત્યારે પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. મનસેના અમુક કાર્યકરોની સોમવારના મધરાતથી જ ધરપકડ કરાઇ હતી. પોલીસની કાર્યવાહી સામે સૂત્રોચ્ચાર કરનારી મહિલા કાર્યકરોને પણ પોલીસ વૅનમાં લઇ જવાતી હોવાનાં દૃશ્યો ઘટનાસ્થળે જોવા મળ્યાં હતાં.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે રેલી માટે પરવાનગી આપવામાં આવી હોત, પરંતુ મનસે દ્વારા રેલી માટે જે માર્ગની પરવાનગી માગવામાં આવી હતી ત્યાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમમાં મુકાઇ હોત. તેઓએ યોગ્ય રૂટની પરવાનગી માગી હોત તો અમે આજે જ તેઓને પરવાનગી આપી હોત. અન્ય સંસ્થાઓએ પોલીસ દ્વારા માન્ય કરાયેલા રૂટ પર રેલી કાઢી હતી, પણ આ લોકો ચોક્કસ રૂટ પર જ રેલી કાઢવાની જીદ લઇ બેઠા હતા.

### ભાજપે ભોગવવું પડશેઃ દેખાવકારો

મોરચામાં સામેલ થયેલા હજારો લોકોના હાથમાં વિવિધ સૂત્રોચ્ચાર સાથેના બેનરો, ધજા જોવા મળી હતી. અનેક લોકોએ 'મી મરાઠી' લખેલી ટોપી પહેરી હતી. મીરા રોડ અને ભાયંદરમાં આ રેલી કાઢવામાં આવી હતી. મોરચામાં મોટા પ્રમાણમાં મહિલા કાર્યકરો પણ જોડાઇ હતી. અનેક લોકોએ ભાજપ સરકાર સામે રોષ વ્યક્ત કરતા કહ્યું હતું કે થોડા દિવસ પહેલા આ રૂટ માટે જ રેલી કાઢવા વેપારીઓને પરવાનગી આપવામાં આવી હતી, પણ મરાઠી લોકોને જ આ રૂટ પર મોરચો કાઢવા મંજૂરી આપવામાં આવતી નથી. 'મરાઠી લોકો સાથે આવું ઓરમાયું વર્તન કરવા માટે સામાન્ય લોકો તેઓને (ભાજપને) પાઠ ભણાવશે', એમ એક દેખાવકારે જણાવ્યું હતું.

## આંબેડકર ઈચ્છતા

માનીએ છીએ જે શાંતિ અને યુદ્ધ દરમિયાન દેશને એક રાખશે, એમ ગવઈએ વિધાનસભાને સંબોધનમાં કહ્યું હતું. બંધારણ ત્રણ પાંખોને અધિકારો આપે છે - વહીવટીતંત્ર, વિધાનસભા અને ન્યાયતંત્ર - અને આંબેડકરના મતે, ન્યાયતંત્રે નાગરિકોના અધિકારોના રક્ષક અને પાલક તરીકે કામ કરવું જોઈએ, એમ મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું. આંબેડકરે એમ પણ કહ્યું હતું કે, ન્યાયતંત્ર વહીવટીતંત્રના હસ્તક્ષેપથી મુક્ત હોવું જોઈએ, એમ તેમણે ઉમેર્યું હતું.

## મનસેને ના પાડી

બદલવાની વિનંતી કરી હતી, પરંતુ આયોજકો ચોક્કસ રૂટ પર અડગ રહ્યા હતા.' 'ટ્રાફિક જૅમ અથવા નાસભાગ જેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે એવી શક્યતા લાગે ત્યારે પોલીસ વૈકલ્પિક રૂટ આપવાનો પ્રયાસ કરે છે. આપણે લોકશાહીમાં છીએ, દરેકને રેલી યોજવાનો અધિકાર છે,' એમ તેમણે કહ્યું હતું.

'જો તેઓ યોગ્ય રૂટ માટે પરવાનગી માગે છે, તો અમે આજે અને કાલે પણ પરવાનગી આપીશું. અન્ય એક સંગઠને પોલીસ દ્વારા મંજૂર કરાયેલ રૂટ પરથી રેલી યોજી હતી, પરંતુ આ લોકો ચોક્કસ રૂટ પર અડગ રહ્યા હતા,' એમ તેમણે ઉમેર્યું હતું.

## એપીએમસી

જવાય એવી શક્યતા છે. આ સિવાય હાલની જગ્યાની પુનર્રચના કરીને ત્યાં જ સમિતિ ગોઠવવામાં આવે એવી પણ શક્યતા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એમએમઆરનો વિકાસ યોગ્ય રીતે કરવા માટે તાજેતરમાં ગ્રોથ હબ નિયમન મંડળની બેઠક મંત્રાલયમાં યોજાઇ હતી જેમાં એપીએમસીની ૧૦૦ એકર જમીનનો વિકાસ તથા પરિવહન સુવિધા અને માલ-સામાન લાવવા-લઇ જવા માટે સરળતા અંગે અભ્યાસ કરી પર્યાયી જગ્યા શોધવા માટે નવી મુંબઈ પાલિકાને નિર્દેશ કરવામાં આવ્યો હતો. આ માટે ૧૫મી જુલાઇ સુધીનો સમય પણ આપી દીધો છે.

## પોલીસ ફેઈલ ગઈ

ભાગ લીધો હતો. રેલીમાં કેટલાક વિરોધીઓ દ્વારા સરનાઈકનો વિરોધ કરવામાં આવ્યો હતો. તેમના પર અગાઉ મરાઠી માણસોના હિત વિરુદ્ધ બોલવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. તેમણે પાછળથી જણાવ્યું કે તેઓ તેમના સત્તાવાર પદ કરતાં તેમની મરાઠી ઓળખને પ્રાધાન્ય આપે છે. હું પહેલા મરાઠી છું અને પછી પ્રધાન અને ધારાસભ્ય છું, એમ સરનાઈકે જણાવ્યું હતું.

જ્યારે પણ મરાઠી લોકો સાથે અન્યાય થશે, ત્યારે હું તેમની પડખે ઉભો રહીશ. શાંતિ સુનિશ્ચિત કરવી અને મરાઠી ઓળખનું રક્ષણ કરવું એ મારી નૈતિક અને સામાજિક જવાબદારી માનું છું, એમ તેમણે કહ્યું હતું.

## જે. જે. હૉસ્પિટલના

મોબાઈલ પરથી દરિયામાં કૂદનારી વ્યક્તિની ઓળખ ડૉ. ઓમકાર તરીકે થઈ હતી. મોબાઈલના કૉલ લિસ્ટમાંના એક નંબર પર પોલીસે ફોન કર્યો હતો, જેને આધારે ફોન ડૉક્ટરનો હોવાની ખાતરી થઈ હતી.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે નવી મુંબઈના કળંબોલી સેક્ટર-૨૦ ખાતેની અવિનાશ સોસાયટીમાં રહેતો ડૉક્ટર મુંબઈની જે. જે. હૉસ્પિટલમાં પ્રેક્ટિસ કરતો હતો. ડૉક્ટરની બહેન સગાંસંબંધીઓ સાથે પોલીસ સ્ટેશને પહોંચી હતી. પોલીસે તેનું નિવેદન પણ નોંધ્યું હતું. ડૉ. ઓમકાર અપરિણીત હતો અને તેના આવા પગલા ભરવા પાછળનું કારણ જાણી શકાયું નહોતું. ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી ન હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન પોલીસે અટલ સેતુ કન્ટ્રોલ રૂમમાં સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસતાં ડૉક્ટરે દરિયામાં ઝંપલાવ્યું હોવાનું નજરે પડ્યું હતું. પોલીસ અને મરિન સિક્યોરિટી ડિપાર્ટમેન્ટના જવાનોએ બોટની મદદથી દરિયામાં શોધ શરૂ કરી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી નહોતી. આ બાબતે માછીમારોને પણ જાણ કરવામાં આવી હોવાનું પોલીસનું કહેવું છે.

## ભાષા વિવાદ

અને મરાઠી લોકોના યોગદાનને કોઈ નકારી શકે નહીં. જો કોઈ તેને નકારી રહ્યું છે, તો મને લાગે છે કે તે ખોટું છે,' એમ ફડણવીસે કહ્યું હતું. 'હું મારી ટિપ્પણીનું ફરી પુનરાવર્તન કરું છું, મરાઠી લોકોએ ખૂબ જ યોગદાન આપ્યું છે. જ્યારે આક્રમણકારોએ આપણી સંસ્કૃતિ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે છત્રપતિ શિવાજી મહારાજ, છત્રપતિ સંભાજી મહારાજ અને મરાઠાઓ દેશભરમાં લડ્યા. પાણીપતના ત્રીજા યુદ્ધ દરમિયાન, અબ્દાલી કરાર પર મહોર મારવા તૈયાર હતા પરંતુ આપણા મરાઠાઓએ તે કર્યું નહીં,' એમ ફડણવીસે કહ્યું હતું.

## કર્ણાક બ્રિજને

પુલને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે.

ગર્ડર બેસાડવામાં આવ્યા બાદ બે ફેબ્રુઆરી, ૨૦૨૫થી પૂર્વમાં પાયાની ભરણીથી ડામર નાખવાના કામ ચાર મહિનામાં પૂરા કરવામાં આવ્યા છે. ટેક્નિકલી અત્યંત પડકારજનક અને જોખમી કામ હતું.

બ્રિજનું કામ ૧૦ જૂન, ૨૦૨૫ની ડેડલાઈન મુજબ પૂરું કર્યા બાદ બ્રિજની ભારક્ષમતા, સ્થિરતા અને સુરક્ષા તપાસવા માટે લોડ ટેસ્ટ કરવામાં આવી હતી અને ૧૫ જૂન, ૨૦૨૫ના લોડ ટેસ્ટનું સર્ટિફિકેટ મળ્યા બાદ વીરમાતા જિજાબાઈ ટેક્નોલોજિકલ ઈન્સ્ટિટ્યુટના નિષ્ણાતોની સલાહ લઈને અને એ બાદ ટ્રાફિક પોલીસ સાથે સમન્વય સાધીને બ્રિજને ટ્રાફિક માટે ખુલ્લો મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બ્રિજ ખુલ્લો મુકાયા બાદ મુંબઈ શહેરના દક્ષિણમાં ડી'મેલો રોડ તરફના બંદર ભાગ અને ક્રાફર્ડ માર્કેટ, કાલબાદેવી, ધોબીતળાવના કમર્શિયલ વિસ્તારોમાં વાહનવ્યહાર ઝડપી બનશે. પુલ ચાલુ થયા બાદ પી.ડી'મેલો રોડ ખાસ કરીને વાલચંદ હિરાચંદ માર્ગ અને શહીદ ભગતસિંહ રોડના જંકશન પરનો ટ્રાફિક ઘટશે.

## પોલીસે મોરચાની

સવારથી જ અટકાયતમાં લેવાયા હતા. એ સિવાય સુરક્ષાવ્યવસ્થાને ધ્યાનમાં રાખી મીરા-ભાયંદરમાં પોલીસ બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો હતો. મીરા રોડમાં મંગળવારે મહારાષ્ટ્ર એકીકરણ સમિતિ દ્વારા 'મરાઠી મોરચા'નું આયોજન કરાયું હતું. શાંતિ પાર્ક ખાતેના બાલાજી હૉટેલ સર્કલથી નીકળી મોરચો મીરા રોડ સ્ટેશને જવાનો હતો. આ મોરચાને શરૂઆતમાં પોલીસ દ્વારા અધિકૃત પરવાનગી આપવામાં આવી નહોતી. જોકે બાદમાં મોરચો લઈ જવાના માર્ગમાં ફેરફાર કરી પરવાનગી અપાઈ હોવાનું કહેવાય છે.

મંગળવારે સવારે ૧૦ વાગ્યે મોરચો નીકળ્યો હતો, પરંતુ તે પહેલાં પોલીસે આગોતરાં પગલાં લેવા માંડ્યાં હતાં. મનસેના થાણે-પાલઘર જિલ્લા પ્રમુખ અવિનાશ જાધવ આ મોરચામાં સામેલ થવાની શક્યતાને જોતાં પોલીસે સોમવારે જ તેને મીરા-ભાયંદર વિસ્તારમાં પ્રવેશવા પર મનાઈ ફરમાવતી નોટિસ બજાવી હતી. આવી નોટિસ અન્ય કેટલાક નેતા-કાર્યકરોને પણ આપવામાં આવી હતી.

પોલીસ દ્વારા નોટિસ બજાવવાને કારણે મોટા ભાગના નેતા-કાર્યકરો મોરચામાં જોડાઈ શક્યા નહોતા. બીજી બાજુ, થાણે પોલીસે મળસકે ૩.૩૦ વાગ્યે જ અવિનાશ જાધવને તેના થાણેના નિવાસસ્થાને તાબામાં લીધો હતો.

ડેપ્યુટી પોલીસ કમિશનર પ્રકાશ ગાયકવાડના આ પ્રતિબંધાત્મક આદેશ અનુસાર મીરા રોડના મોરચામાં સામેલ થવાની જાધવને મનાઈ ફરમાવાઈ હતી. જાધવ વિરુદ્ધ વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૨૮ જેટલા દખલપાત્ર ગુનાની નોંધ હોવાનું આદેશમાં જણાવાયું હતું.

જાધવ મીરા-ભાયંદરમાં આવે તો કાયદો-વ્યવસ્થાની સમસ્યા ઊભી થવાની શક્યતા હોવાનું પણ આદેશમાં નોંધવામાં આવ્યું હતું. સતર્કતા ખાતર પોલીસે વહેલી સવારથી જ અનેક કાર્યકરોને તાબામાં લેવાનું શરૂ કર્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ એક બૅન્ક્વેટ હૉલમાં કાર્યકરોને અટકાયતમાં રખાયા હતા, જેને કારણે મોરચામાં કાર્યકરોની હાજરી ધાર્યા કરતાં ઓછી હતી.

## ભારત બંધ

### પોસ્ટલ અને સરકારી કચેરીઓમાં થશે ધીમી ગતિએ કામકાજ

પોસ્ટ ઓફિસમાં વિવિધ સેવાઓ બંધ રહેશે અથવા ધીમી ગતિએ કામકાજ ચાલશે. કોઇ પણ સરકારી કાર્યાલય તરફથી રજાની જાહેરાત કરાઇ નથી, પરંતુ કર્મચારીઓ બંધમાં જોડાવાના હોવાથી કામકાજ ગોકળગાયની ગતિએ થઇ શકે છે.

### વીજળી પુરવઠો અને જાહેર સેવાઓ ઠપ થશે

હડતાળમાં દેશભરના ૨૭ લાખથી વધુ ઇલેક્ટ્રિક કામગારો જોડાવાના હોવાથી વીજળી સંબંધિત કામકાજ ઠપ રહેશે. વીજળી સંબંધિત કોઇ પણ સમસ્યા થાય તો તેને પહોંચી વળવામાં વિલંબ થઇ શકે છે અથવા તો સર્વિસ બંધ જ રહેશે.

### ખાનગી ઓફિસ, માર્કેટનું કામકાજ સામાન્ય રહેશે

ખાનગી ઓફિસો અને બીકેસી, લોઅર પરેલ, અંધેરીમાં આવેલા કાર્યાલયો સામાન્ય રીતે ખુલ્લા જ રહેશે. દુકાનો, માર્કેટ અને રૅસ્ટોરાં-હોટેલો પણ ચાલુ જ રહેશે.

## સરનાઈક

તેઓ મરાઠી માણૂસના વિરોધમાં હોવાનું કહ્યું હતું, પરંતુ સરનાઇકે સ્પષ્ટતા કરી હતી કે તેઓ મરાઠી લોકો સાથે જ છે ત્યારે અમુકે તેમને 'ગદ્દાર' કહીને સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રતાપ સરનાઇકને ધક્કે ચઢાવાયા હતા અને આખરે તેમને ત્યાંથી જતા રહેવાની ફરજ પડી હતી. તેમને જોતા જ આંદોલનકારીઓએ 'જય ગુજરાત' અને 'સરનાઇક ગો બેક' જેવા નારા લગાવ્યા હતા.

## ગવઈનું સન્માન

હતો. આવો જ અભિનંદન પ્રસ્તાવ રાજ્ય વિધાન પરિષદમાં અધ્યક્ષ રામ શિંદે દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો અને ઉપલા ગૃહે સર્વાનુમતે સ્વીકાર્યો હતો.

૨૪ નવેમ્બર, ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્રના અમરાવતીમાં જન્મેલા, ન્યાયાધીશ ગવઈને ૧૪ નવેમ્બર, ૨૦૦૩ના રોજ બોમ્બે હાઈકોર્ટના વધારાના ન્યાયાધીશ તરીકે બઢતી આપવામાં આવી હતી. તેઓ ૧૨ નવેમ્બર, ૨૦૦૫ના રોજ હાઈકોર્ટના કાયમી ન્યાયાધીશ બન્યા હતા.

તેમણે ૧૪ મેના રોજ ભારતના બાવનમા મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) તરીકે શપથ લીધા હતા, જે મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના પછી આવ્યા હતા. તેમના પિતા આર. એસ. ગવઈ મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષ તેમજ બિહાર, સિક્કિમ અને કેરળના રાજ્યપાલ તરીકે સેવા આપી ચૂક્યા છે. આર. એસ. ગવઈ રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આરપીઆઈ ગવઈ)ના સ્થાપક હતા.

# પારસી મરણ

કેતી મીનોચેર પોચખાનાવાલા તે મરહુમ મીનોચેરના ધનિયાની. તે મરહુમો જરબાઇ કૈખશરૂ ફીતરના દીકરી, તે નરગીશ ને પરવેઝના માતાજી. તે કેરસી ને અરનાવાઝના સાસુજી. તે મરહુમો બેપસી, મની, સામ, દારા, ગોદરેજના બહેન. તે દીનાઝ ને તનાઝના મમઇજી. (ઉં. વ. ૯૦) રે. ઠે. ૯૫, પેટીટ મેનશન કો. હા. સોસાયટી, બી-૩૧, ત્રીજે માળે, સ્લેટર રોડ, નાના ચોક, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૭-૨૫ના દીને બપોરે ૩.૪૫ વાગે, વાડીયાજી આતશબેહરામમાં.

ગુલ ફિરોઝ પારડીવાલા તે મરહુમો ફિરોઝના ધનિયાની. તે મરહુમો નરગીશ જહાંગીર મહેતાના દીકરી. તે યઝદ ને જહાંગીરના માતાજી. તે કૈનાઝના સાસુજી. તે મરહુમો પેરીન, ધન, કેરસી, દાદી. માનેકના બહેન. તે આફરીનના બપઇજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. એલ-૩, જી-૧, જી-૨, કામા પાર્ક, કામા રોડ, અંધેરી, મુંબઇઃ૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૭-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, બેહેરામ બાગ, અગિયારીમાં છેજી.

# જૈન મરણ

મોટા ખૂંટવડા નિવાસી (હાલ મુલુંડ) જગજીવનદાસ જેઠાલાલ દોશીના સુપુત્ર સુમતિચંદ્ર દોશી (ઉં. વ. ૭૬) તા. ૮-૭-૨૫ને મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે દમયંતિબેનના પતિ. ધવલ અને સેજલના પિતા. હેતલના સસરા. નિખિલકુમાર શેઠના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થળઃ રાજ સ્નેહા, ૧લે માળે, મહેરઅંબે હોસ્પિટલ, એસ.એલ. રોડ, મહાલક્ષ્મી ફરસાણની બાજુમાં, તાંબેનગર, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના દેવકાબેન પ્રેમજી સોનીના જમાઈ તારા ઉબરી - જૌનપુર હાલે જોગેશ્વરીના શ્રી બાબા દશરથ સિંગ (ઉં. વ. ૭૪) તા. ૭-૭-૨૫ના અવસાન પામેલ છે. ચંચલના પતિ. કરણ, સ્વાતીના પિતા. કૃપાશંકર, સુનિલ, કિરણબેનના ભાઈ. પ્રા. બાપ્સ શ્રી સ્વામી નારાયણ મંદિર, ૪ થે માળે, દત્ત મંદિર રોડ, મલકાની એસ્ટેટ, પદમાબા નગર, મલાડ (ઈ), ૪ થી ૫.૩૦. નિ. દશરથ સિંગ, એ/૧૦૧-૧૦૨, ગોવર્ધન કોમ્પલેક્ષ, ગુફા રોડ, ગુફાની બાજુમાં, જોગેશ્વરી (ઈ).

લુણીના અમૃતલાલ કુંવરજી દેઢિયા (ઉં. વ. ૭૮) તા. ૭.૭.૨૫ ના અવસાન પામ્યા છે. જીવીબાઈ કુંવરજી સુરાના સુપુત્ર. જયવંતીના પતિ. રિતેશ, નયનાના પિતા. હરીલાલ, કલ્યાણજી, દિલીપ, કારાઘોઘા સુંદરબેન (શીલા) પ્રાણલાલ શામજી, સાડાઉ હેમલતા હસમુખ ખીમજી, વાંકી ઉર્મિલા દિનેશ હીરજીના ભાઈ. પાનબાઈ જીવરાજ કાનજી ધરોડના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં.: કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. એ.કે. દેઢિયા : રાવત મેનશન, ત્રીજે માળે, એન.સી. કેલકર રોડ, દાદર-વે.

નાની તુંબડીના શાંતાબેન લક્ષ્મીચંદ છેડા (ઉં. વ. ૮૦) તા.૫-૭-૨૫ના અવસાન પામેલ છે. સ્વ.હાંસબાઈ (મકાંબાઈ) જેવત કેશવજીના પુત્રવધૂ. સ્વ.લક્ષ્મીચંદના પત્ની. કેતન, સચીન, હર્ષા, નયનાના માતા. ના.ભાડિયા કિરણ પોપટલાલ, સુવઈ હિતેશ લાલજીના સાસુ. વિરાલી, જીનય, તીર્થના નાની મણીબેન હીરજી (જખુ)ના પુત્રી. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦. નિ : કેતન છેડા. ઈન્દુબાગ નં.૨, રૂમ નં.૨૧, સીતારામ જાધવ માર્ગ, લોઅર પરેલ, મું - ૧૩.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ નૂ. ત્રંબૌના સ્વ. મીનાબેન નાનજી માલશી બૌવા (ઉં. વ. ૫૮) સોમવાર, તા. ૭-૭-૨૫ના થાણા મધ્યે અવસાન પામેલ છે. પુરાબેન-રત્નાબેન માલશીના પૌત્રવધૂ. નાનજીના ધર્મપત્ની. કૃણાલ, હેતલ, રોશનીના માતુશ્રી. નિધી, મેહુલ, રાહુલના સાસુ. સ્વ. ભરત, સ્વ. હસમુખ, નિલેશ, વનિતા, પ્રેમિલાના ભાભી. સુવઇના સ્વ. હીરબેન લખમશીના સુપુત્રી. પ્રાર્થનાસભા તા.૯-૭-૨૫ બુધવારના ૧૦.૩૦થી ૧૨. ઠે. થાણા વર્ધમાન સ્થાનક તળાવ પાળી, થાણે.

# હિન્દુ મરણ

**સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી**

મોરબી નિવાસી હાલ બોરીવલી, સનત ડાહ્યાલાલ સંઘવી (ઉં. વ. ૭૯) ૭/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રજનીબેનના પતિ. સ્વ. કિરણભાઈ, હરેશભાઇ, મુકેશભાઈ, પારૂલબેનના મોટાભાઈ. સ્વ. મંજુલાબેન, રૂપાબેન તથા પ્રજ્ઞાબેનના જેઠ. શીતલાના પિતા. હેતલ, ધવલ, મિહિર, તેજલ તથા અવનીના મોટાકાકા. સંજય તથા મહેશભાઈના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશા મોઢ માંડલિયા વણિક**

ગીરગઢડા નિવાસી હાલ કાંદિવલી, સ્વ.ભાઈચંદભાઈ કીબાભાઈ મહેતાના ધર્મપત્ની કાંતાબેન (ઉં. વ. ૯૭) ૬/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હસુબેન મહેશભાઈ શાહ, રમેશભાઈ, મીનાબેન પ્રકાશકુમાર વોરા, ભૂપેશભાઈના માતુશ્રી. દર્શના તથા અનિતાના સાસુ. પલક આશિત ત્રિવેદી તથા ડિમ્પલ રિશી મહેતા, કેવલ હિરલ, ઈશા કવન, પૃષા હર્ષના દાદી. સ્વ. જયંતીભાઈ, સ્વ. વ્રજલાલ તથા હસમુખભાઈ નોતરીયા તથા સ્વ. વિજયાબેન રતિલાલ ગાંધીના બહેન. પ્રાર્થનાસભા ૧૦/૭/૨૫ના ૪ થી ૬. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**અટારા સમાજ**

જસુબેન કિશનભાઈ અટારા (ઉં. વ. ૭૩) ૨.૭.૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે મહેશ, રૂપેશ, રંજુ, કવિતાના મમ્મી. ૧૩મી ની વિધી ૧૪.૦૭.૨૫ના સોમવાર ૧૨:૩૦ થી ૭. ઈન્દિરા નગર, સોમજગા ચાલ, રૂમ નં.૧૧૮ એસ.વી. રોડ, સોની મની સ્ટોરની બાજુમાં, વિલે પાર્લે વેસ્ટ.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

મોટા ધાવડા હાલે ડોંમ્બિવલી, મણિલાલ છાટબાર (ઉં. વ. ૭૩) તે સ્વ. કુંવરબાઈ નરશીના પુત્ર, સ્વ.મંજુલાબેનના પતી. રમણીકલાલ, સ્વ.પ્રતાપભાઈ, સ્વ.કાંતિભાઈ, ગં. સ્વ. સરસ્વતી વાલજી વીંછીના ભાઈ. જયેશ, વંદના ધીરજ વીંછીના પિતાશ્રી. હિનાના સસરા. સંજય,પરેશ, મનીષા કોકિલ ધાંધાના કાકા. પ્રાર્થનાસભા ૯/૭/૨૫, બુધવારના ૪ થી ૫. પાંજી વાડી, કાંજુર માર્ગ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ વરવારા (દ્વારકા) હાલ થાણા, સ્વ. સુમતિબેન તથા સ્વ. સુંદરદાસ દ્વારકાદાસ ઠક્કર (મોટલા) ના સુપુત્ર દેવેન્દ્રભાઈ (ઉં. વ. ૭૬) શનિવારે તા. ૫/૦૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. અ.સો.સંધ્યાબેનના પતિ. તે સ્વ. હરેશભાઈ, પ્રકાશભાઈ, સ્વ.લતાબેન, સ્વ. વાસંતીબેન, રાજશ્રીબેનના ભાઈ. ચિ. પ્રયાગ અને સેજલના પિતાશ્રી. અ. સૌ. અંજનાબેન, નવીનકુમાર તિવારીના સસરા. સ્વ. રમણીકલાલ પાઉં રાજકોટવાળાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા-શ્રીમાળી વણિક વૈષ્ણવ**

સ્વ. જયસુખલાલ તારાચંદ પારેખના ધર્મપત્ની ચંદનબેન (ઉં. વ. ૯૦) તે ધોરાજી નિવાસી હાલ ઘાટકોપર. તે હરેશ, દિનેશ અને વર્ષાના માતુશ્રી. મીનાબેન અને પ્રદીપકુમાર હિંમતલાલ અજમેરાના સાસુ. સ્વ. વિઠ્ઠલદાસ તારાચંદ પારેખ, સ્વ. રવીનદ્રભાઈ, સ્વ. હસમુખભાઈ, મનસુખભાઈ, સ્વ. દયાબેન પ્રભુદાસ પારેખ, ધીરજબેન વૃજલાલ સંઘરાજકાના ભાભી. સ્વ. અનોપચંદ ધરમશી લાઠીયાના સુપુત્રી. પફુલભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. ગુણવંતીબેન ચંપકલાલ, સ્વ. નીલમબેન હરકિશન, ગં.સ્વ. રંજનબેન નવીનચંદ્રના મોટાબેન તા. ૭-૭-૨૫ને સોમવારે શ્રી શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ**

સત્તર તાલુકા ઔ.સ. બ્રાહ્મણ, સ્વ. દુર્લભરામ મણીશંકર વ્યાસ તથા સ્વ. હીરાબેન વ્યાસના જ્યેષ્ઠ પુત્ર રમેશભાઈ વ્યાસ (ઉં. વ. ૭૮) તા. ૭-૭-૨૫ના મહાદેવશરણ પામ્યા છે. તેઓ ચંદ્રીકાબેનના પતિ. સ્વ. જતીન, અ.સૌ. ભાવના સમીર શાહ તથા અ.સૌ. અલ્પા ઉર્મિલ અંતાણીના પિતા. હયાતી, રીયા, પંક્તિ તથા યુતિના નાના. વિજયભાઈ, સ્વ. ભુપેન્દ્રભાઈ, સ્વ. વિક્રમ, સ્મીતાબેન યોગેશકુમાર પારેખ તથા મંજુલાબેન હેમાંગકુમાર શાસ્ત્રીના મોટાભાઈ. સ્વ. બાલાશંકર ભાઈશંકર પંડ્યા અને સ્વ. મધુબેન પંડ્યાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

નરેન્દ્ર ઈશ્વરલાલ પજવાણી (ઉં. વ. ૯૧) ૬-૭-૨૫ના રોજ અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા ૧૦ જુલાઈ ૨૦૨૫ના ૫ થી ૬.૩૦. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન હોલ, જે.આર. મ્હાત્રે માર્ગ, પીવીઆર સિનેમા પાસે, જુહુ વિલેપાર્લે પશ્ચિમ.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

ઉના નિવાસી, હાલ વાશી ગં. સ્વ. સ્મિતાબેન (ઉં. વ. ૭૩) તા. ૪-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હરેશકુમાર ગુલાબચંદ શેઠના ધર્મપત્ની. તે નિકુંજ તથા હિતેશના માતુશ્રી. તે મીત્તલ તથા અમીષાના સાસુ. સ્વ. જયચંદ તુલસીદાસ મહેતાના સુપુત્રી. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા બંધ રાખેલ છે. ઠે. ૩૦૨, પદ્મા ગેલેક્સી, પ્લોટ-૨૬૬, સેક્ટર-૨૮, વાશી.

**બાલાસિનોર દશાનીમા વણિક**

હંસાબેન શાહ તે બાબુલાલ ચંદુલાલ શાહના પત્ની. શીલા-વીરેન્દ્ર કડકીયા, અશોક-રેશમા શાહ, સોનલ-પંકજ કડકીયા, પીન્કી મનીશ દેસાઇ, કેતન-અમી શાહના માતુશ્રી તા. ૭-૭-૨૫ના શ્રીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**ક્ષત્રિય ઠાકુર**

તારા ઉમરી જોતપુર જિલ્લા ઉત્તર પ્રદેશ હાલ જોગેશ્વરી બાબા દશરથ સિંગ (ઉં વ. ૭૫) ચંચલબેનના પતિ. કરણ અને સ્વાતીના પિતા. જીનેશ તથા રૂપલના સસરા. કૃપા શંકર, સ્વ. કિરણ, સ્વ. સુનીલના ભાઇ. સોમવાર, તા. ૭-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા બુધવાર, તા.૯-૭-૨૫ સાંજે ૪થી ૫.૩૦. ઠે. સ્વામીનારાયણ મંદિર, ૪થે માળે, દત્ત મંદિર રોડ, સીઓડીની બાજુમાં, મલાડ (ઇસ્ટ).

**મોઢ વણીક**

ભરૂચ નિવાસી, હાલ અંધેરી નિરંજન મજમુદારના ધર્મપત્ની હેમલતાબેન મજમુદાર (ઉં. વ. ૭૦) પ્રીતેશ, ક્રિષ્ણા, જયના માતુશ્રી. હેતલ, પૂજા અને પ્રજ્ઞેશકુમારના સાસુ. સ્વ. ગૌતમ, સ્વ. રોહીત, પરેશ, સુનીલ, હિના, પ્રીતી, નીતા, રાજેશ્રીના મોટા ભાભી. નીવ, યોહાન, નીયાના દાદી. નીલ, આયુષના નાની. તા. ૭-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧લે માળે, વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ, વિલેપાર્લે વેસ્ટ, તા. ૯-૭-૨૫ના સાંજે ૪થી ૬.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## દલાલ સ્ટ્રીટમાંથી અમેરિકાની જેન સ્ટ્રીટ કઈ રીતે કમાઈ બાર હજારના લાખ!

**બજાર નિયામક ‘સેબી’ અનુસાર અમેરિકા સ્થિત જેન સ્ટ્રીટે ભારતીય બજારોમાં ગોલમાલ કરીને રૂ. ૩૬,૦૦૦ કરોડથી વધુનો ગેરકાયદેસર નફો મેળવ્યો છે! કંપની આરોપને ખોટો લેખાવી આદેશને પડકારવાની તૈયારી કરી રહી છે. રિસર્ચ રિપોર્ટ અનુસાર એફએન્ડઓના રિટેલ ટ્રેડર્સનું કુલ ચોખ્ખું નુકસાન નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૭૫,૦૦૦ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૫માં ચિંતાજનક રીતે રૂ. ૧.૦૫ લાખ કરોડ સુધી પહોંચ્યું છે.**




કહેવાય છે કે શેરબજારમાં લાખના બાર હજાર થવામાં વાર નથી લાગતી! જોકે અહીં શીર્ષકમાં કહેવત ભૂલથી ખોટી નથી લખાઇ, હા ઊંધી જરૂર લખી છે. કારણ કે બજાર નિયામક સેબી અનુસાર અમેરિકન કંપનીએ આ જ કામ કરીને ભારતીય શેરબજારમાંથી રૂ. ૩૬૦૦૦ કરોડથી વધુનો નફો લૂંટી લીધો છે. ડિસેમ્બર ૨૦૨૦માં ભારતમાં કામગીરી શરૂ કરનારી યુએસ ટ્રેડિંગ કંપની જેન સ્ટ્રીટ જાન્યુઆરી ૨૦૨૩થી માર્ચ ૨૦૨૫ દરમિયાન તેના ભારતના વેપારમાં કથિત જંગી હેરાફેરી કરીને રૂ. ૩૬,૬૭૧ કરોડ કમાઇ હોવાનું કહેવાય છે!

મૂડીબજાર નિયમનકાર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ જેન સ્ટ્રીટને ભારતમાં સિક્યોરિટીઝના વ્યવહારો કરવા પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકવા સાથે તેને ગેરકાયદેસર લાભના રૂ. ૪,૮૪૩ કરોડને એસ્ક્રો એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો છે. સેબી દ્વારા જેન સ્ટ્રીટ અને તેની સંબંધિત સંસ્થાઓ પર ભારતીય ડેરિવેટિવ્ઝ બજારોમાં ચાલાકી કરવા માટે બે મુખ્ય વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવાનો અને બે વર્ષના સમયગાળામાં રૂ. ૩૬,૬૭૧ કરોડના ગેરકાયદેસર લાભ એકઠા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

૨૦૦૦માં સ્થાપિત, જેન સ્ટ્રીટ ગ્રુપ એલએલસી નાણાકીય સેવાઓ ઉદ્યોગમાં એક વૈશ્વિક માલિકીની ટ્રેડિંગ ફર્મ છે. તે યુએસ, યુરોપ અને એશિયામાં પાંચ ઓફિસોમાં ૨,૬૦૦થી વધુ કર્મચારી ધરાવે છે અને ૪૫ દેશોમાં ટ્રેડિંગ કામગીરી કરે છે.

આવો જાણીએ કે માર્કેટ રેગ્યુલેટરની તપાસ અનુસાર જેન સ્ટ્રીટે ભારતીય ડેરિવેટિવ્ઝ બજારોમાં કેવી રીતે અને ક્યાં ચાલાકી કરી? જેન સ્ટ્રીટ ગ્રુપ પર ગેરકાયદેસર નફો મેળવવા માટે મુખ્યત્વે અત્યંત પ્રવાહી બેંક નિફ્ટી અને નિફ્ટી ઇન્ડેક્સ ઓપ્શન સેગમેન્ટ દ્વારા શેરબજારમાં ઇન્ડેક્સ સ્તરોમાં કૃત્રિમ ખલેલ પહોંચાડવા ચાલાકી કરવાનો આરોપ મુકાયો છે.

જેન સ્ટ્રીટ અને તેની સંબંધિત સંસ્થાઓ પર ભારતીય ડેરિવેટિવ્ઝ બજારોમાં ચાલાકી કરવા અને બે વર્ષના સમયગાળામાં રૂ. ૩૬,૬૭૧ કરોડનો ગેરકાયદેસર નફો મેળવવા માટે બે મુખ્ય વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવાનો આરોપ છે. સેબી દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું છે કે જાન્યુઆરી ૨૦૨૩ અને મે ૨૦૨૫ વચ્ચે ૨૧ સમાપ્તિ એક્સપાયરી ડેઝમાં, જૂથે ઇન્ડેક્સની ગતિવિધિઓને પ્રભાવિત કરવા અને ઓપ્શન્સ માર્કેટમાં મોટી પોઝિશનમાંથી નફો મેળવવા માટે અંતર્ગત રોકડ અને ફ્યુચર્સ બજારોમાં મોટા સોદા કર્યા હતા.

બે મુખ્ય વ્યૂહરચના ઓળખવામાં આવી છે, જેમાં એકમાં સવારે બેંક નિફ્ટી સ્ટોક્સ અને ફ્યુચર્સમાંથી ભારે ખરીદી અને બપોરે ક્લોઝિંગ નીચા મથાળે લાવવા માટે આક્રમક રીતે વેચાણ કરવાનો સમાવેશ થતો હતો. જ્યારે બીજી ગેરરીતિમાં ઇન્ડેક્સ સ્તરોને પ્રભાવિત કરવા માટે એક્સપાયરી ડેઝના છેલ્લા બે કલાકમાં વેચાણ અથવા ખરીદીનું પર ફોક્સ કરવામાં આવ્યું હતું. આ પ્રકારના સોદાઓથી જૂથને લગભગ રૂ. ૪,૮૪૩ કરોડનો ગેરકાયદેસર નફો મેળવવામાં મદદ મળી હતી, જ્યારે રોકડ અને ફ્યુચર્સ ટ્રેડમાં તેમને તુલનાત્મક રીતે ઓછું નુકસાન થયું હોવાનું નિયમનકારે જણાવ્યું હતું.

સેબીએ એ પણ નોંધ્યું છે કે જાન્યુઆરી ૨૦૨૩ અને માર્ચ ૨૦૨૫ વચ્ચે, જેએસ ગ્રુપે બજારના વિવિધ સેગમેન્ટમાં નોંધપાત્ર ટ્રેડિંગ પ્રવૃત્તિ રેકોર્ડ કરી હતી. ગ્રુપે ઇન્ડેક્સ ઓપ્શન્સ ટ્રેડિંગથી રૂ. ૪૪,૩૫૮ કરોડનો નફો મેળવ્યો, જે તેમના નફાનો મોટો ભાગ હતો. જોકે, આ નુકસાન સ્ટોક ફ્યુચર્સમાં રૂ. ૭,૨૦૮ કરોડ, ઇન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૯૧ કરોડ અને કેશ માર્કેટમાં રૂ. ૨૮૮ કરોડના નુકસાન દ્વારા સરભર કરવામાં આવ્યું હતું.

સેબીએ નોંધ્યું હતું કે, બધા નફા અને નુકસાનનો હિસાબ કર્યા પછી, જેએસ ગ્રુપે આ સમયગાળા દરમિયાન રૂ. ૩૬,૬૭૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એ નોંધવામાં આવ્યું હતું કે ચાર એન્ટિટી, (જેમાં જેએસઆઈ ઇન્વેસ્ટમેન્ટ્સ, જેએસઆઈ૨ ઇન્વેસ્ટમેન્ટ્સ પ્રા. લિ., જેન સ્ટ્રીટ સિંગાપોર પ્રા. લિ. અને જેન સ્ટ્રીટ એશિયા ટ્રેડિંગનો સમાવેશ છે.) જેને સામૂહિક રીતે જેન સ્ટ્રીટ ગ્રુપ તરીકે ઓળખવામાં આવે છે, તે આવી માર્કેટ હેરાફેરી કરવામાં સામેલ હતા.

આ કેસમાં સામેલ ચાર એન્ટિટીમાંથી, બે એન્ટિટી, જેન સ્ટ્રીટ સિંગાપોર પ્રા. લિ. અને જેન સ્ટ્રીટ એશિયા ટ્રેડિંગ લિ. અનુક્રમે સિંગાપોર અને હોંગકોંગમાં સ્થાપિત રજિસ્ટર્ડ એફપીઆઇ છે. મુંબઈ સ્થિત જેએસઆઇ ઇન્વેસ્ટમેન્ટ્સ, ડિસેમ્બર ૨૦૨૦માં ભારતમાં સામેલ કરવામાં આવ્યું હતું. તે સંપૂર્ણપણે જેન સ્ટ્રીટ યુરોપ લિમિટેડની માલિકીની હતી, જે યુકેમાં સ્થાપિત કંપની હતી. જેએસઆઇ૨ ઇન્વેસ્ટમેન્ટ્સ સપ્ટેમ્બર ૨૦૨૪માં ભારતમાં સ્થાપિત થયું હતું અને મુંબઈમાં સ્થિત હતું, તે સંપૂર્ણપણે જેએસઆઇ ઇન્વેસ્ટમેન્ટ્સની માલિકીની હતી.

સેબીએ જણાવ્યું હતું કે, એવું લાગે છે કે ભારતમાં જેએસઆઇ ઇન્વેસ્ટમેન્ટ્સ પ્રાઇવેટ લિમિટેડના સમાવેશથી જેએસ ગ્રુપને ઇન્ટ્રાડે કેશ માર્કેટ ટ્રાન્ઝેકશન કરતા ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સ સામેના એફપીઆઇ નિયમોમાં નિયમનકારી પ્રતિબંધની આસપાસ કામ કરવામાં સક્ષમ બનાવ્યું, અને આમ એફપીઆઇ નિયમોના ખાસ ઉલ્લંઘન કર્યા વિના મેનિપ્યુલેટિવ સ્કીમનો અમલ કરવામાં આવ્યો હતો.

એસજે ગ્રુપ દ્વારા ફ્યુચર્સ એન્ડ ઓપ્શનમાં મોટા પ્રમાણમાં ટ્રેડિંગ અને પોઝિશન લેવાનું મોટાભાગનું કામ જેએસ ગ્રુપમાં એફપીઆઇ દ્વારા કરવામાં આવ્યું છે અને ૨૧ કિસ્સાઓમાં ઓળખાયેલી પ્રથમ દ્રષ્ટિએ મેનિપ્યુલેટિવ સ્કીમ્સમાંથી ઉદ્ભવેલો મોટાભાગનો નફો પણ તેમના દ્વારા બુક કરવામાં આવ્યો છે, એમ બજાર નિયામકે જણાવ્યું છે.

સેબી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસના સમયગાળા દરમિયાન, જેન સ્ટ્રીટ ગ્રુપમાં એફપીઆઇમાં બુક કરાયેલ ચોખ્ખો નફો રૂ. ૩૨,૬૮૧ કરોડ હતો. આ નફાનું પ્રમાણ જાન્યુઆરી અને મે ૨૦૨૫ વચ્ચેના મહિનાના અંતે ભારતમાં આ એફપીઆઇ દ્વારા રાખવામાં આવેલી સરેરાશ સંપત્તિ કરતાં નોંધપાત્ર રીતે વધારે છે, જે દર્શાવે છે કે આ નફો પરત કરવામાં આવ્યો છે, એમ વધુમાં જણાવાયું છે.

કેટલાક બજાર નિરીક્ષકો માને છે કે, બજાર નિયમનકાર સેબીનો જેન સ્ટ્રીટ પર કડક કાર્યવાહી જરૂરી હોઈ શકે છે, પરંતુ તે સ્ટોક એક્સચેન્જ અને બ્રોકર્સ માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. વ્યાપક અસર પર પ્રકાશ પાડતા એવી ચેતવણી ઉચ્ચારાઈ છે કે જો જેન સ્ટ્રીટ જેવી માલિકીની ટ્રેડિંગ કંપનીઓ, જે ઓપ્શન વોલ્યુમના લગભગ પચાસ ટકા જેવો હિસ્સો ધરાવે છે, તે હાથ એકાએક ખેંચી લે તો રીટેલર્સ સ્ટેક હોલ્ડર્સ પર પણ અસર પડી શકે છે! ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## આધુનિક યુદ્ધમાં ખરું ‘ડોન’ તો છે ડ્રોન!

### જંગ કોઈ પણ દેશ વચ્ચે થાય, પણ મેચવિનર ડ્રોન છે...


ચાયનીસ ડ્રોન


મિલ્ટ્રી ડ્રોન

હાલ રશિયા અને યુક્રેન વચ્ચેના ચાલુ યુદ્ધમાં સાબિત થયું કે ડ્રોનનું કેટલું મહત્ત્વ છે. યુક્રેનના ‘સ્પાઈડર વેબ ઓપરેશને’ તો આખા વિશ્વને ચોંકાવી દીધું છે. યુક્રેને તેના ફર્સ્ટ પર્સન વ્યૂ ડ્રોન વડે હજારો કિલોમીટર દૂર રશિયન બોમ્બરને લક્ષ્ય બનાવ્યા. યુક્રેન તો દાવો કરે છે કે અમે રશિયાના અણુશસ્ત્રનું વહન કરી શકે એવા ૪૦ બોમ્બરનો ખુરદો બોલાવી દીધો. છે. રશિયાને આને લીધે આઠ અબજ ડૉલરનું નુકસાન થયું છે. આ હુમલા દ્વારા યુક્રેને યુદ્ધની ટેક્નિક જ પલટાવી નાખી છે. હવે તો યુદ્ધમાં ફાઈટર જેટ કરતાં ડ્રોન વધુ મહત્ત્વના બની ગયા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના મિની યુદ્ધમાં પણ ડ્રોનનું મહત્ત્વ સમજાયું હતું. પાકિસ્તાને તુર્કી બનાવટના ડ્રોન વડે ભારતનાં વિવિધ શહેરો પર હુમલો કરવાના પ્રયાસ કર્યા તો ખરા, પરંતુ ભારતે રશિયા પાસેથી ખરીદેલી એસ ૪૦૦ સિસ્ટમે બધા ડ્રોનને નિષ્ક્રિય બનાવી દીધા હતા. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં પણ ડ્રોનનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઈરાન પાસે તો ફાઈટર પ્લેન નથી. એણે તો ડ્રોન અને મિસાઈલના હુમલા કરીને ઈઝરાયલને પ્રચંડ નુકસાન પહોંચાડ્યું. ઈરાને ઈઝરાયલની ત્રીસ્તરીય ડિફેન્સ સિસ્ટમને ભેદવા અને ચાતરવા ડ્રોનનો અસરકારક ઉપયોગ કર્યો. ઈરાનના છોડેલા ડ્રોનને નકામા બનાવવામાં ઈઝરાયલની ડિફેન્સ સિસ્ટમ કાર્યરત હતી ત્યારે ઈરાનની મિસાઈલો સિસ્ટમને થાપ દઈને લક્ષ્યો ભેદ્યાં હતા.

આજના યુદ્ધમાં સર્વવ્યાપી ડ્રોન બહુ ઝડપથી ફેવરિટ હથિયાર બનતું જાય છે. ડ્રોનને યુએવી (અનમેન્ડ એરિયલ વેહિકલ) નામે ઓળખવામાં આવે છે. આ માનવરહિત હવાઈ વાહનોએ યુદ્ધની રૂપરેખા જ બદલાવી દીધી છે.

૨૦૨૦માં નાગોર્નો-કારાબખ યુદ્ધમાં પહેલી વાર પ્રતીત થયું કે ડ્રોન કઈ રીતે હવાઈ યુદ્ધનો પ્રકાર બદલાવી શકે છે. અઝરબૈજાનની સફળતાનું કારણ એર ડિફેન્સ સિસ્ટમનો નાશ કરનારા ઈઝરાયલ દ્વારા ઉત્પાદિત હારોપ ડ્રોન હતા. રશિયા સામે યુક્રેન ત્રણ વર્ષથી વધારે સમયથી યુદ્ધ કરીને ટકી રહ્યું છે તેનું કારણ ડ્રોન છે. તેના ડ્રોન રશિયાથી ચડિયાતા છે. રશિયા ઈરાનના ડ્રોન થોડા સુધારા કરીને વાપરે છે.

ડ્રોનના ત્રણ મુખ્ય કામ ઇન્ટેલિજન્સ મેળવવાનું, દુશ્મન દેશના લશ્કર પર નજર રાખવાનું અને હુમલો કરવાનું છે.અમેરિકાના ‘એમ ક્યુ-૯ રેપર’ કે પછી યુક્રેનના ‘એફપીવી’ ડ્રોન બોમ્બ કે મિસાઈલ વડે નિર્ધારિત લક્ષ્યને ચોકસાઈભરી રીતે ભેદી શકે છે. માનવ સંચાલિત ફાઈટર વિમાન કે પરંપરાગત વેપન સિસ્ટમ કરતાં ડ્રોન ઘણા સસ્તા છે. દાખલા તરીકે ૭૦૦ અમેરિકન ડૉલરનું એક ડ્રોન બે કરોડ ડૉલરની ટેન્કનો નાશ કરી શકે છે. ડ્રોન ઓછી અને બહુ આધુનિક યુદ્ધ સામગ્રી ન ધરાવતા નાના દેશોને ડ્રોન લેવલ પ્લેયિંગ ફિલ્ડ પૂરું પાડે છે. ડ્રોનનો ઉપયોગ ઈલેકટ્રોનિક વોરફેરમાં પણ થાય છે. એ દુશ્મન દેશની સંદેશવ્યવહાર સિસ્ટમને જામ કરી શકે છે અથવા તો દુશ્મન દેશના અંતરિયાળ ભાગમાં હુમલા કરીને તેનામાં ફફડાટ - ડર ઊભો કરી શકે છે. દાખલા તરીકે યુક્રેનના નેવલ ડ્રોને બ્લેક સીમાં રશિયન જહાજ પર હુમલો કર્યો હતો. યુક્રેનના લાંબા અંતરના ડ્રોન રશિયાના ઓઈલ રિફાઈનરી પર હુમલો કર્યો..

ડ્રોન લોજિકલ સપોર્ટ પણ આપે છે. હવે અમેરિકા અને ચીન તો આમાં પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ AIનો ઉપયોગ કરે છે. આ બન્ને દેશ AIથી ચાલતા એવો ડ્રોનનો સમૂહ બનાવે છે જે ફાઈટર જેટને પણ ઉડાવી દે. વિશ્વના સૌથી ધનિક બિઝનેસમેન એલન મસ્ક કહે છે કે અમેરિકાના કરોડો રૂપિયાના એફ-૩૫ નિરર્થક છે. મસ્ક કહે છે ડ્રોનની સરખામણીએ તો એ બધા કાટમાળ જેવા છે. ડ્રોનનો સમૂહ તેને ખતમ કરી શકે.

બાજી તરફ, ચીને તો મચ્છર જેટલા નાના કદના ડ્રોન બનાવ્યા છે. તેની લંબાઈ બે સેન્ટિમીટરની છે. તેનું વજન ૦.૩ ગ્રામનું છે. એમાં કેમેરા, માઈક્રોફોન, સેન્સર, ઓડિયો રેકોર્ડિંગ અને ઈલેક્ટ્રોનિક સિગ્નલ કનેકશન છે.

ડ્રોન બનાવવાની ટેકનિકમાં અમેરિકા, ચીન, તુર્કી અને ઈઝરાયલ આગળ છે.અમેરિકા અને ઈઝરાયલના ડ્રોન મોંઘાં છે, જ્યારે ચીન અને તુર્કીના ડ્રોન સસ્તાં છે. ઇઝરાયલના હારોપ ડ્રોનનું ઉત્પાદન ભારતમાં કરવાનું છે. ભારત પાસે પણ મિની ડ્રોન છે તો રશિયા તો તેના ડ્રોનને સુધારવા તેને ઉપગ્રહ સાથે લિન્ક કરવાનું છે. રશિયા અને ચીન પાસે શત્રુના ઉપગ્રહનો નાશ કરે એવા ઉપગ્રહ છે. ભારત પાસે પણ શત્રુના ઉપગ્રહનો નાશ કરી શકે એવા ‘શક્તિ’ મિસાઈલ છે.


હવે સ્ટાર વોર શરૂ થયું છે. અમેરિકાએ તો અંતરિક્ષમાં ગોલ્ડન ડોમ બનાવાની મહત્ત્વાકાંક્ષી યોજના ઘડી કાઢી છે. આ સ્પેસ ડિફેન્સ સિસ્ટમ મિસાઈલ અને ડ્રોનના હુમલાને ખાળી શકશે તેમ જ અંતરિક્ષમાંથી દુશ્મન પર ત્રાટકી શકશે.ચીન અને રશિયા તો અમેરિકાની આ યોજનાથી હચમચી ગયા છે. આવું ડોમ બાંધવાનો ૧૭૫ થી ૫૪૨ અબજ ડૉલરનો ખર્ચ છે. આનાથી એક નવી દોડ ચાલુ થઈ જશે.

ભારત - પાકિસ્તાન વચ્ચેના તાજા જંગમાં પાકિસ્તાન તો ડમી હતું. મુખ્ય યુદ્ધ તો ચીન લડી રહ્યું હતું. એ જંગમાં ચીને તેનાં હથિયારોના અખતરા કરી જોયા. પાકિસ્તાનના અમેરિકા સાથેના સંબંધો પણ સુધરી ગયા છે. પાકિસ્તાન ચીન ઉપરાંત અમેરિકા પાસેથી હથિયાર ખરીદવાની કોશિશ કરી રહ્યું છે. ચીન તેના સ્ટીલ્થ ફાઈટર જેટ પાકિસ્તાનને આપવાનું છે. ભારતે સાવધાન રહેવું પડશે. ભારત કહે છે કે તેનું ‘ઓપરેશન સિંદૂર’ હજી ચાલુ છે. ભારતે રશિયા પાસેથી એસ-૫૦૦ ડિફેન્સ સિસ્ટમ લેવી જોઈએ. ભારતે ફાઈટર વિમાનો પણ ખરીદવા જોઈએ જેનો સોર્સ કોડ અને ટેક્નોલોજી ટ્રાન્સફર આપણને મળે.. ભારતે પણ આધુનિક યુદ્ધના મેચ વિનર સમા ઉત્તમ ડ્રોન હાંસલ કરવા પડશે, કારણ કે આજના આધુનિક યુદ્ધમાં ખરું ‘ડોન’ તો ડ્રોન છે! ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## ફિરોઝ ગાંધીએ મુંદડા કૌભાંડ પર સસરાજીની સરકારને ભીંસમાં લીધી


ફિરોઝ ગાંધી



કોલકાતાના હરિદાસ મુંદડાના કૌભાંડને ઉઘાડું પાડનારા ફિરોઝ ગાંધી વિશે ઘણું જાણવું જરૂરી છે કારણ કે બદઈરાદાપૂર્વક એમની સામે વ્હોટ્અપ યુનિવર્સિટી ઘણી ખોટી માહિતી ફેલાવતી રહે છે.

મુંબઈના ખેતવાડી વિસ્તારમાં રહેતા પારસી પરિવારના જહાંગીર ફિરદુન ગાંધી અને રતિમાઈના તેઓ પુત્ર. નાટકવાલા ભવનમાં રહેતા જહાંગીર કિલિક નિકાસન કંપનીમાં નોકરી કરતા હતા. ભરૂચથી આવીને મુંબઈમાં નોકરી કરતા હતા. ભરૂચથી આવીને મુંબઈમાં સ્થાયી થયેલા પરિવારમાં પાંચ સંતાન. ફિરોઝ ઉપરાંત બે દીકરા દોરાબ અને ફરીદુ અને બે દીકરી તહેમીના અને આલુ (દસ્તુર). પિતાના અવસાન બાદ ફિરોઝ પોતાની માતા સાથે અલાહાબાદમાં અપરિણીત માસી ડૉ. શિરિન સાથે રહેવા જતા રહ્યા હતા.

શરૂઆતમાં ફિરોઝ વિદ્યા મંદિર સ્કૂલમાં ભણ્યા. પછી બ્રિટિશ સ્ટાફ ધરાવતી પ્રચા પ્રયાગરાજની કૉલેજમાં જોડાયા. ૧૯૩૫માં લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં ગયા હતા. આ અગાઉ કૉંગ્રેસના સ્વાતંત્ર્ય સૈનિકોની બાળકોની પાંખ ‘વાનર સેના’માં સામેલ થયા હતા. પછી તેઓ આનંદ ભવનમાં ઘણો સમય વિતાવવા માંડ્યા અને નહેરુ પરિવારની નિકટ આવવાનો મોકો મળ્યો. એ સમયે મહાત્મા ગાંધીના માનમાં તેમણે પોતાની મૂળ અટક ઘાંડી (Gandy) બદલીને ગાંધી કરી હતી.

૧૯૩૦માં તેમણે લાલબહાદુર શાસ્ત્રી સાથે જેલવાસ ભોગવ્યો. પછી ફૈઝાબાદમાં ૧૯ મહિના કારાવાસમાં રહ્યા. ૧૯૨૨ અને ૧૯૨૩માં જવાહરલાલ નહેરુ સાથે કામ કરતી વખતે બે વખત જેલમાં ગયા હતા. આ દિવસો દરમિયાન તેઓ નહેરુ કુટુંબ અને ખાસ તો જવાહરલાલનાં પત્ની અને ઈન્દિરાનાં મર્મા કમલા નહેરુની નિકટ આવી ગયા હતા. ૧૯૩૪માં કમલાજીની સારવાર ભોપાલના ટીબી સેનેટેરિયમમાં સાથે ગયા હતા. કમલાજીએ ૧૯૩૬માં અંતિમ શ્વાસ લીધા ત્યારે પરિવારજનો ઉપરાંત ફિરોઝ પણ હાજર હતા. પછી ફિરોઝ અને ઈંદિરા ઈંગ્લેન્ડમાં નિકટ આવ્યા અને ૧૯૪૨ના માર્ચના લગ્નબંધનમાં જોડાયાં.

પરંતુ લગ્ન આ વાંચવા જેટલા આસાન નહોતા. હકીકતમાં આ સંબંધની શરૂઆતમાં બીજ સ્વાતંત્ર્ય સંગ્રામમાં રોપાયા હતા. અલાહાબાદની ગવર્નમેન્ટ કૉલેજ બહાર કમલા નહેરુ અન્ય કૉંગ્રેસી મહિલા કાર્યકરો સાથે ધરણા પર બેઠાં હતાં. ત્યારે ફિરોઝ આ કૉલેજમાં ભણતા હતા. તેઓ કૉલેજની ભીંત પર બેઠા-બેઠા ધરણાને નિહાળી રહ્યા હતા. અચાનક ભારે ગરમીને લીધે કમલા નહેરુ બેહોશ થઈ ગયા. આ જોઈને ફિરોઝ ભીંત પરથી કૂદીને અન્ય વિદ્યાર્થીઓની મદદથી કમલાજીને એક વૃક્ષ નીચે લઈ ગયા. પાણી મગાવીને એમના માથા પર ભીનું કપડું મૂક્યું. એમના ચહેરા પર હાથ પંખાથી હવા નાખવા માંડયા. તેઓ હોંશમાં આવ્યાં ત્યારે આનંદભવન લઈ ગયા.

કમલા નહેરુ પછી ફિરોઝની ઓળખાણ ઈંદિરા સાથે થઈ. જે લગ્નમાં પરિણમી. હકીકતમાં નહેરુને આ સંબંધ જરાય મંજૂર નહોતો પરંતુ ગાંધીજીના મનાવવાથી તેઓ તૈયાર થઈ ગયા હતા. નહેરુએ કદાચ દિલથી ક્યારેય ફિરોઝને સ્વીકાર્યા નહોતા. ઈંદિરા - ફિરોઝ વચ્ચે ય ચણભણની કાનાફુસી વચ્ચે ૧૯૫૨માં અને ૧૯૫૭માં ફિરોઝ ગાંધીની રાયબરેલીની ચૂંટણીના પ્રચારની કમાન ઈંદિરાજીએ સંભાળી હતી.

ફિરોઝને નજીકથી ઓળખનારા કહેતા હતા કે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેવાથી આ પારસી ભાયડો કયાં કંઈ પણ ખરાબ કે ખોટું થાય તો સહન કરી શકતો નહોતો. આથી નાના-મોટા મુદ્દે નહેરુ સરકારને સંસદમાં ઊભડક રાખતા ફિરોઝ ગાંધીએ ૧૯૫૮માં મુંદડા કૌભાંડને પર્દાફાશ કરીને સનસનાટી મચાવી દીધી હતી.

સંસદમાં ફિરોઝ ગાંધીએ સ્પષ્ટ શબ્દોમાં આરોપ મૂક્યો હતો કે મુંદડા કંપનીઓમાં રોકાણ કરવા માટે એલ.આઈ.સી. પર નાણાં પ્રધાન ટી. ટી. કૃષ્ણમ્માચારી અને નાણાં સચિવ એચ. એમ. પટેલ દબાણ લાવ્યા હતા. એ સમયે કૃષ્ણમ્માચારીએ ફિરોઝ ગાંધીની હાંસી ઉડાડતા જવાબ આપ્યો હતો કે આ આર્થિક બાબત છે જેમાં તમને ખબર ન પડે. આનાથી ઉશ્કેરાયેલા ફિરોઝ ગાંધીએ પોતાના આરોપના સમર્થનમાં પુરાવા રજૂ કર્યા અને સરકાર બેકફૂટ પર જવા લાચાર થઈ ગઈ.


વિપક્ષોએ આ મામલાને ખૂબ ગજાવ્યો. શાસક પક્ષના સાંસદે જ સરકાર પર તોપગોળો છોડ્યો હતો. સંસદ ઉપરાંત અખબારોમાંય સરકાર પર પસ્તાળ પડવા માંડી. અત્યાર સુધીની ‘લગભગ સ્વચ્છ’ કૉંગ્રેસી સરકાર પર મોટું આળ આવ્યું હતું આ સંજોગોમાં વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ નાછૂટકે એક નિર્ણાયક પગલું ભરવું પડ્યું. (ક્રમશઃ)■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

પુરાણકથા...

# ઈતિહાસ-સાહિત્ય ને માનવજાતના અસ્તિત્વ માટે કેટલી પ્રેરણાદાયી?

વેદ અને ઉપનિષદ સાથે પુરાણ ભારતીય સનાતન ધર્મ સમજવા માટે મહત્ત્વનો આધાર છે. પુરાણોની સરળ કથાઓ પરથી લખાયેલું સાહિત્ય, નાટકો અથવા સિનેમા દેશ-વિદેશમાં




પ્રચલિત છે.ભારતીય સનાતન મુજબ 'પુરાણ' શબ્દનો સીધોસાદો અર્થ થાય જે પ્રાચીન - પૌરાણિક હોવા છતાં આધુનિક યુગની સમસ્યાઓને હલ કરવામાં મદદરૂપ થઇ શકે એવું... પુરાણોનું એક લક્ષણ એવું છે કે જે પ્રાચીન યુગમાં પણ આધુનિકતાથી ભરપૂર હતું. વાયુ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે જેના અભ્યાસથી ભૂતકાળ સજીવ થઇ જાય છે. કેટલાક ગ્રંથોમાં એવું માનવામાં આવે છે કે વેદ સાથે પુરાણોની રચના થઇ છે. પ્રશ્ન એ થાય કે આજે આપણે શા માટે પુરાણોની વાત કરીએ છીએ? ધીમે ધીમે ચોમાસું જામતું જાય છે અને સમગ્ર દેશમાં પર્યાવરણની ચર્ચા અને ચિંતા થતી હોય છે. આપણા ઋષિઓએ પુરાણો થકી પર્યાવરણનું મહત્ત્વ શીખવાડ્યું છે. જગતના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પર્યાવરણનું બચવું જરૂરી છે. ભારતીય પુરાણોમાં પર્યાવરણને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ભવિષ્ય પુરાણમાં લખવામાં આવ્યું છે કે એક વાવ દશ કૂવા બરાબર છે. એક તળાવ દશ વાવ સમકક્ષ છે, એક પુત્ર દશ તળાવ જેટલું મહત્ત્વ ધરાવે છે પણ એક વૃક્ષ દશ પુત્રો જેટલા મહત્ત્વના છે.

ભારતીય પરંપરામાં કેટલાક અભ્યાસ મુજબ મૂળ પુરાણ એક જ હતું. આ પુરાણમાં સમય જતાં વિવિધ વિષયોમાં અભ્યાસ થયો. માનવ અસ્તિત્વ, ભક્તિ, માનવીય સંવેદના, પ્રકૃતિ, અધ્યાત્મ, દેવોનું મહત્ત્વ જેવા વિષયો ઉમેરાતાં ગયા. ધીમે ધીમે પુરાણોની સંખ્યામાં વૃદ્ધિ થવા લાગી અને અઢાર પુરાણો થયા. કેટલાક ગ્રંથોને પુરાણો ગણવા કે કેમ એ અંગે અભ્યાસુઓ વચ્ચે વાદવિવાદ ચાલતો હોય છે. અઢાર પુરાણોની રચના પછી પણ જે રીતે હજારો વર્ષથી વિજ્ઞાન પ્રગતિ કરે છે એ રીતે માનવજીવન સુધારવા માટે પુરાણો પર અવિરત અભ્યાસ થતો રહ્યો. મુખ્ય પુરાણોની પરંપરામાં અઢાર ઉપપુરાણો ઉમેરાતાં ગયા. માનવજીવનમાં સત્ય શોધવાની તાલાવેલીએ બીજા અઢાર ઔપપુરાણ બન્યા.મુખ્ય અઢાર પુરાણ ક્યા છે એ વિવાદનો જવાબ આપવા એક સુંદર શ્લોક લખવામાં આવ્યો હતો. પુરાણ કથાઓની સૌથી મોટી ઉપલબ્ધી તેની ઉત્કૃષ્ઠ ભાષા છે. એ શ્લોક મુજબ મકારથી બે પુરાણો મત્સ્ય અને માર્કેન્ડેય થયા. ભકારથી બે પુરાણો ભવિષ્ય અને ભાગવત બન્યા. બ્ર થી બ્રહ્માંડ, બ્રહ્મ અને બ્રહ્મવૈવર્ત જેવા ત્રણ પુરાણો બન્યા. આજ રીતે વ થી વામન, વિષ્ણુ, વરાહ અને વાયુ પુરાણ બન્યા. અ થી અગ્નિ, પ થી પદ્મ, ગ થી ગરુડ, કૂ થી કૂર્મ અને સ્ક થી સ્કંધ પુરાણની ઉત્પત્તિ થઇ હોવાનું માનવામાં આવે છે. શિવ પુરાણને મુખ્ય પુરાણ માનવાવાળો એક વિશાળ વર્ગ છે.

સવાલ એ છે કે એ યુગમાં આપણા ઋષિઓએ હજારો શ્લોકની રચનાઓ કેવી રીતે કરી હશે જે માનવજીવનના પ્રત્યેક પાસાઓ માટે જરૂરી માર્ગદર્શન આપતાં હોય. મત્સ્ય પુરાણમાં ચૌદ હજાર શ્લોક લખાયેલા છે. સૃષ્ટિના ઉદ્ભવની સાથે ઉત્ક્રાંતિ જેવા વિષયોની કથા લખવામાં આવી છે. આજના વિજ્ઞાનના યુગમાં કોઈ ચેલેન્જ કરે તો આપણે ગૌરવથી કહી શકીએ કે વિજ્ઞાનમાં સમય અને સંજોગો મુજબ પરિવર્તન આવ્યા જ છે તો આ કથાઓ પણ લઘુતમ સાધનો વચ્ચે ઉત્તમ પ્રયાસ હતો. દેવીઓના મહત્ત્વને સમજાવતું હજાર જેટલા શ્લોક ધરાવતું માર્કન્ડેય પુરાણ વાંચવા જેવું છે. ચૌદ હજાર શ્લોકનું ભવિષ્ય પુરાણનો અભ્યાસ એટલા માટે થવો જોઈએ કે વિદેશના ભવિષ્યવેત્તાઓની કથા માટે કલાકો બગડતી જનરેશનને ખબર પડવી જોઈએ કે આપણા વડવાઓએ ભવિષ્ય માટે શું લખ્યું છે. આપણા ઇતિહાસના કેટલાય પાનાં આ પુરાણમાંથી નીકળે છે.

ભારતનું સૌથી લોકપ્રિય અને વિશ્વભરમાં જાણીતું ભાગવત પુરાણમાં બાર સ્કંધ સાથે અઢાર હજાર જેટલા શ્લોક લખવામાં આવ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાઓ સહિત માનવજીવનને માર્ગદર્શક એવી અનેક ગાથાઓ લખવામાં આવી છે. હજારો કૃષ્ણપદ અને કાવ્યોમાં ભગવાનની લીલાઓનું વર્ણન લખવામાં આવે છે જેના મૂળમાં આ ગ્રંથ છે. લગભગ અઢાર હજાર શ્લોક ધરાવતું બ્રહ્મવૈવર્ત પુરાણમાં રાધાજીનું વર્ણન આવે છે. બ્રહ્માંડ પુરાણ અને બ્રહ્મ પુરાણમાં દેવ દેવીઓ તેમ જ શિવ પાર્વતીની અદ્ભુત કથાઓ લખવામાં આવી છે. દેશ અને દુનિયામાં અભ્યાસનો વિષય એવા દરેક પુરાણો પાસે આગવી અને સાહિત્યિક વિશિષ્ટતા છે.

બ્રહ્માંડની રચના વિષે ભાગવતમાં લખવામાં આવ્યું છે કે જે રીતે કુંભારનું પૈડું ફરે છે અને તેના પર કીડીઓ ચાલતી હોય છે. આ કીડીઓ પોતે પણ ફરે છે અને પેલા પૈડાં સાથે પણ ગતિ કરે છે એ જ રીતે આ બ્રહ્માંડ કામ કરે છે. મત્સ્ય પુરાણમાં કહે છે કે પ્રકૃતિ સાથે સંતુલન જાળવવું જરૂરી છે નહીં તો વિનાશ થઈ

શકે છે.પુરાણ ગ્રંથના ભગવાન રામ જેવા મહાન રાજાઓ અને ભીષ્મ કે કૃષ્ણ જેવા નેતાઓની કથાઓ આપણને નેતૃત્વના ગુણ શીખવે છે. અગ્નિ પુરાણમાં રાજધર્મની ચર્ચા કરવામાં આવી છે. શિવ પુરાણમાં શિવ-પાર્વતીના સંબંધનો અભ્યાસ કરીએ તો પ્રેમ, સમર્પણ અને પરસ્પર સમજણ એટલે શું એ શીખવે છે. વ્યસ્ત જીવનમાં વ્યક્તિ સંબંધનું મહત્ત્વ ભૂલવા લાગ્યો છે, પુરાણ ગ્રંથો આપણને કુટુંબ અને સમાજ સાથે જોડાયેલા રહેવાની પ્રેરણા આપે છે. વિષ્ણુ પુરાણમાં ભક્ત પ્રહલાદની કથા દરેક ભારતીયને ખબર જ હોય, આ કથા કે પછી સમુદ્ર મંથનની કથા જિંદગીમાં સંઘર્ષ સમયે કેવી રીતે મનને મજબૂત રાખી શકાય એની પ્રેરણા આપે છે.


વેદો અને ઉપનિષદો જટિલ અને ફિલસૂફીભર્યા હોવાથી સામાન્ય લોકો માટે સમજવું મુશ્કેલ હતું. પુરાણોએ સૌથી મોટો ઉપકાર એ કર્યો કે વેદના જ્ઞાનને કથાઓ, ઉદાહરણો અને સરળ શ્લોકો દ્વારા લોકો સુધી પહોંચાડ્યું. પુરાણોની સૌથી મોટી ખાસિયત તેમની મૌલિક કથાઓ છે. આ કથાઓ માનવજીવનમાં એટલી ઓતપ્રોત થઇ ગઈ છે કે તમે શહેરથી ગામડાં સુધીના જીવનમાં ભક્તિ અને નૈતિકતાનું શિક્ષણ આપે છે.

**ધ એન્ડ :**

*દેવતાઓ આકાશમાંથી બૂમો પાડતાં હતા કે ભગવાન તમારા ક્રોધને રોકો, અટકાવો ત્યાં સુધીમાં તો ભગવાન શિવે કામને ભસ્મીભૂત કરી નાખ્યો હતો (કુમાર સંભવ)*

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# બે પાકિસ્તાનીએ કંઇ ફતેહની પાર્ટી કરી?




'મિંયા ગુલાબ જાંબુ આરોગો.' અશરાફ મિંયાએ દિલાવરની સામે ગુલાબજાંબુના ટીનનું ઢાંકણ ખોલીને ડબ્બો લંબાવ્યો. મોંમાં પાણી આવે એવા ખુશ્બુદાર ગુલાબજાંબુ. ચિકણી ચમેલી-કમીની જેવી ચાસણી. ડાયાબિટીસના દર્દી પણ ડાયાબિટીસ ભૂલીને પાંચ છ ગુલાબજાંબુ ઉલાળી જાય. દિલાવરે ગુલાબજાંબુ મોંમાં મૂક્યું અને પલભરમાં લિજ્જતદાર ગુલાબજાંબુ ગળામાં ઓગળી ગયું.

'ભાઇજાન, કિસ ખુશીમે મીઠાઇ ખવડાવી રહ્યા છો?' દિલાવરે પૂછયું.

'બસ ઐસે હી. દિલ બાગ બાગ હો ગયા હૈ જી.' અશરફે કહ્યું.

'કયા તરક્કી હુઇ હૈ, જનાબ?' દિલાવરે પૂછયું.

'હમ મહેનતકશ હૈ. હમારે મુલ્ક મેં આમ આદમી કી કહાં તસ્કરી હોતી હૈ? હમ થોડે લુઝર ઔર સરાસર નિકમ્મે હૈ કે અસીમ મુનીર સાહેબ કી તરહ ખુદ હી હમારી તરક્કી મંજૂર કર દે?' અશરફે ભડાશ કાઢી.

અશરફ કોઇ સરકારી ખાતામાં કારકુન હતો. સત્તર વરસથી તરક્કી થઇ ન હતી. પાકિસ્તાની લશ્કરી વડા મુનીરે દલા તરવાડીની માફક 'પ્રમોશન લઉં બે-ચાર' કહીને ફિલ્ડ માર્શલનું પ્રમોશન લઇ લીધું એનો રંજ અશરફ સહિત પૂરી આવામને કેમ ન થાય?

'અરે ભાઇ ઠીક હૈ. અલ્લાતાલા કી યહી મરજી હોંગી. સિંગર અદનાન સામીએ તો મુનીરને 'ગધ્ધે કા સરતાજ' કહ્યો છે... હા, જબ અલ્લા મહેરબાન તો મુનીર પહેલવાન. મિંયા, કોઈ ઇશ્કબિશ્કના ચક્કરમાં તો મીઠાઇ નથી ખવરાવીને?' દિલાવરે પૂછયું

'નહીં મિંયા, યહાં જીંદગી ઝંડ હોતી જા રહી હૈ. ઇશ્કફિશ્કની કોઇ ગુંજાયેશ નથી રહી.' અશરફ બોલવા ખાતર બોલ્યો, પરંતુ, ચહેરા પર શરમના સિલ્વર શેરડા પડયા.

'તો ફિર ભાભીજી પેટ સે હૈ? તમારી આઠ આઠ ઔલાદ તો છે પછી આ નવમાના આગમનની ખુશીમાં છે?'

આમેય પાકિસ્તાની આવામ આ એક જ કામ પૂરી સિદ્દતથી કરે છે. શાહજહાં પાકિસ્તાનમાં હોત તો મુમતાજની અઠાવીસમી પ્રસૂતિની ખુશીમાં મુમતાજના જીવતેજીવ તાજમહેલ નહીં, પરંતુ, તાજ ચાય સેન્ટર ખોલ્યું હોત. બ્રેડબટર કમાવા બચ્ચો કો પેદા કરને કે અલાવા કુછ જુગાડ કરના પડતા હૈ, બરખુરદાર.' દિલાવરે પૂછયું.

'નહીં મિંયા, હમને ફેમિલી પ્લાનિંગ કા ઓપરેશન કરવા લિયા હૈ.' અશરફે અકકલમંદીની વાત કરી.

'અરે, ઔલાદ તો ઉપરવાલે કી દેન હૈ. ઉસે ભલા કૈસે રોક લિયા જાતા હૈ?' દિલાવરે ખરખરો કર્યો.

'દિલાવર, માન લિયા કે ઔલાદ અલ્લાતાલા કી દેન હૈ, પણ એમને પોષવાના તો મારે જ ને! આમદની પાની સે પતલી હૈ, ઔર ખર્ચે? પૂંછના હી મત.' અશરફે મુશ્કેલી બયાન કરી.

'તો ફિર અબ્બા કા બારીશ મે ઇન્તકાલ હો ગયા ઉસ કા હરજાના મિલા હૈ?'

'દિલાવર મિંયા, કિસ મુલ્ક કે મેં રહેતે હો? અરે, યાર આપણે ત્યાં તો નુકસાની કે ઈનામ માટે આતંકવાદી બનવું પડે! આપણા આ પડોશી દેશના ઓપરેશનમાં આતંકવાદી કે ચચ્ચે-ફૂફા-જીજાકા ઇન્તેકાલ હો ગયા તો સરકારને ચૂટકી બજાને સે પહેલે એક એક કરોડ રૂપિયા કા હરજાના દે દિયા...!'

'અરે, વાહ...કહેના પડે!'

'લેકિન મિંયા, તુને પતા હૈ ...હમારે મુલ્ક કી શાન ગદ્ધોને બઢા દી. પડોશી મુલ્ક કો હમને આનબાનશાન સે ધૂલ ચટા દી.' અશરફે મુશ્કુરાઇને ખુશખબર આપી.

પાકિસ્તાનની આ માનસિકતા છે. એમનું ઘર બળી જાય તો વાંધો નથી, પરંતુ ભારતમાં ધુમાડો જુએ તો લાક્ષાગૃહની કલ્પના કરી ખુશી જાહેર કરે.!

'દિલાવર, આપ કો પતા હોંગા કે હમારી જમ્મુરિયત ગદ્ધો કી બદૌલત ચલતી હૈ. ગદ્ધો ગદ્ધે કો વોટ દેકર ગદ્ધોકો એસેમ્બલી ભેજતે હૈ. હમ આવામ ગદ્ધો કા બોજ ઉઠાતે હૈ.' અશરફે ગધેડાયણ ચાલુ કર્યું.

'વેઇટ અશરફ વેઇટ. હમ દો પૈરવાલે નહીં લેકિન રિયલ ગદ્ધો કી બાત કરની ચાહિયે.' દિલાવરે અશરફને ટોક્યો.

'હમારા ઇકોનોમી ગદ્ધો પર ચલતા હૈ...આપણે મફતમાં આતંકવાદીઓને પડોશી મુલ્કમાં એક્સ્પોર્ટ કરીએ છીએ પણ આપણે એક ગધેડા દીઠ બે લાખ રોકડા લઈને ચીન વેંચીએ છીએ!'. અશરફે ઘોડાના ભાવે વેચાતા ગધેડા પર ફક્ર જતાવ્યો પછી ઉમેર્યું:

'હમારે યહાં પિછલે સાલ ગદ્ધે-ગદ્ધી કી શાનદાર મહેનત સે એક લાખ ગદ્ધે કી બઢોતરી હુઇ. હમ કો ૩,૦૦,૦૦,૦૦,૦૦૦ પાકિસ્તાની રૂપિયે મિલેંગે. યે હમારી ગદ્ધા ફતેહ હૈ. હમારે પડોશી મુલ્ક કે મેં ગદ્ધો કી તાદાત બઢ શકી નહીં.'

'તો?'

'તો યહ કી ... હમને હમારે પડોશી મુલ્કકો ગદ્ધે કે મામલે મે પરાસ્ત કર દિયા. બોલો, સેલિબ્રેશન બનતા હૈ કી નહીં?'

એમ કહીને અશરફે ૪-૫ ગુલાબજાંબુ દિલાવરના મોંમાં ધરબી દીધા અને ચાસણીવાળા હાથ પોતાની લૂંગી પર લૂંછી નાંખ્યા.!

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# વાંકાનેર છે સ્થાપત્ય કલાનું ઉત્તમ ઉદાહરણ

સૌરાષ્ટ્રમાં મસ્તમજાનું ઝાલાવાડ આવેલું છે, તેમાં 'વાંકાનેર' ઝાલા રાજવીઓનું રજવાડું આવેલ છે, જે ઈ. સ. ૧૬૦૫માં રાજશ્રી સરતાનજી હળવદથી આવ્યા ને 'વાંકાનેર' રાજ્યની સ્થાપના કરી. વાંકાનેરનો ભૂપ્રદેશ પર્વતીય છે! પથ્થરની અહીં ખાણ હતી, વાંકાનેર રાજ્યની સ્થાપના સરતાનજીએ કરેલ ત્યારે વાંકાનેરનાં સૂફિસંતોનાં આશીર્વાદ લઈ તેની સૂચના મુજબ વાંકાનેર વસાવેલ જે મચ્છુ કાંઠે વસેલું છે.

***'મચ્છુ કાંઠો ને મોરબી વચ્ચમાં વાંકાનેર, ઈ' નર પટાધર નીપજે, ઈ' પાણી હુંદો ફેર.'***

પતાળિયો નદી ને મચ્છુ નદીના સંગમકિનારે વસેલું વાંકાનેર જીયા શાહબાવાનાં કલાત્મક મિનારા ને નાગાબાવાનું મંદિર આવેલું. અહીં શ્રાવણ વદ ૧૦નો નાગાબાવાનો મેળો ભરાય છે. મેળો માણવા આવનારા તેના પ્રસાદ તરીકે જલેબી અને ભજિયાં અચૂક આરોગે છે! વાંકાનેર મોરબી જિલ્લાનો મોટામાં મોટો તાલુકો છે. વાંકાનેર પંથકમાં સિરામિકને લગતી માટી વિપુલ પ્રમાણમાં સાંપડી રહે છે. તેના કારણે લખલૂટ ગ્લેઝ ટાઇલ્સ અને સિરામિક ઉદ્યોગ ધમધમે છે! જ્યાં જુઓ ત્યાં ગ્લેઝ ટાઇલ્સ માતબર પ્રમાણમાં બને છે. અત્યાધુનિક સાધનોથી ગ્લેઝ ટાઇલ્સ બને છે, તેમ જ ડુંગરાળ પ્રદેશ હોવાથી ગૌપાલક માલધારી ભરવાડો ગાયના દૂધનો માવો બનાવવામાં માહિર છે. ગૌપાલક બહેનો આમ તો અભણ હોય છે! પણ તેની કોઠાસૂઝ કાબિલે તારીફ ગણી શકાય. માવો આ અભણ બહેનો બનાવે, પણ માવાની ગોટી જોતાં મોંમાં પાણી આવી જાય, વાંકાનેરમાં સૌરાષ્ટ્રનું મોટામાં મોટું માવાબજાર ભરાય છે! અહીંનો માવો ગુજરાત, મહારાષ્ટ્ર (મુંબઈ) સુધી જાય છે. આ માવામાંથી ગુલાબજાંબુ, પેંડા, ગોલા, કુલફી, ટોપરાપાક જેવી સ્વાદિષ્ટ મીઠાઈઓ બને છે. આ માવો વેચવા મોટે ભાગે ગૌપાલક બહેનો જ આવે છે. તે અભણ હોય છે તેમ છતાં ઘરનું સંચાલન બખૂબી કરે છે.



મહારાજા કેસરીદેવ સિંહજી

૧૯૦૭માં મહારાજા અમરસિંહજીને ત્યાં રાજકુંવરનો જન્મ થયો. આ જ વર્ષે 'રણજિત વિલાસ પેલેસ'નું ખાતમુહૂર્ત જામનગરના રાજા રણજિતસિંહના વરદ્ હસ્તે થયેલ, આ પેલેસને ૧૧૮ વર્ષ થયા છે આ પેલેસનું જૂનું નામ રણજિત વિલાસ પેલેસ છે પણ અત્યારે વાંકાનેર પેલેસ કહીને બોલાવે છે. ઓડિશાના મહારાજા અને વાંકાનેરના જમાઈ 'પૂર્ણચંદ્ર ભંજદેવ'ના નામ પરથી ગેસ્ટહાઉસ છે. વાંકાનેર રાજવી પરિવારની 'મોટીવાડી' ચાર માળની કલાત્મક ચોરસ વાવ છે. તેમાં અલભ્ય 'શિવજી'ની અલભ્ય છે. આખી વાવ પથ્થરથી મઢેલ છે. જેમ જેમ પાણી નીચું જતું જાય તેમ તેમ આરામ કરવા નીચેના માળે રાજવી લોકો જતા. ઉનાળામાં ઉષ્ણતામાનનો પારો આકાશે આંબે છે તે વેળા એ.સી. જેવી શીતળતા આ વાવમાં મળે છે! 'મોટીવાડી'ની બાજુમાં સ્વિમીંગ પુલ મસ્ત મજાનો અફલાતુન સ્વિમીંગ પુલ છે. તે જમાનામાં બનેલ સ્વિમીંગ પુલ લાજવાબ છે. તેમાં આરસની મૂર્તિ નિહાળતા મનમોહક લાગે છે. વાંકાનેરનો 'રણજીત વિલાસ પેલેસ'ને મોટીવાડી વિસ્તારમાં અસંખ્ય હિન્દી-ગુજરાતી ફિલ્મના શૂટિંગ થયા છે! તાજમહેલ જેવો લાગતો વાંકાનેરના પેલેસમાં 'પનાહ' ફિલ્મમાં ટાઈટલમાં આ પેલેસ બતાવાય છે. થોડા વર્ષો અગાઉ 'મટરૂકી બીજલીકા મંડોલા'નું ઘણું બધું શૂટિંગ થયું હતું. પેલેસની બાજુમાં આવેલ જનાના મહેલ છે તે રાજકોટના ઠાકોર લાખાજીરાજના નામ પરથી 'લાખેન્દ્ર વિલાસ વિંગ' તરીકે ઓળખાય છે. બાજુમાં ગેસ્ટહાઉસ છે, જેનું નામ કચ્છના મહારાજા શ્રી ખેંગારજીના નામ પરથી 'ખેંગાર ભુવન' રાખવામાં આવ્યું છે. મચ્છુ નદીનાં કિનારે ગેસ્ટહાઉસ છે તે પણ ભવ્યતાતિભવ્ય છે, જેને લોકો 'મોટીવાડી' તરીકે ઓળખે છે.

વાંકાનેર અત્યારે કૂદકે ને ભૂસકે પ્રગતિના પંથે દોડી રહ્યું છે. વાંકાનેર સિટી પાઘડી પન્ને વસેલ છે, આપને આ આર્ટિકલ સાથે મચ્છુ નદી, પતાળિયો નદી કાંઠે વસેલું વાંકાનેરનો ડ્રોન ફોટો અદ્ભુત બતાવું છું તેમજ પ્રજા વાત્સલ્ય રાજવી મહારાણા શ્રી કેશરીદેવસિંહ ઝાલા પણ વાંકાનેરનાં વિકાસમાં સિંહફાળો આપે છે, યુવાન રાજવી પ્રજા પ્રેમી છે, તેમ જ ફરવા લાયક ગાયત્રી મંદિરને ગઢિયા ડુંગર પર બિરાજમાન કાલીકા માતાની ટેકરીએ રવિવારે મેળા માફક મેદની ઉમટી પડે છે. પગથિયા ચડીને કાલિકામાતાના મંદિરે શ્રદ્ધાળુઓ જાય છે. 'ગઢિયા ડુંગર' પરથી વાંકાનેરને નિરખવાની મજા અલૌકિક છે. તેનો નજારો નયનરમ્ય છે.









# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## નિશાને ઉષા સાથે ક્યાંથી ફાવે?




ત્રીસેક વર્ષ પહેલા ‘હમ આપકે હૈં કૌન’ ફિલ્મના ગીતની પંક્તિ ‘હાય રામ કુડિયોં કા હૈ ઝમાના’ દ્વારા જે બીજ રોપ્યું હતું એ હવે વૃક્ષ બની રહ્યું છે. વટ સાવિત્રી નહીં, વટ સત્યવાન વ્રત થવા લાગે એ સમય બહુ દૂર નથી. ‘આજ કી નારી સબ પે ભારી’ એ હવે માત્ર ઘોષણાબાજી નથી રહી, વ્યવહારમાં જોવા મળી રહ્યું છે. ઉત્તર પ્રદેશની હાઈ સોસાયટી ગણાતા નોઈડાનો આ કિસ્સો વાંચ્યા પછી તમને પણ ખાતરી થઈ જશે. બન્યું છે એવું કે સોશિયલ મીડિયામાં ખાસ્સી વ્યસ્ત રહેતી અને રિલ્સ બનાવતી નિશા નામની ગૃહિણીએ પતિ વિરુદ્ધ જ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ના, દહેજ કે મારપીટ જેવા કારણસર નહીં, પણ પતિ વિજેન્દરનો ‘અપરાધ’ એટલો જ હતો કે ‘ડાર્લિંગ, સોશિયલ મીડિયા પાછળ ઓછો સમય બગાડો અને ઘરકામમાં ધ્યાન આપો’ એવું નિશાને કહ્યું. ઘરકામને પહોંચી વળવા સવારે વહેલા ઊઠવું પડે. હવે તમે જ કહો કે નિશા(એટલે રાત્રિ)ને ઉષા (સવાર) સાથે ફાવે ખરું? પતિનું કહ્યું માનવા જતા રિલ્સ બનાવવાનો વખત ન મળ્યો અને એટલે ઈન્સ્ટાગ્રામ પર તેના ફોલોઅર્સની સંખ્યા ઘટી ગઈ. સવારમાં ચા - નાસ્તો તૈયાર ન થાય કે કૂકરની સીટી વગાડવાનું વિસરી જવાય એ ચાલે, પણ રિલ્સ ન બને એ કેમ ચાલે? નિશા વિફરી અને તાબડતોબ સાસરું છોડી પિયર પહોંચી અને પોલીસમાં ફરિયાદ નોંધાવી દીધી.

## આજીવન બિલાડીની દેખભાળ કરો, દલ્લો મેળવો




પાળેલા પ્રાણી માટે કેટલા પ્રેમ - લાગણી હશે. તુંડે તુંડે મતિર્ભિન્ના તમે કહેશો. દલીલ સાચી છે, પણ રોમિયોના જુલિયેટ માટે કે હીરના રાંઝા માટે કે લૈલાના મજનુ માટેના પ્રેમને ભુલાવી દે એવા અગાધ - અફાટ પ્રાણીપ્રેમના કિસ્સા જાણવા જેવા હોય છે. ચીનના ગ્વાંગડોંગ પ્રાંતના ૮૨ વર્ષના રહેવાસી મિસ્ટર લોન્ગ પાસે સારી સંપત્તિ છે. એમને કોઈ સંતાન નથી અને પત્નીનું અવસાન થયું છે. સગા સંબંધીઓ છે, પણ જે વ્યક્તિ તેમની લાડલી બિલાડી શિયાનબાની આજીવન સેવા કરવા તૈયાર હોય એમના નામે જ વસિયત કરશે એવું તેમણે જાહેર કર્યું છે. એમના ઘરમાં ઘણાં વર્ષો પહેલા ચાર બિલાડી પાળવામાં આવી હતી. સમય જતા ત્રણ મૃત્યુ પામતા ચોથી શિયાનબાની માટે મમત્વ વધી ગયું. દસ વર્ષ પહેલા પત્નીના અવસાન પછી મિસ્ટર લોન્ગ માટે બિલાડીની દેખભાળ જીવનનો એક માત્ર હેતુ બની ગયો. પોતે આ દુનિયામાં હયાત નહીં હોય ત્યારે એ એકલી ન પડી જાય એવી વ્યવસ્થા જીવતેજીવત કરી દેવા માગે છે મિસ્ટર લોન્ગ.

## હવે, તું તારા રસ્તે ને હું મારા રસ્તે




મથાળું વાંચી એવી કોઈ ગેરસમજ નહીં કરી બેસતા કે કોઈ યંગ કપલના બ્રેકઅપની કે પછી છૂટાછેડા થયેલા યુગલની કે સંયુક્ત કુટુંબમાં રહેતા બે ભાઈ વચ્ચે તકરાર થયા પછીનો ચિતાર વાંચવા મળશે. વાત છે પ્રકૃતિના પરાક્રમની, દરેક પ્રકારના અવરોધ વચ્ચે પણ પોતાના માર્ગે ખળખળ વહી જતા જળની. કર્ણાટકના હાસન જિલ્લાના મનકાંહલ્લી નામના એક ખોબા જેવડા ગામમાં એક એવો પથ્થર છે જે જોયા - જાણ્યા પછી વામન વિસ્તારની વિરાટ વરાયટી એવું બોલ્યા વિના તમે નહીં રહી શકો. વર્ષો પહેલા કોઈ ભેજાબાજ - જ્ઞાની વ્યક્તિએ ગામના એક વિશિષ્ટ સ્થળે એક પથરો બેસાડ્યો હતો. એના પર અંગ્રેજીમાં કોતરવામાં આવેલા અક્ષરમાં સૌથી ઉપર RIDGE (એટલે કે પાળ) વંચાય છે અને એક તરફ ARABIAN SEA (અરબી સમુદ્ર) અને એક બાજુ BAY OF BENGAL (બંગાળનો ઉપસાગર) વંચાય છે. અચરજની વાત એ છે કે ઊંચે આકાશમાંથી ધરતી પર વરસાદ સ્વરૂપે વરસતા જળનો હિસ્સો આ પથ્થર પર જમણી બાજુ પર પડ્યા પછી કાવેરી નદીમાં ભળી પૂર્વ દિશામાં વહી બંગાળના ઉપસાગરમાં સમાઈ જાય છે, જ્યારે ડાબી બાજુએ નભમાંથી પડતું પાણી નેત્રાવતી નદીમાં ભળી પછી પશ્ચિમ દિશામાં આગળ વધી અરબી સમુદ્રમાં સમાઈ જાય છે. ધરતી પર વરસતા સુધીની યાત્રા સંગાથે કર્યા પછી તું તારા રસ્તે ને હું મારા રસ્તે - જળકમળવત ભાવનાનું કેવું સશક્ત ઉદાહરણ. આ વર્ષે પણ આ સ્થળની અજાયબી માણવા પર્યટકો આવ્યા હતા.

## ઠંડો મામલો ગરમ થાય ત્યારે...




ઉગ્ર બોલાચાલી કે મારપીટ અથવા પથ્થર ફેંકવાના બનાવ પછી પરિસ્થિતિ થાળે પડી જાય ત્યારે મામલો ઠંડો પડી ગયો એમ કહેવાતું હોય છે. કાયદાની દુનિયામાં પુરાવાના અભાવે કોઈ શંકાસ્પદ કેસમાં નિરાકરણ ન થયું હોય તો એ કેસ ‘કોલ્ડ કેસ’ કહેવાય છે. યુકેમાં વર્ષો પહેલા ઠંડા પડી ગયેલા મામલા (કોલ્ડ કેસ)માં મોડર્ન સાયન્સની કમાલ ગણાતા ડીએનએ પુરાવાના આધારે ૯૨ વર્ષના જૈફ બ્રિટિશ નાગરિકને ૫૮ વર્ષ જૂના બળાત્કાર અને હત્યા કેસમાં કસૂરવાર ઠેરવવામાં આવ્યા છે. ૧૯૬૭ના જૂન મહિનામાં એ સમયે ૩૪ વર્ષના નરાધમે એક ઘરમાં ઘૂસી ૭૫ વર્ષની મહિલા પર બળાત્કાર કરી એની હત્યા કરવાનું હિચકારું કૃત્ય કર્યું હતું. નરાધમ વડીલને આજીવન કેદની સજા ફટકારી ઓછામાં ઓછા ૨૦ વર્ષની જેલનો ચુકાદો આપી ન્યાયમૂર્તિએ સાફ સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે ‘તમને ક્યારેય કારાવાસમાંથી મુક્તિ નહીં મળે, તમારું મૃત્યુ જેલમાં જ થશે.’ ઠંડો મામલો ગરમ થાય ત્યારે ભલભલા દાઝી જાય.

## લ્યો કરો વાત!

*‘કાળિયા સાથે ધોળિયો બાંધો તો વાન ન આવે પણ સાન તો આવે’ કહેવતનો થાઈલેન્ડમાં વિચિત્ર સાક્ષાત્કાર જાણ્યા પછી અચરજ પણ થાય અને પીડા પણ થાય. થાઈલેન્ડની સ્કૂલના પ્રિન્સિપાલે આઠ વર્ષના વિદ્યાર્થીના માતા પિતાને મળવા બોલાવ્યા અને કહ્યું કે તમારા બાળકનું વર્તન શ્વાન જેવું છે, સવાલ પૂછીએ તો જવાબ આપવાને બદલે ભસે છે. કારણ એવું નીકળ્યું કે એ બાળકના માતા પિતા અને એના મોટાભાઈએ એ હદે અવગણના કરી હતી કે એ મોટાભાગનો સમય ગાર્ડનમાં શ્વાનની સંગતમાં પસાર કરતો હતો. જે મમતા, પ્રેમથી એ ઘરમાં વંચિત રહ્યો એ શ્વાન અને ગલૂડિયાં પાસેથી મળ્યા અને કુમળી વયમાં શ્વાનને જ સર્વસ્વ સમજી બેઠો.* ■

# સટાક સવાલ... ફટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પહેલી બેન્ચ પર બેસનાર ખરેખર હોશિયાર હોય છે ?**
* ઘણાં ભણવામાં તો બાકીના આગળ બેસી જવામાં હોશિયાર હોય છે...

**કહે છે કે માણસ દારૂ પીએ ત્યારે સાચું બોલે, પણ, કોલ્ડ્રિંક પીવે ત્યારે?**
* ફાવે એવું બોલે....

**દીકરી દોરે ત્યાં જાય તો દીકરો?**
* એની ઘરવાળી ચીંધે ત્યાં જાય!

**હવા મહેલ ક્યાં બાંધી શકાય ?**
* જમીન પર...

**પતિ માટે પત્ની અનેક વ્રત કરે તો પતિએ ક્યું વ્રત કરવું?**
* મૌન વ્રત...

**મરામત એટલે ?**
* ખામી સુધારણાની કરામત...

**દુર્ગુણ અને સદગુણ વચ્ચે તફાવત શેનો?**
* ગુણનો...

**શિયાળાને વિન્ડી.. તો ઉનાળા અને ચોમાસાને શું કહેવાય?**
* સમરડી અને મોન્સુનડી....

**લોકઅપ એટલે કેવી જગ્યા ?.**
* અપરાધીનો જ્યાં ક્લોઝ અપ જોવા મળે એવી જગ્યા !

**રેખા અને બિંદુ ક્યાં જોવા મળે?**
* જૂની હિન્દી ફિલ્મમાં....

**વરને મા વખાણે. સાસુ કેમ નહીં?**
* સાસુ પણ વખાણે, જમાઈ માટે દીકરીની ‘ઓકે ’ મળે પછી...

**હસે એનું ઘર વસે, પણ ઘર વસાવીને અમુક લોકો રડે કેમ છે ?**
* કારણ કે ઘરવાળી હસવાનું પચાવી નથી શકતી...

**ભાર કન્યાની કેડ પર હોય તો પુરુષ માટે ભાર ક્યાં?**
* એની બેન્ક બેલેન્સ પર !

**શોભાના ગાંઠિયા કેવા હોય?**
* શોભાસ્પદને બદલે હાસ્યાસ્પદ લાગે એવા...

કચ્છી ચોવક __ કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# કચ્છીમાં રૂઢિપ્રયોગ એ સિદ્ધિપ્રયોગ ગણાય છે

ચોવકની માફક કચ્છીમાં રૂઢિપ્રયોગો પણ કચ્છી પ્રજાની બોલચાલમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સમીક્ષકો તો એટલે સુધી કહે છે કે, રૂઢિપ્રયોગો તો એક દિવ્ય જ્યોતિનું મંદિર છે. તેની એક પણ ઈંટ આઘીપાછી ન કરી શકાય. વળી, એ ‘સિદ્ધપ્રયોગ’ કે ‘સાધુપ્રયોગ’ તરીકે પણ ઓળખાય છે.

ચોવકોનું એવું છે કે, તેનો અર્થ બીજા કોઈ માધ્યમ કે વાક્યની સહાયતા વગર જ સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે વ્યક્ત થતો હોય છે, જ્યારે રૂઢિપ્રયોગમાંના અર્થ સ્વતંત્ર રીતે સ્પષ્ટ થતા નથી. લો, જુઓ આ ઉદાહરણઃ **‘ઔંકાર નુરી પોણું’** એટલે કે ખમીર હણાઈ જવું, કે અભિમાન ઊતરી જવું. હવે આને કોઈ વાક્યમાં નહીં નિરુપાય ત્યાં સુધી અર્થ સ્પષ્ટ નહીં થાય. હવે વાક્યમાં તેનો પ્રયોગ જોઈએઃ **‘એન જા કરમ એડા વાને અભેમાન બોરો વો, આખર એન જો ઔંકાર જુરી પ્યો!’** અર્થાત્ તેનાં કરમ (ભાગ્ય / કર્મ) એવાં હતાં અને અભિમાન પણ બહુ જ હતું, આખરે તેનું અભિમાન ઊતરી ગયું.

કચ્છીમાં વપરાતા રૂઢિપ્રયોગોના વિકાસ અને ઉત્પત્તિમાં ફાળો આપનાર પરિબળો તથા તેના ઉદાહરણરૂપ પ્રયોગો જોઈએ તો, સાદશ્યતાનું ઉદાહરણ છેઃ **‘અકજી કાઠી’** ‘અક’ એટલે આકડો અને ‘કાઠી’ એટલે લાકડી. આકડાની લાકડી અંદરથી પોલી હોય છે. એટલે **‘અકજી કાઠી’**નો અર્થ થાય છેઃ અંદરથી પોલી (વ્યક્તિ કે વસ્તુ)!

તેમાં પણ પાછું, પ્રતીકાત્મક ઉદાહરણ જોઈએ તો પણ ભાવાર્થ થાય છેઃ ઘડાયા વગરનું અથવા બિનઅનુભવી. ગુજરાતીમાં એમ કહી શકાય કે ‘એ અણચિંધ્યા મોતી’ જેવો જણ છે, એટલે કે બિનઅનુભવી છે.

વ્યંગાત્મક રૂઢિપ્રયોગનું કચ્છી ભાષામાં સારું ચલણ છે. ઉદાહરણ તરીકે **‘ઈસ્કૂ ઢીલા થીણા’** શબ્દાર્થ સ્પષ્ટ છે કે, સ્ક્રૂ ઢીલાં થવાં! પણ વપરાય છે ત્યારે ભાવ એવો હોય છે કેઃ બુદ્ધિબળ ઓછું હોવું કે પછી મગજ અસ્થિર હોવું. સમાન અર્થ ધરાવતો બીજો પણ એક રસપ્રદ પ્રયોગ છેઃ **‘અકલ જો ઠાં’** એટલે કે સાવ અક્કલ વગરનો!

અતિ અભિમાની વ્યક્તિને સંબોધીને કચ્છીમાં એમ કહેવાય છે કે, ‘આફરો અચી વ્યો આય’ પશુઓ જ્યારે વધારે પડતો આહાર લે ત્યારે સામાન્ય રીતે એવું કહેવાય કે, આફરો ચઢ્યો છે! તેના પરથી સુખમાં કે પૈસાથી છકી ગયેલા લોકો માટે આ રૂઢિપ્રયોગ પ્રચલિત થયો છે.

રૂઢિપ્રયોગ ત્યાં સ્વતઃ પ્રસ્ફુરિત થાય છે, જ્યાં કોઈ કારણવશ કોઈ વ્યક્તિ પર કટાક્ષ કરવો હોય કે વ્યંગબાણ ચલાવવાં હોય... ત્યારે વ્યક્તિના મોઢેથી નીકળેલા શબ્દો માર્મિક બનાવે છે. ઉદાહરણ છેઃ ‘ચાવી વિંજાઈ વિજણી’ મતલબ કે પાગલ થઈ જવું.

ખુમારીની વાત આવે એટલે કચ્છી માડુનું ઉદાહરણ અપાતું હોય છે. આવી ખુમારીનું મહત્ત્વ દર્શાવતી એક સુંદર ચોવક છેઃ **‘હજાર વિંજાઈ જે પ હાલ ન વિંજાઈ જે’** શબ્દાર્થ એવો છે કે, હજારો (રૂપિયા) ગુમાવજો પણ ખુમારી કાયમ રાખજો. ભાવાર્થ પણ બહુ સ્પષ્ટ છેઃ કોઈપણ ભોગે પોતાની ખુમારી ટકાવી રાખવી.

આપણા સૌનો એક સમાન અનુભવ રહ્યો છે કે, ઘણા લોકોને દૂધમાંથી ફોરા (ગુજરાતી કહેવત) કાઢવાની આદત હોય છે. એ લોકો દરેક કામમાં ભૂલો કાઢવાની દોષદૃષ્ટિ ધરાવતા હોય છે. એ સતત વાંકું જ બોલે. વ્યંગ તો તેમના વ્યંજનમાં વણાઇ ગયો હોય તેવું લાગે ! તેમના માટે કચ્છીમાં એમ કહેવાય છે કેઃ **‘કંધ મિંજા કુછણું’** ‘કંધ’ એટલે કાંધ, ‘મિંજા’ એટલે ‘માંથી’ કે અંદરથી ‘કુછણું’ એટલે બોલવું! બહુ મર્મસ્પર્શી પ્રયોગ છે. ■

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# માત્ર મનુષ્ય જ નહીં, દેવતા સુધ્ધાં ગુરુ પ્રત્યે સમર્પિત રહ્યા છે...


રામ – લક્ષ્મણને ધર્નુવિદ્યા શીખવતા ગુરુ વિશ્વામિત્ર

આવતીકાલે ગુરુપૂર્ણિમા છે. સમગ્ર ભારતમાં ગુરુપૂર્ણિમાનું વિશેષ મહત્ત્વ રહ્યું છે.

મહર્ષિ વેદવ્યાસ વેદ શીખવનાર પ્રથમ હતા, તેથી એમને હિંદુ ધર્મમાં પ્રથમ ગુરુનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ કારણથી જ ગુરુપૂર્ણિમાને ‘વ્યાસપૂર્ણિમા’ પણ કહેવામાં આવે છે.

અનાદિકાળથી ગુરુપૂર્ણિમાનું મહત્ત્વ આપણા વેદ, પુરાણ, શાસ્ત્રોમાં વર્ણવામાં આવ્યું છે. ગુરુ શિષ્યને લઘુમાંથી ગુરુ બનાવી દે છે. પોતાના માટે નહીં, પરંતુ બીજા માટે જીવે તે સદ્ગુરુ. શિષ્યના મનનું સમાધાન કરી જીવનમાંથી કલેશ-કંકાસ નિર્મૂળ કરાવે તે સદ્ગુરુ. જેવી રીતે પારસ લોખંડને સોનું બનાવે છે, તેવી રીતે ગુરુ પોતાના શિષ્યને ગુરુ જ બનાવવા માગે છે.

શાસ્ત્રોમાં ગુરુનું સ્થાન દેવતાઓ કરતાં પણ ઊંચું લેખવામાં આવ્યું છેઃ

*‘ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુ દેવો મહેશ્વરઃ*
*ગુરુ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ’*

ભગવાન શિવજી સ્વયં પણ ગુરુ વિશે કહે છે કે, ગુરુ એ ભગવાન છે, ગુરુ એ ધર્મ છે, ગુરુ પ્રત્યેની વફાદારી એ પરમ ધર્મ છે. આનો અર્થ એ છે કે માત્ર મનુષ્યોને જ નહીં, સ્વયં દેવતાઓને પણ ગુરુની જરૂર છે.

આવો, જાણીએ કે દેવતાઓના જીવનમાં ગુરુનું મહત્ત્વ કેટલા અંશે રહેવા પામ્યું હતું?

ભગવાન રામને એમના ચાર ગુરુએ મર્યાદા પુરુષોત્તમ બનાવ્યા હતા. સામાન્ય માણસ જ નહીં, પણ ભગવાન પણ પોતાના ગુરુ પ્રત્યે સમર્પિત રહ્યા છે. ભગવાન શ્રી રામે એમનું તમામ શિક્ષણ વશિષ્ઠ, વિશ્વામિત્ર, ભારદ્વાજ અને અગસ્ત્યના શિષ્ય તરીકે મેળવ્યું હતું.

મહર્ષિ વિશ્વામિત્રએ ત્રેતાયુગમાં ભગવાન શ્રીરામને ધનુર્વિદ્યા અને શાસ્ત્રોનું જ્ઞાન આપ્યું હતું. ભગવાન રામને અંતિમ યોદ્ધા બનાવવા પાછળ વિશ્વામિત્રનો હાથ હતો. ભગવાન રામ પાસે જે તમામ દૈવી ગ્રંથો હતા તે વિશ્વામિત્ર દ્વારા એમને આપવામાં આવ્યા હતા. હિંદુ શાસ્ત્રો અનુસાર મહર્ષિ વિશ્વામિત્રને ત્રેતાયુગના સૌથી મહાન શસ્ત્રોના શોધક માનવામાં આવે છે.

વશિષ્ઠ ઋષિએ ભગવાન રામને સિંહાસન સંભાળવાનું જ્ઞાન આપ્યું હતું. સાથે સાથે વશિષ્ઠ ઋષિએ ભગવાન શ્રીરામને વેદ પણ શીખવ્યા હતા. એટલું જ નહીં, બલકે ભગવાન રામનો રાજ્યાભિષેક પણ ઋષિ વશિષ્ઠના હાથે થયો હતો. ભગવાન રામના જીવનમાં ઋષિ વશિષ્ઠનું વિશેષ મહત્ત્વ રહેવા પામ્યું છે.

રામાયણ મુજબ ભગવાન શ્રીરામે એમના વનવાસના સમયગાળા દરમિયાન મહર્ષિ ભારદ્વાજની સલાહ પર ચિત્રકૂટમાં નિવાસ કર્યો હતો. લંકા જીતીને પરત ફરતી વખતે પણ ભગવાન રામ એમના આશ્રમમાં રોકાયા હતા. ભારદ્વાજ ઋગ્વેદના છઠ્ઠા અધ્યાયના ઋષિ તરીકે પ્રખ્યાત છે.

ભગવાન રામના જીવનમાં બ્રહ્મર્ષિ અગસ્ત્યનું પણ વિશેષ મહત્ત્વ છે. બ્રહ્મર્ષિ અગસ્ત્ય વૈદિક ઋષિ હતા. રામાયણ અનુસાર રાવણ સાથે લડતાં લડતાં રામ થાકીને નિરાશામાં બેસી ગયા ત્યારે બ્રહ્મર્ષિ અગસ્ત્યએ એમને પ્રોત્સાહિત કર્યા હતા.

હનુમાનજીએ પણ સૂર્ય ભગવાનને પોતાના ગુરુ બનાવ્યા હતા.એમણે સૂર્યના રથની સાથે ચાલીને શાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું હતું. હનુમાનજી શિક્ષણ મેળવવા માટે સક્ષમ બન્યા ત્યારે એમનાં માતા-પિતા અંજની અને કેસરીએ એમને સૂર્યદેવ પાસે મોકલ્યા. માતા-પિતાએ હનુમાનજીને સમજાવ્યું કે એ સૂર્યદેવને પોતાના ગુરુ બનાવે અને એમની પાસેથી જ જ્ઞાન મેળવે. એ હનુમાનજી સૂર્યદેવ પાસે ગયા અને પોતાના ગુરુ બનવા માટે પ્રાર્થના કરી ત્યારે સૂર્યે કહ્યું કે હું એક ક્ષણ માટે પણ મારા રથને ક્યાંય રોકી શકતો નથી અને રથમાંથી નીચે પણ ઊતરી શકતો નથી.આવી સ્થિતિમાં હું તમને શાસ્ત્રોનું જ્ઞાન કેવી રીતે આપી શકું?

આ સાંભળીને હનુમાનજીએ કહ્યું કે, તમે તમારી ગતિ ઓછી કર્યા વિના મને શીખવો.તમારી સાથે ચાલતાં ચાલતાં હું જ્ઞાન પ્રાપ્ત કરીશ.... સૂર્યદેવ આ માટે સંમત થયા પછી વેદ વગેરે શાસ્ત્રોનાં રહસ્યો કહેતા રહ્યા અને હનુમાનજી તેને શાંતિથી સ્વીકારતા રહ્યા. આ રીતે સૂર્યની કૃપાથી હનુમાનજીને શિક્ષણ પ્રાપ્ત થયું.

ભગવાન શ્રીકૃષ્ણએ પણ ગુરુ સાંદીપનિ પાસેથી ૬૪ દિવસમાં ૬૪ કળા શીખી હતી. ગુરુ સાંદીપનિ પાસેથી શ્રી કૃષ્ણએ ઉજ્જૈનમાં ૪ દિવસમાં ૪ વેદ, ૬ દિવસમાં ૬ શાસ્ત્રો, ૧૬ દિવસમાં ૧૬ વિદ્યાઓ, ૧૮ દિવસમાં ૧૮ પુરાણો સહિત કુલ ૬૪ દિવસમાં ૬૪ કળાઓનું જ્ઞાન મેળવ્યું હતું!

ઋષિ સાંદીપનિના આશ્રમને વિશ્વની ‘પ્રથમ પાઠશાળા’ તરીકે પણ ઓળખવામાં આવે છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણ એમના ભાઈ બલરામ સાથે અગિયાર વર્ષ અને સાત દિવસની ઉંમરે ગુરુ સાંદીપનિ પાસે આવ્યા હતા.

મહાભારત, શ્રીમદ્ ભાગવત, બ્રહ્મપુરાણ, અગ્નિપુરાણ અને બ્રહ્મવૈવર્તપુરાણમાં સાંદીપનિ આશ્રમનો ઉલ્લેખ છે. ગુરુ સાંદીપનિ અવંતિના કશ્યપ ગોત્રમાં જન્મેલા બ્રાહ્મણ હતા. એ વેદ, ધનુર્વેદ, શાસ્ત્રો, કળા અને આધ્યાત્મિક જ્ઞાનના વિદ્વાન હતા. ન્યાયશાસ્ત્ર, રાજકીય વિજ્ઞાન, નીતિશાસ્ત્ર અને શસ્ત્રોના સંચાલનનું શિક્ષણ પણ આપવામાં આવ્યું હતું. અહીં દૂર-દૂરથી શિષ્યો ગુરુકુળમાં શિક્ષણ મેળવવા આવતા.

આ ઉપરાન્ત પણ અન્ય દેવતાઓ અને બીજા ઘણા ગુરુ-શિષ્યનાં ઉદાહરણો આપી શકાય, પરંતુ સ્થળસંકોચને કારણે આપણે અહીં અટકીએ.... ■

# સાઉથ આફ્રિકાના વિઆન મુલ્ડરે લારાનું માન જાળવવા ૪૦૦ રનનો વર્લ્ડ રેકૉર્ડ ન તોડ્યો

## ▶ વર્લ્ડ ચૅમ્પિયન ટીમના કોચ શુક્રીએ વિઆનને કહેલું, 'મોટા સ્કોરના વિક્રમ લેજન્ડના નામે રહે એ જ ઠીક કહેવાય'



બુલવૅયો: ક્રિકેટની રમત 'જેન્ટલમૅન્સ ગેમ' તરીકે જગવિખ્યાત છે અને ટેસ્ટના નવા વર્લ્ડ ચૅમ્પિયન દેશ સાઉથ આફ્રિકાના બૅટ્સમૅન વિઆન મુલ્ડરે (૩૬૭ અણનમ, ૩૩૪ બૉલ, ૪ સિક્સર, ૪૯ ફોર) આ મહાન રમતની ખ્યાતિને અને પોતાની ટીમના ચૅમ્પિયનપદને છાજે એવો નિર્ણય સોમવારે પાડોશી દેશ ઝિમ્બાબ્વે સામેની ટેસ્ટ દરમ્યાન લીધો હતો. વિઆનને વેસ્ટ ઈન્ડિઝના લેજન્ડ બ્રાયન લારાનો અણનમ ૪૦૦ રનનો વર્લ્ડ રેકૉર્ડ તોડવાની સુવર્ણ તક હતી, પરંતુ તેણે લારાનો વિશ્વવિક્રમ અકબંધ રાખવાના આશયથી પોતાનો દાવ ડિક્લેર કરીને અસાધારણ દ્રષ્ટાંત પૂરું પાડ્યું હતું.

સાઉથ આફ્રિકાએ પહેલી જુલાઈએ ઝિમ્બાબ્વે સામેની પ્રથમ ટેસ્ટ ૩૨૮ રનથી જીતી લીધી હતી. બીજી ટેસ્ટ રવિવારે શરૂ થઈ અને સાઉથ આફ્રિકાએ પહેલો દાવ ૫/૬૨૬ના સ્કોર પર ડિક્લેર કર્યો હતો જેમાં વિઆનના અણનમ ૩૬૭ રન સામેલ હતા. ઝિમ્બાબ્વેની ટીમ પ્રથમ દાવમાં શૉન વિલિયમ્સના અણનમ ૮૩ રન છતાં માત્ર ૧૭૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. સાઉથ આફ્રિકાના નવા ઑફ સ્પિનર પ્રેનેલન સુબ્રયેને સૌથી વધુ ચાર વિકેટ તેમ જ ખુદ વિઆને બે વિકેટ લીધી હતી. સાઉથ આફ્રિકાએ ૪૫૬ રનની સરસાઈ લીધી હતી.

### વિઆન હૈદરાબાદ વતી રમ્યો છે

આઈપીએલમાં સનરાઈઝર્સ હૈદરાબાદ વતી રમી ચૂકેલો વિઆન મુલ્ડર ઝિમ્બાબ્વે સામેની સિરીઝમાં સાઉથ આફ્રિકાનો કાર્યવાહક સુકાની છે. વિઆને ૩૬૭ રનના પોતાના સ્કોર પર અટકી જઈને લારાનો વિશ્વવિક્રમ ન તોડવાનો જે નિર્ણય લીધો એ વિશે સોમવારની રમત પછી શૉન પોલૉક દ્વારા પૂછવામાં આવતાં કહ્યું હતું કે, 'લારા જ ૪૦૦ રનનો વર્લ્ડ રેકૉર્ડ જાળવી રાખે એવું હું ઈચ્છતો હતો એટલે મેં મારો દાવ ડિક્લેર કરી નાખ્યો હતો. પહેલી વાત એ છે કે અમે પહેલા દાવમાં પૂરતા રન (૫/૬૨૬) કરી લીધા હતા. બીજું, અમારે અમારી બોલિંગ શરૂ કરીને ઝિમ્બાબ્વેને વહેલું ઑલઆઉટ કરવું હતું. ખાસ વાત તો એ છે કે બ્રાયન લારા લેજન્ડ છે અને હું ઈચ્છતો હતો કે ૪૦૦ રનનો વિશ્વવિક્રમ તેની પાસે જ જળવાઈ રહે.'


### કોચની અમૂલ્ય સલાહ

વિઆને સોમવારે કહ્યું કે, 'લારાએ ઇંગ્લૅન્ડ સામે ૪૦૧ કે જે કંઈ રન કર્યા હતા એ રેકૉર્ડ તેના જેવી મોટી હસ્તીના નામે હોય એ જ ઠીક કહેવાય અને એ ખૂબ સ્પેશિયલ પણ કહેવાય. મને હવે પછી ફરી એ રેકૉર્ડ તોડવાની તક મળશે તો ત્યારે પણ હું અત્યાર જેવો જ નિર્ણય લઈશ. મેં મારા કોચ શુક્રી કોન્રેડ સાથે આ રેકૉર્ડ બાબતમાં ચર્ચા કરી હતી ત્યારે તેમણે પણ મને કહ્યું હતું કે જો, મોટા સ્કોરના વિક્રમ લેજન્ડ ખેલાડીના નામે રહે એ જ યોગ્ય કહેવાય. મને કોચની આ વાત પણ ખૂબ ગમી હતી. મારા નસીબમાં જે લખાયું હશે એ હું કરીને જ રહીશ, પરંતુ ૪૦૦ રનના આ રેકૉર્ડની વાત કરીએ તો આ વર્લ્ડ રેકૉર્ડ તો લારાના નામે જ શોભે છે.'

### વિઆને અમલાનો રેકૉર્ડ પાર કર્યો

વિઆન મુલ્ડર સાઉથ આફ્રિકાનો એવો બીજો ટેસ્ટ ખેલાડી છે જેણે ટેસ્ટમાં ટ્રિપલ સેન્ચુરી ફટકારી છે. તે હાશિમ અમલાનો અણનમ ૩૧૧ રનનો સ્કોર ઓળંગીને ૩૬૭ રનના સ્કોર પર અણનમ રહ્યો છે. ■

## લૉર્ડ્સમાં ભારતનો રેકૉર્ડ ખરાબ, પણ સરસાઈ શક્ય છેઃ ગુરુવારથી ત્રીજી ટેસ્ટ







ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડ્સમાં પ્રૅક્ટિસ દરમ્યાન બુમરાહ, અર્શદીપ અને કુલદીપ. આ ઐતિહાસિક મેદાન પર ગુરુવાર, ૧૦મી જુલાઈએ (બપોરે 3.30 વાગ્યાથી) ત્રીજી ટેસ્ટ શરૂ થશે. લૉર્ડ્સમાં ભારત ૧૯માંથી માત્ર ત્રણ ટેસ્ટ જીત્યું છે, પણ એ ત્રણેય મૅચ (૧૯૮૬, ૨૦૧૪ અને ૨૦૨૧)ના વિજય વખતે ભારતે સંબંધિત શ્રેણીમાં ૧-૦થી સરસાઈ મેળવી હતી. આ વખતે ટીમ ઈન્ડિયાને ૧-૧ની બરાબરી બાદ હવે ૨-૧થી સરસાઈ લેવાનો મોકો છે. (પીટીઆઇ)

# વૈભવે ગિલનો આઠ વર્ષ જૂનો રેકૉર્ડ તોડ્યો

## ▶ ભારતની અન્ડર-૧૯ ટીમે ઇંગ્લૅન્ડ સામેની વન-ડે સિરીઝ ૩-૨થી જીતી લીધી

વુસેસ્ટરઃ ઇંગ્લૅન્ડમાં હાલમાં બે ભારતીય બૅટ્સમેનની બોલબાલા છે અને યોગાનુયોગ, એ બન્નેમાંથી એક ખેલાડીએ બીજા પ્લેયરનો જ રેકૉર્ડ તોડી નાખ્યો છે. આ વાત ૧૪ વર્ષના લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી અને પચીસ વર્ષના શુભમન ગિલની છે જેમાં સૂર્યવંશીએ ગિલનો આઠ વર્ષ જૂનો વિક્રમ તોડી નાખ્યો છે.

વાત એવી છે કે ભારતની અન્ડર-૧૯ ટીમે સોમવારે અહીં ઇંગ્લૅન્ડની અન્ડર-૧૯ ટીમ સામેની સિરીઝની પાંચમી અને છેલ્લી વન-ડે મૅચ હારી ગઈ હતી, પરંતુ આયુષ મ્હાત્રેના સુકાનમાં ભારતીય ટીમે આ શ્રેણી ૩-૨થી જીતી લીધી હતી. આ સિરીઝમાં વૈભવ બૅટ્સમેનોમાં ૩૫૫ રન સાથે મોખરે હતો, જ્યારે ઇંગ્લૅન્ડનો કૅપ્ટન થૉમસ રયૂ (૨૮૦ રન) બીજા નંબર પર રહી ગયો હતો. વૈભવે ૩૫૫ રન ૭૧.૦૦ની બૅટિંગ સરેરાશે અને ૧૭૪.૦૧ના સ્ટ્રાઇક-રેટ સાથે કર્યા હતા. વૈભવે ૩૫૫ રન બનાવીને શુભમન ગિલને પાછળ પાડી દીધો છે. ઇંગ્લૅન્ડ સામે અન્ડર-૧૯ યુથની વન-ડે સિરીઝમાં સૌથી વધુ રન કરવાનો વિક્રમ આ પહેલાં ગિલના નામે હતો જેણે ૨૦૧૭માં (આઠ વર્ષ પહેલાં) ઇંગ્લૅન્ડ અન્ડર-૧૯ ટીમ સામેની જ સિરીઝમાં કુલ ૩૫૧ રન કર્યા હતા. હવે વૈભવ ૩૫૫ રન સાથે નંબર-વન થઈ ગયો છે. વૈભવ સૂર્યવંશીએ સોમવારે ઇંગ્લૅન્ડ અન્ડર-૧૯ ટીમ સામે પૂરી થયેલી પાંચ વન-ડેની શ્રેણીમાં આ મુજબ રન કર્યા હતાઃ ૪૮ રન, ૪૫ રન, ૮૬ રન, ૧૪૩ રન અને ૩૩ રન. ■

# સાઉથ આફ્રિકા અઢી દિવસમાં જીતી ગયું

## ▶ આખા ઝિમ્બાબ્વેના વિઆન મુલ્ડરથી માત્ર ૨૩ રન વધુ બન્યા

બુલવૅયોઃ ઝિમ્બાબ્વે સામેની બીજી ટેસ્ટમાં (અણનમ ૩૬૭ રન, ૩૩૪ બૉલ, ૪૧૦ મિનિટ, ૪ સિક્સર, ૪૯ ફોર) ઐતિહાસિક ટ્રિપલ સેન્ચુરી ફટકારનાર સાઉથ આફ્રિકાના વિઆન મુલ્ડરે મંગળવારે અહીં મૅચનો છેલ્લો કૅચ ઝીલીને પોતાના દેશને વિક્રમી માર્જિનથી વિજય અપાવ્યો અને એ સાથે સાઉથ આફ્રિકાએ માત્ર અઢી દિવસમાં આ મૅચ જીતીને બે મૅચની શ્રેણીમાં ૨-૦થી ક્લીન સ્વીપ કરી લીધી. સાઉથ આફ્રિકાએ એક દાવ અને ૨૩૬ રનથી વિજય મેળવ્યો હતો. છેલ્લાં ૨૦ વર્ષમાં ઝિમ્બાબ્વેનો આ સૌથી કારમો પરાજય છે.

ઝિમ્બાબ્વેના બન્ને ઇનિંગ્સમાં કુલ ૩૯૦ રન (૧૭૦ રન અને ૨૨૦ રન) થયા હતા અને વિઆન મુલ્ડરના પ્રથમ દાવના અણનમ ૩૬૭ રન કરતાં તેમના માત્ર ૨૩ રન વધુ હતા.

તાજેતરમાં પહેલી વાર ટેસ્ટનું વર્લ્ડ ચૅમ્પિયન બન્યા બાદ સાઉથ આફ્રિકાએ પહેલી બન્ને ટેસ્ટ જીતી લીધી છે. આ ચૅમ્પિયન દેશે છેલ્લી તમામ ૧૦ ટેસ્ટ જીતી છે.

સાઉથ આફ્રિકાએ પ્રથમ દાવમાં ૫/૬૨૬ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યા બાદ ઝિમ્બાબ્વેની ટીમ ૧૭૦ રન પર ઑલઆઉટ થઈ જતાં એને ફૉલો-ઑન અપાઈ હતી અને મંગળવારે ઝિમ્બાબ્વેનો બીજો દાવ ૨૨૦ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો.

નિક વેલ્ચના પંચાવન રન ઝિમ્બાબ્વેના બીજા દાવમાં હાઇએસ્ટ હતા. સાઉથ આફ્રિકાના પેસ બોલર કૉર્બિન બૉશ્ચે ચાર વિકેટ અને લેફ્ટ-આર્મ સ્પિનર સેનુરન મુથુસામીએ ત્રણ વિકેટ લીધી હતી.

વિઆન મુલ્ડરને મૅન ઑફ ધ મૅચનો તેમ જ મૅન ઑફ ધ સિરીઝનો અવૉર્ડ મળ્યો હતો.

### ટેસ્ટમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોરઃ

(૧) બ્રાયન લારા, ૪૦૦ અણનમ, ૨૦૦૪માં ઇંગ્લૅન્ડ સામે (૨) મૅથ્યૂ હેડન, ૩૮૦ રન, ૨૦૦૨માં ઝિમ્બાબ્વે સામે (૩) બ્રાયન લારા, ૩૭૫ રન, ૧૯૯૪માં ઇંગ્લૅન્ડ સામે (૪) માહેલા જયવર્દને, ૩૭૪ રન, ૨૦૦૬માં સાઉથ આફ્રિકા સામે (૫) વિઆન મુલ્ડર, ૩૬૯ અણનમ, ૨૦૨૫માં ઝિમ્બાબ્વે સામે. ■

# પેસ બોલર યશ દયાલની કરીઅર જેલમાં જ ખતમ થઈ શકે

લખનઊઃ આઇપીએલમાં ગુજરાત ટાઇટન્સ (જીટી) અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) વતી રમી ચૂકેલા ૩૭ વર્ષીય પેસ બોલર યશ દયાલ વિરુદ્ધ યૌન શોષણનો જે કેસ ચાલે છે એમાં તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડે પોલીસને આપેલા પુરાવા મુજબ યશ દયાલને ૧૦ વર્ષની જેલની સજા થઈ શકે જેને પરિણામે તેની ક્રિકેટ કરીઅર જેલમાં જ ખતમ થઈ શકે.

યશની ભૂતપૂર્વ પ્રેમિકાએ પોલીસ સમક્ષ કલમ ૬૯ હેઠળ એફઆઇઆર સાથે આક્ષેપો સંદર્ભમાં વૉટ્સઍપ ચૅટના સ્ક્રીનશૉટ, વીડિયો કૉલ તેમ જ ફોટા જેવા પુરાવા રજૂ કર્યા છે.

ગુજરાત ટાઇટન્સે યશ દયાલને ૨૦૨૩ની સાલમાં ૩.૨૦ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો. ૨૦૨૫ની આઇપીએલમાં યશ આરસીબી વતી રમ્યો હતો. આરસીબીએ તેને પાંચ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો. એફઆઇઆરમાં પીડિતા કે જે પાંચ વર્ષ સુધી યશ દયાલ સાથે લિવ-ઇન રિલેશનશિપમાં હતી તેણે આક્ષેપ કર્યો છે કે યશે તેને લગ્નનું વચન આપીને તેનું આર્થિક, માનસિક અને શારીરિક શોષણ કર્યું હતું. યશે તેની સાથે પાંચ વર્ષ સુધી રિલેશનશિપ રાખી હતી અને એ દરમ્યાન પીડિતા સાથે તેણે લગ્નનું વચન આપીને શારીરિક સંબંધ પણ બાંધ્યો હતો. યશ સામે આક્ષેપો કરનાર છોકરી ગાઝિયાબાદના ઇન્દિરાપુરમ વિસ્તારની છે. તેણે પોલીસને કહ્યું છે કે યશના પરિવારે પણ તેને લગ્નનું આશ્વાસન આપ્યું હતું. તે યશના ઘરે આવતી-જતી હતી. ■

# જૉકોવિચના પુત્રએ બધા ખેલાડીના ઑટોગ્રાફ લીધા, પણ ડૅડીના નહીં!



લંડનઃ ઐતિહાસિક પચીસમા ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલની મહેચ્છા રાખનાર સર્બિયાનો ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન નોવાક જૉકોવિચ તાજેતરમાં વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપમાં ૧૦૦મી મૅચ જીત્યો ત્યાર બાદ તેની સાત વર્ષની દીકરી ટારા પ્રેક્ષકો વચ્ચે સુંદર ડાન્સ કરીને છવાઈ ગઈ હતી અને હવે જૉકોવિચનો ૧૧ વર્ષીય પુત્ર સ્ટેફાન ઑટોગ્રાફ મેળવીને છવાઈ ગયો છે. જોકે નવાઈની વાત એ છે કે સ્ટેફાનની ટોપી (હૅટ) પર વિમ્બલ્ડનના બધા ખેલાડીઓના ઑટોગ્રાફ છે, પણ તેના પિતાનો જ ઑટોગ્રાફ નથી.

સ્ટેફાન જે હૅટ પહેરીને વિમ્બલ્ડનમાં તેના પિતાની મૅચ જોવા આવ્યો એ હૅટ પર તેણે વિમ્બલ્ડનના ખેલાડીઓની પાસે જઈને તેમના ઑટોગ્રાફ લીધા હતા અને ખુશ થઈ ગયો હતો. જોકે એના પર એક મૂલ્યવાન ઑટોગ્રાફ નહોતા. એ હૅટ પર તેના ડૅડીના ઑટોગ્રાફ નહોતા.

જૉકોવિચે સોમવારે ચોથા રાઉન્ડમાં ઍલેક્સ ડિ મિનૉરને ૧-૬, ૬-૪, ૬-૪, ૬-૪થી હરાવીને ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચ્યો હતો જેમાં તે ઇટલીના ફ્લાવિયો કૉબોલી સામે રમશે.

જૉકોવિચ ચોથા રાઉન્ડમાં જીતવા સંઘર્ષ કરી રહ્યો હતો ત્યારે બીજી બાજુ તેનો પુત્ર સ્ટેફાન સ્ટેડિયમમાં જે પણ વિમ્બલ્ડન ખેલાડીઓ હાજર હતા તેમના ઑટોગ્રાફ લેવામાં વ્યસ્ત હતો.

જૉકોવિચે ચોથા રાઉન્ડની મૅચ પછી સ્ટેફાન વિશે પૂછવામાં આવતાં કહ્યું હતું કે 'મારા પુત્રએ પોતે જ બધા વિમ્બલ્ડન ખેલાડીઓના ઑટોગ્રાફ લેવાનું નક્કી કર્યું હતું અને તેમની પાસે પહોંચી જઈને હું નોવાક જૉકોવિચનો પુત્ર છું એવું કહીને તેમના ઑટોગ્રાફ મેળવ્યા હતા. મેં વર્લ્ડ નંબર-વન યાનિક સિનરને અને બીજા એક ખેલાડીને વિનંતી કરી હતી કે મારો દીકરો ઑટોગ્રાફ લેવા આવે તો આપજે. જોકે સ્ટેફાન તો બધા પાસે પહોંચી ગયો હતો. તે તમામ ખેલાડીઓના ઑટોગ્રાફ મેળવીને અત્યંત ખુશ હતો. તેનામાં ખુશી જાણે સમાતી નહોતી. તેને ટેનિસની રમત બેહદ ગમે છે અને તેણે મારા સિવાય બીજા બધા ખેલાડીઓના ઑટોગ્રાફ લીધા. જોકે મને કોઈ નારાજગી નથી. ધૅટ્સ ઓકે.' ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RIP | આંચકી લેવું |
| REAP | પાકેલું |
| RIPE | ચીરવું |
| REST | કાપણી, લણણી |
| WREST | વિશ્રામ |

### ઓળખાણ પડી?



૧૯૬૨ની ટેસ્ટમાં ભારતીય બેટ્સમેન જેના બાઉન્સર ગંભીર રીતે ઘાયલ થયા હતા એ વેસ્ટ ઈન્ડિઝના ફાસ્ટ બોલરની ઓળખાણ પડી?

અ) ફ્રેન્ક વોરેલ બ) ચાર્લી ગ્રિફિથ ક) વેસ્લી હોલ ડ) રોય ગિલક્રિસ્ટ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ર | ૨ ત | ■ | ૩ ચા | ૪ લા | ૫ કી | ૬ પૂ | ર્વ | ૭ ક |
| હા | ■ | ૮ વા | ૯ મ | ■ | ૧૦ ન | ક | રાં | ■ | ટ |
| ૧૧ રો | ૧૨ ગ | ■ | ૧૩ જ | ૧૪ કા | ત | ■ | ૧૫ ત | ૧૬ રી | કે |
| ■ | ૧૭ મ | ૧૮ જ | બૂ | રી | ■ | ૧૯ સ | ■ | ૨૦ ત | ક |
| ૨૧ થા | ■ | ૨૨ મ | ત | ■ | ૨૩ ઇ | જા | ■ | ૨૪ ર | ટ |
| ૨૫ ગ | ધે | ટ ડો | ■ | ૨૬ મ | ન્દ્ર | ■ | ૨૭ મ | સ | કા |
| ડ | ■ | ■ | ૨૮ ગ | ર | જા | ૨૯ ઊં | ■ | મ | ■ |
| ૩૦ થી | ૩૧ ગ | ડું | ■ | ■ | ૩૨ લ | ચ | કો | ■ | ૩૩ અ |
| ૩૪ ગ | ળ | ■ | ■ | ૩૫ શા | ■ | ની | ■ | ૩૬ કા | મી |
| ૩૭ ડ | ફો | ળ | શં | ખ | ■ | ૩૮ ચ | ળ | કા | ટ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| | ■ | | ■ | | ■ | ૭ | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | | ■ | ૧૧ | | | ■ | |
| ૧૨ | | ■ | ■ | ૧૩ | | | ■ | ૧૪ | |
| ૧૫ | | ૧૬ | ■ | | ■ | ૧૬-અ | ૧૭ | | ■ |
| ■ | ■ | ૧૮ | | ■ | ૧૯ | | | | |
| ૨૦ | | | ■ | ૨૧ | ■ | ■ | | ■ | ■ |
| | ■ | ■ | ૨૨ | | ૨૩ | | ■ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | | ■ | | ■ | ૨૯ | | |
| ૩૦ | | | ■ | ૩૧ | | | | | |

**આડી ચાવી**

૧. વિધિ પ્રમાણે (૬)
૪. પથ્થર કે લાકડાનો ઊભો ટેકો (૩)
૮. કપડાંના ડૂચા (૨)
૯. કંઇકમાં કંઇક ઉમેરો (૪)
૧૧. કામ કરનારું અંગ (૩)
૧૨. ચોમાસામાં--- ઊગી નીકળે (૨)
૧૩. ઇર્ષ્યા, અદેખાઇ, દાઝ (જો. છૂ.) (૩)
૧૪. અઢળક, પુષ્કળ (૨)
૧૫. અંધકાર (૩)
૧૬અ. એક પક્ષી (૩)
૧૮. લાલસા, કામના (૨)
૧૯. જોખમી, ઘાતક (૫)
૨૦. --- દરજ્જાનું એટલે શ્રેષ્ઠ (૩)
૨૨. જેની કોઇ સીમા નથી (૪)
૨૪. --- ના જેવું (૨)
૨૬. કડવા બોલ --- લાગી આવે (૪)
૨૯. વૃત્તાંત (૩)
૩૦. લુચ્ચો, લફંગો (૩)
૩૧. ઉદાહરણ રૂપે (૬)

**ઊભી ચાવી**

૧. વિશ્વાસનો ભંગ કરવો તે (૫)
૨. સાબિતી (૩)
૩. દોસ્તી (૨)
૫. ગરબડગોટાળા (૨)
૬. આકર્ષક (૪)
૭. અતીન્દ્રિય, અગોચર (૫)
૧૦. પરંપરા, રીતિ (૩)
૧૧. ખ્રિસ્તીઓના ભગવાન (૨)
૧૩. આશ્ચર્યજનક ઉદ્ગાર (૨)
૧૪. --- જતિ ને --- ભૂવા (૩)
૧૬. પાણી, પવિત્ર જળ (૩)
૧૭. ઘાસનું નાનું એકમ (૩)
૨૦. હમણાં જ, તાત્કાલિક (૪)
૨૧. તમે કંઇ જ ના બોલો (૨)
૨૨. 'અડવું'નું આજ્ઞાર્થ (૨)
૨૩. ખુશ થવું તે (૩)
૨૪. વાહન ઉપર બેસવું તે (૩)
૨૫. હસે, મંદ સ્મિત કરે (૩)
૨૭. મુરખ, બુદ્ધિ વગરના (૨)
૨૮. હાડકાં, શરીર (૨)
૨૯. પ્રીત, વ્હાલ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'દવાદારૂના દોકડા આપણે ક્યાંથી કાઢશું' પંક્તિમાં દોકડા શબ્દનો અર્થ જણાવો.

અ) વ્યવસ્થા બ) રૂપિયા ક) ડોઝ ડ) વૈદ્ય

### ગુજરાત મોરી મોરી રે

સસ્તી વસ્તુ વળગાડી મોંઘી વસ્તુ લઈ જવી એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

જવી બકરી છોડી બાંધીને ભેંસ

### માતૃભાષાની મહેક

સંત એટલે સાધુ પુરુષ, પવિત્ર પુરુષ, મહાત્મા પુરુષ, યોગી પુરુષ, ધર્મિષ્ઠ પુરુષ, વૈરાગી પુરુષ. સજ્જન. રાગદ્વેષ વગેરે ચિત્તમાં જન્મે તો તેને શમાવી દે તેમને સંત કહેવાય અને રાગદ્વેષ વગેરે જેને બિલકુલ સ્પર્શે જ નહીં એ તો ભગવાન કહેવાય.

### ઈર્શાદ

*રસ્તામાં કોઈ ફૂલ શા માણસ મળ્યા હશે,*
*નહીંતર 'અનિલ' આટલો મોડો પડે નહીં.*

*-- અનિલ જોશી*

### સુડોકુ-૯૦૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૮ | ૭ | | ૨ | | |
| ૨ | ૩ | | | ૪ | | | | |
| | | ૮ | ૯ | | ૨ | | | |
| | ૬ | ૭ | | | | ૮ | ૫ | |
| | ૪ | | | | | | ૧ | |
| | ૮ | ૫ | | | | ૪ | ૨ | |
| | | | ૧ | | ૩ | ૭ | | |
| | | | | ૨ | | | ૯ | ૪ |
| | | ૧ | | ૫ | ૬ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૩ | ૪ | ૫ | ૧ | ૬ | ૨ | ૯ |
| ૫ | ૨ | ૯ | ૩ | ૬ | ૭ | ૮ | ૧ | ૪ |
| ૪ | ૬ | ૧ | ૨ | ૯ | ૮ | ૭ | ૩ | ૫ |
| ૯ | ૩ | ૨ | ૫ | ૮ | ૬ | ૧ | ૪ | ૭ |
| ૬ | ૧ | ૮ | ૭ | ૨ | ૪ | ૫ | ૯ | ૩ |
| ૭ | ૪ | ૫ | ૯ | ૧ | ૩ | ૨ | ૮ | ૬ |
| ૧ | ૯ | ૪ | ૬ | ૭ | ૨ | ૩ | ૫ | ૮ |
| ૨ | ૫ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૭ | ૧ |
| ૩ | ૮ | ૭ | ૧ | ૪ | ૫ | ૯ | ૬ | ૨ |

### માઈન્ડ ગેમ

માળો પંખીનું ઘર ગણાય છે. એવું કયું પક્ષી છે જે માળો નથી બનાવતું અને અન્ય પક્ષીના માળામાં ઈંડાં મૂકે છે?

અ) સારસ બ) હંસ
ક) કોયલ ડ) સમડી

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| DIM | ઝાંખું |
| DEEM | માનવું |
| DIN | કોલાહલ |
| DEAN | ઉપરી |
| DINE | જમવું |

ગુજરાત મોરી મોરી રે
તરણા ઓથે ડુંગર ડુંગર કોઈ દેખે નહીં

ઓળખાણ પડી?
હિરવાણી

માઈન્ડ ગેમ
બ્રાઝિલ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઠૂંઠું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) લજિતા ખોના (૯) પુષ્પા પટેલ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) ભાવના કર્વે (૧૫) જયવત પદમશી ચિખલ (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) પ્રવીણ વોરા (૧૯) વિણા સંપટ (૨૦) દેવેન્દ્ર સંપટ (૨૧) અંબરીષ ઓઝા (૨૨) અંજુ ટોલિયા (૨૩) મહેશ દોશી (૨૪) અલકા વાણી - સિડની (૨૫) કિશોર બી. સંઘરાજકા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ડાયના સંતોકે (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) પુષ્પા ખોના (૩૦) નિતીન જયંતીલાલ બજરિયા (૩૧) શીરીષ ઉદેશી (૩૨) અરવિંદ કામદાર (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હિના દલાલ (૩૮) રમેશ દલાલ (૩૯) ડો. પ્રકાશ કટકિયા (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) ગીતા ઉદેશી (૪૨) પ્રતિમા પમાણી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) મહેશ દોશી (૪૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા

અંક ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨
પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭



# 'મરાઠી અસ્મિતા બચાવો'ની માગ સાથે...

# મીરા રોડમાં હાઈ ડ્રામા વચ્ચે મોરચો

## મનસેએ કરેલી હાકલ પણ ઉદ્ધવ-સેના અને શરદ પવારની એનસીપીના સેંકડો કાર્યકરો જોડાયાઃ પોલીસ પરવાનગી વિના દેખાવોઃ અનેકની ધરપકડ



**લોકો આવ્યા ખરા પણ...:** મીરા રોડમાં ગઈ કાલે મરાઠી અસ્મિતા બચાવવા માટેના મોરચામાં ધારણા મુજબની સંખ્યામાં લોકો નહોતા જોડાયા (જયપ્રકાશ કેળકર)

થાણેઃ મરાઠીમાં બોલવા પ્રકરણે વેપારી પર થયેલા હુમલા બાદ રાજકીય તાપમાનમાં થયેલા વધારા વચ્ચે મંગળવારે થાણે જિલ્લાના મીરા રોડમાં 'મરાઠી અસ્મિતા' જાળવી રાખવાના નામે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) અને અમુક સામાજિક સંસ્થાઓ દ્વારા કાઢવામાં આવેલા મોરચામાં હજારો લોકો જોડાયા હતા. આ મોરચામાં શિવસેના-યુબીટી અને એનસીપી-એસપીના કાર્યકરો પણ મોટા પ્રમાણમાં જોડાયા હતા. રસ્તાઓ પર કાર્યકરો દ્વારા કરાયેલા હાઇ ડ્રામા વચ્ચે અમુકની પોલીસ દ્વારા ધરપકડ પણ કરાઇ હતી.

વિરોધ પ્રદર્શનના સ્થળે બપોરે પહોંચેલા શિવસેનાના પ્રધાન પ્રતાપ સરનાઇકને ધક્કે ચઢાવવામાં આવ્યા હતા અને દેખાવકારોના આક્રોશ વચ્ચે તેમને ત્યાંથી જતું રહેવું પડ્યું હતું.

કાયદો અને વ્યવસ્થા સામે જોખમ ઊભું થવાની ભીતીને કારણે પોલીસે પહેલાથી આ મોરચાને પરવાનગી આપી નહોતી, છતાં ત્રણેય પક્ષો સહિતનાના કાર્યકરો રસ્તા પર ઊતરી આવ્યા હતા. મનસે અને અન્ય મરાઠી તરફી સંસ્થાઓ મરાઠી એકીકરણ સમિતિ દ્વારા આ મોરચો કાઢવામાં આવ્યો હતો. મરાઠીમાં બોલવા પ્રકરણે દુકાનદારની થયેલી મારપીટના વિરોધમાં

(જુઓ પાનું ૪) ▸▸

## મનસેને ના પાડી એ રૂટ પર જ રૅલી કાઢવી હતીઃ ફડણવીસ

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કહ્યું હતું મનસે નેતાઓ જેમાં ભાગ લેવાની યોજના બનાવી રહ્યા હતા એ મીરા રોડમાંની રેલી માટે પરવાનગી અપાઈ હતી પરંતુ પાર્ટીએ ચોક્કસ માર્ગ પરથી રેલી કાઢવાનો આગ્રહ રાખ્યો હતો. તેમનાં આ આગ્રહને કારણે કાયદો અને વ્યવસ્થાને પડકાર મળ્યો હતો.

મહારાષ્ટ્ર વિધાન ભવન પરિસરમાં આ મુદ્દે પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું, 'રેલી યોજવાનો કોઈ વિરોધ નથી. તેમના દ્વારા માગવામાં આવેલા રૂટ માટે પરવાનગી આપવી મુશ્કેલ હતી. પોલીસે તેમને રૂટ

(જુઓ પાનું ૪) ▸▸

## 'સરનાઇક ગો બૅક'

### વિના આમંત્રણ પહોંચેલા શિંદે-સેનાના નેતા અને પ્રધાન પ્રતાપ સરનાઇકને 'ગદ્દાર' કહી ધક્કે ચડાવ્યા

મરાઠીઓના સમર્થનમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થયા બાદ શિવસેનાના પ્રધાન પ્રતાપ સરનાઇકે પોલીસની કાર્યવાહીની ટીકા કરી અને કહ્યું હતું કે આ માટે રાજ્ય સરકાર તરફથી કોઇ આદેશ આપવામાં આવ્યો નહોતો.

'પોલીસની કાર્યવાહી તદ્દન અયોગ્ય હતી. મરાઠીઓના હિત માટેના આ શાંતિપૂર્ણ મોરચાને વિખેરવા માટે રાજ્ય સરકાર તરફથી પોલીસને કોઇ આદેશ આપવામાં આવ્યો નહોતો. તેથી આ બાબતે મુખ્ય પ્રધાન સાથે ચર્ચા કરવામાં આવશે', એમ સરનાઇકે જણાવ્યું હતું. પોલીસનું આ પ્રકારનું વર્તન તદ્દન અયોગ્ય છે. મરાઠીભાષી લોકો દ્વારા શાંતિપૂર્ણ મોરચા માટે પરવાનગી માગવામાં આવી હતી તો પોલીસે તેમને તે આપવી જોઇતી હતી, એમ તેમણે વધુમાં કહ્યું હતું.

સરનાઇક ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે અમુક લોકોએ

(જુઓ પાનું ૪) ▸▸

## પોલીસે મોરચાની હવા કાઢી નાખી

### અગમચેતીનાં પગલાં રૂપે મનસેના નેતા અને કાર્યકરોને આગલી રાતે જ અટક કરી હતી

મરાઠી મુદ્દે મીરા રોડમાં મોરચાની જાહેરાત બાદ પોલીસે સતર્કતા ખાતર લીધેલાં આગોતરાં પગલાંને કારણે મંગળવારે મોરચાનું જોર ઘટી ગયું હતું. નાગરિકોને ઉશ્કેરી શકે એવા નેતા-કાર્યકરોને પોલીસે પ્રતિબંધાત્મક નોટિસ બજાવી હતી તો મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના નેતા અવિનાશ જાધવ સહિત અનેકને વહેલી

(જુઓ પાનું ૪) ▸▸

## પોલીસ ફેઈલ ગઈઃ સરનાઈક

મીરા-ભાયંદર વિસ્તારમાં મનસે દ્વારા આયોજિત 'મરાઠી અસ્મિતા' (ગર્વ) રેલીમાં પોલીસે પરિસ્થિતિને અયોગ્ય રીતે સંભાળી હોવાનું મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન અને શિવસેના નેતા પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મરાઠી ન બોલવા બદલ મનસે કર્યકરો દ્વારા એક ફૂડ સ્ટોલ માલિકને થપ્પડ મારવા સામે વેપારીઓ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનનો સામનો કરવા માટે મરાઠી એકીકરણ સમિતિ (એમઇએસ) ના નેજા હેઠળ આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મનસે, શિવસેના (યુબીટી) અને વિવિધ સંગઠનોના સભ્યોએ

(જુઓ પાનું ૪) ▸▸

## સેલિબ્રિટી ન્યુટ્રિશનિસ્ટ અને પતિ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો

થાણેઃ હેલ્થ કંપનીની ફ્રેન્ચાઈઝી આપવાને બહાને નવી મુંબઈના રહેવાસી પાસેથી ૧૪.૭૬ લાખ રૂપિયા કથિત રીતે પડાવવા બદલ નવી મુંબઈ પોલીસે સેલિબ્રિટી ન્યુટ્રિશનિસ્ટ અને તેના પતિ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઉલવે ખાતે રહેતા ફરિયાદી સાથે જુલાઈ, ૨૦૨૩થી જુલાઈ, ૨૦૨૫ દરમિયાન કથિત ઠગાઈ થઈ હતી. આરોપી દંપતીએ તેમના વ્યવસાયમાં રોકાણ કરવા ફરિયાદીને મનાવી લીધો હતો અને તેમની કંપનીની ફ્રેન્ચાઈઝી આપવાનું વચન આપ્યું હતું.



## કર્ણાક બ્રિજને અપાયું સિંદૂર પુલ નામ આવતી કાલે ખૂલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લાંબા સમયથી બનીને તૈયાર થઈ ગયેલા દક્ષિણ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને મસ્જિદ બંદર વચ્ચે આવેલા અને પી. ડી'મેલો રોડને જોડનારા મહત્ત્વના કનેક્ટર કર્ણાક બંદર બ્રિજને ખુલ્લો મૂકવાને આખરે મુહૂર્ત મળી ગયું છે. ગુરૂવાર, ૧૦ જુલાઈ, ૨૦૨૫ના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને હસ્તે તેનું લોકાપર્ણ કરવામાં આવવાનું છે.

દક્ષિણ મુંબઈના ૧૫૦ વર્ષ જૂના કર્ણાક બંદર બ્રિજ હવે સિંદૂર બ્રિજનું કામ ૧૦ જૂન,૨૦૨૫ની ડેડલાઈન મુજબ પૂરું કરવામાં આવ્યું હતું. કર્ણાક પુલ જોખમી દોઢસો વર્ષ જૂનો હોવાની સાથે જ તે જર્જરિત થઈ જતા રેલવે દ્વારા તેને જોખમી જાહેર કરવામાં આવ્યો હતો અને તેને ઑગસ્ટ, ૨૦૨૨ની સાલમાં તોડી પાડવામાં આવ્યો હતો. મસ્જિદ બંદરમાં પૂર્વ અને પશ્ચિમને જોડનારા મહત્ત્વના કનેક્ટર ગણાતા કર્ણાકને સુધરાઈએ બાંધ્યો છે. મધ્ય રેલવે દ્વારા મંજૂર કરવામાં આવેલા પ્લાન મુજબ પુલ બાંધવામાં આવ્યો છે. લાંબા સમયથી આ પુલ બનીને તૈયાર થઈ ગયો હતો. તમામ પ્રકારની મંજૂરીઓ પણ તેને મળી ગઈ હતી પણ મુખ્ય પ્રધાનને તેના ઉદ્‌ઘાટન માટે સમય મળતો ન હોવાને કારણે તેને ખુલ્લો મૂકવામાં વિલંબ થઈ રહ્યો હોવાથી ભારે ટીકા થઈ રહી હતી. છેવટે બ્રિજ બંધાઈને બરોબર એક મહિનો પૂરો ૧૦ જુલાઈના પૂરો થઈ રહ્યો છે તે દિવસે

(જુઓ પાનું ૪) ▸▸

## ભાષા વિવાદ — ભાજપના સાંસદ દુબેની ટિપ્પણી અયોગ્યઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કહ્યું હતું કે રાજ્યમાં ભાષાના મુદ્દા પર ભાજપના સાંસદ નિશિકાંત દુબેની ટિપ્પણીઓ અયોગ્ય હતી અને મૂંઝવણ ઊભી કરવાનું જોખમ હતું.

દુબેની 'પટક પટક કે મારેંગે' ટિપ્પણીએ ખળભળાટ મચાવ્યો હતો.

ઝારખંડના લોકસભાના સભ્યે મહારાષ્ટ્રમાં ચાલી રહેલા ભાષા વિવાદ અને બિન-મરાઠી ભાષી લોકો પરના હુમલાઓ વચ્ચે એક વિવાદાસ્પદ પોસ્ટ મૂકી હતી.

'મુંબઈમાં હિન્દી ભાષીઓને માર મારનારાઓને, જો તમારામાં હિંમત હોય તો, મહારાષ્ટ્રમાં ઉર્દૂ ભાષીઓને મારવાનો પ્રયાસ કરો. કૂતરો પણ પોતાના ઘરમાં વાઘ બને છે. તમે જ નક્કી કરો કે કૂતરો કોણ છે અને વાઘ કોણ છે,' એમ ગોદાના સાંસદે એક્સ પરની પોસ્ટમાં કહ્યું હતું.

આ સમગ્ર વિવાદ વિશે પૂછવામાં આવતા, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, 'જો તમે નિશિકાંત દુબેનું આખું નિવેદન સાંભળો, તો તેમણે ખાસ કરીને એક સંગઠન વિશે વાત કરી હતી, સર્વસામાન્ય મરાઠી લોકો વિરુદ્ધ નહીં. જો કે, મારા મતે, આવી ટિપ્પણીઓ કરવી અયોગ્ય છે. તેના અર્થઘટનથી લોકોના મનમાં ગૂંચવાડો ઊભો થાય છે.'

દેશના જીડીપીમાં સૌથી મોટો ફાળો મહારાષ્ટ્રનો છે, એમ મુખ્યપ્રધાને રાજ્ય વિધાન ભવન પરિસરમાં પત્રકારોને જણાવ્યું હતું.

'મને લાગે છે કે દેશના ઇતિહાસ અને વર્તમાનમાં મહારાષ્ટ્ર

(જુઓ પાનું ૪) ▸▸

## જે. જે. હૉસ્પિટલના ડૉક્ટરે અટલ સેતુ પરથી દરિયામાં પડતું મૂક્યું



મુંબઈઃ મુંબઈની જે. જે. હૉસ્પિટલમાં પ્રેક્ટિસ કરતા ડૉક્ટરે અટલ સેતુ પરથી દરિયામાં કૂદકો માર્યો હતો. સર્ચ ઑપરેશન હાથ ધર્યા બાદ બીજે દિવસે પણ ડૉક્ટરની કોઈ ભાળ મળી નહોતી. ડૉક્ટરના આવા પગલા ભરવા પાછળનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું.

નવી મુંબઈના ઉલવે પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ ઘટના સોમવારની રાતે ૯.૪૩ વાગ્યે બની હતી. દરિયામાં કૂદકો મારનારા ડૉક્ટરની ઓળખ ઓમકાર ભાગવત કાવિત્કે (૩૨) તરીકે થઈ હતી.

કારમાં અટલ સેતુ પર આવ્યા પછી ડૉક્ટરે બ્રિજ પરના ૧૧.૮૦૦ કિ.મી. માર્ક પાસેથી દરિયામાં કૂદકો માર્યો હતો. અટલ સેતુ કન્ટ્રોલ રૂમમાંથી ઘટનાની જાણ થતાં ઉલવે પોલીસ અને બીટ માર્શલ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બ્રિજ પરથી પોલીસને એક કાર અને આઈ ફોન મળી આવ્યો હતો. પોલીસને ઘટનાસ્થળેથી મળેલા

(જુઓ પાનું ૪) ▸▸

## ભારત બંધ — મુંબઈમાં આજે શું ચાલુ? શું બંધ?

### ■ બૅંકોના કામકાજને અસર પહોંચશે

આજના ભારત બંધને ઘણી બૅંકોના કર્મચારીઓ દ્વારા સમર્થન આપવાના હોવાથી બૅંકોનું કામકાજ ઠપ થઇ શકે છે. કૅશ ટ્રાન્ઝેકશન, ચેક ક્લિઅરન્સ જેવી સેવાઓ કદાચ ઉપલબ્ધ નહીં હોય અથવા તો તેમાં વિલંબ થશે. ઇન્શ્યોરન્સ ક્ષેત્રના કર્મચારીઓ પણ બંધમાં જોડાશે.

### ■ લોકલ ટ્રેન-બેસ્ટ બસ સેવા યથાવત્ રહેશે

મુંબઈની લોકલ ટ્રેનો અને બેસ્ટ બસની સેવા સામાન્ય રહેવાની શક્યતા છે, કારણ કે હજી સુધી ટ્રાન્સપોર્ટ યુનિયનોએ બંધને સમર્થન જાહેર કર્યું નથી. તેમ છતાં તેમના તરફથી જો હડતાળને સમર્થન જાહેર કરાય તો જાહેર પરિવહનને અસર થઇ શકે છે.

### ■ સ્કૂલ-કોલેજો નિયમિત ચાલુ રહેશે

મહારાષ્ટ્ર સરકાર તરફથી શૈક્ષણિક સંસ્થાઓમાં રજા વિશે કોઇ જાહેરાત કરાઇ નથી. તેથી સ્કૂલ-કોલેજો નિયમિત ચાલુ રહેશે. તેમ છતાં ટ્રાન્સપોર્ટની સ્થિતિને કારણે સ્કૂલ-કોલેજોમાં પાંખી હાજરી રહેવાની શક્યતા છે.

(જુઓ પાનું ૪) ▸▸



**પર્યાવરણની સંભાળ સાથે ઉત્સવની ઉજવણીઃ**
મુંબઈમાં ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ બનાવતા વર્કશોપમાં અભિનેત્રી મુગ્ધા ગોડસે. (પીટીઆઈ)





## આંબેડકર ઈચ્છતા હતા કે ન્યાયતંત્ર વહીવટી દખલથી સાવ મુક્ત રહેઃ સીજેઆઈ ગવઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડો. બી. આર. આંબેડકર બંધારણની સર્વોચ્ચતા વિશે બોલ્યા હતા અને તેઓ માનતા હતા કે ન્યાયતંત્ર વહીવટીતંત્રના હસ્તક્ષેપથી મુક્ત હોવું જોઈએ, એમ ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ મંગળવારે અહીં જણાવ્યું હતું. મહારાષ્ટ્ર વિધાનસભા દ્વારા તેમને સર્વોચ્ચ પદ પર બઢતી મળ્યા બાદ તેમનું સન્માન કરવામાં આવ્યું ત્યારબાદ તેઓ બોલી રહ્યા હતા. આંબેડકરે કહ્યું હતું કે, આપણે બધા બંધારણની સર્વોચ્ચતામાં

(જુઓ પાનું ૪) ▸▸

## ગવઈનું સન્માન

મહારાષ્ટ્ર વિધાનસભાએ મંગળવારે ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈને ટોચના પદ પર બઢતી મળવા બદલ અભિનંદન આપ્યા હતા.

સભાપતિ રાહુલ નાર્વેકરે વિધાનસભામાં અભિનંદન પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને કહ્યું હતું કે ન્યાયાધીશ ગવઈની સીજેઆઈ (ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા તરીકે નિમણૂંક ગર્વની વાત છે.

આ પ્રસ્તાવ સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યો

(જુઓ પાનું ૪) ▸▸

## એપીએમસી માર્કેટ નવી મુંબઈની બહાર ખસેડવાની તૈયારી

નવી મુંબઈઃ મુંબઈની વધતી વસ્તી, ટ્રાફિકના પ્રશ્નો અને જગ્યાના અભાવને કારણે ૮૦ના દાયકાથી તબક્કાવાર નવી મુંબઈમાં વાશી ખાતે સ્થળાંતર કરવામાં આવેલી મુંબઈ કૃષિ ઉત્પાદન બજાર સમિતિ (એપીએમસી) હવે નવી મુંબઈથી પણ બહાર ફેંકાઇ જાય એવી શક્યતા છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ના વિકાસ માટે નિમવામાં આવેલા ગ્રોથ હબ નિયમન મંડળની બેઠકમાં આ બાબતે ચર્ચા કરવામાં આવી છે અને તેમાં વાશીની એપીએમસીની જગ્યાનો પણ વિકાસ કરવાની યોજના છે ત્યારે એપીએમસી માટે જગ્યાનો વિકલ્પ ૧૫મી જુલાઇ સુધી સૂચવવાનો નિર્દેશ નવી મુંબઈ પાલિકાને કરવામાં આવ્યો છે.

હાલમાં એપીએમસીનો વિસ્તાર ૧૮૦ એકર જમીન પર છે. નવી મુંબઈમાં આટલી મોટી જગ્યા મળવી મુશ્કેલ જ છે એટલે બજાર સમિતિ નવી મુંબઈની બહાર લઇ

(જુઓ પાનું ૪) ▸▸

## ગેરકાયદે લાઉડસ્પીકરઃ કાર્યવાહીથી હાઇ કોર્ટને સંતોષ, સરકાર સામે ઍક્શન નહીં

મુંબઈઃ ધાર્મિક સ્થળો પરના ગેરકાયદે લાઉડસ્પીકર સામે મહારાષ્ટ્ર સરકાર દ્વારા નોંધપાત્ર અને યોગ્ય પગલાં લેવામાં આવ્યા હોવાથી કોર્ટના અનાદરની કાર્યવાહીની હવે કોઇ જરૂર નથી, એમ બૉમ્બે હાઇ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું. ધ્વનિ પ્રદૂષણનું ઉલ્લંઘન કરનારા ગેરકાયદે લાઉડસ્પીકર્સ સામેના હાઇ કોર્ટના ઓગસ્ટ, ૨૦૧૬ના આદેશનો યોગ્ય અમલ ન થઇ રહ્યો હોવાથી રાજ્ય સરકાર સામે કોર્ટના આદેશની કાર્યવાહી કરવાની માગણી સાથે સામાજિક કાર્યકર સંતોષ પચલાગ દ્વારા ૨૦૧૮માં કરાયેલી અરજીનો હાઇ કોર્ટે નિકાલ લાવ્યો હતો. મહારાષ્ટ્રના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ રશ્મી શુકલા દ્વારા અગાઉ રજૂ કરાયેલા સોગંદનામામાં જણાવાયું હતું કે આ વર્ષે એપ્રિલ સુધી વિવિધ ધાર્મિક સ્થળો દ્વારા ૨,૮૧૨ લાઉડસ્પીકરનો ઉપયોગ કરાઇ રહ્યો હતો. તેમાંથી ૩૪૩ લાઉડસ્પીકર દૂર કરાયા છે ૮૩૧ લાઉડસ્પીકરને લાઇસન્સ અને પરવાનગી આપવામાં આવી છે. આ સિવાય ૭૬૭ ધાર્મિક સ્થળોને અવાજના સ્તરની મર્યાદા જાળવી રાખવા માટે ચેતવણી આપી હતી, જ્યારે ૧૯ કેસમાં એફઆઇઆર નોંધવામાં આવ્યો હતો. સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે ગેરકાયદે લાઉડસ્પીકરો સામેની કાર્યવાહી પર નજર રાખવા માટે ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (આઇજીપી) રેન્કના મુખ્ય અધિકારીની નિમણૂક કરવામાં આવી છે.

## ડોમ્બિવલીની સગીરાનું અપહરણ, ટ્રેનમાં બળાત્કાર

થાણેઃ ડોમ્બિવલીની ૧૬ વર્ષની સગીરાનું અપહરણ કર્યા બાદ તેને અકોલા લઇ જતી વખતે ટ્રેનમાં તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. કલ્યાણ જીઆરપી (ગવર્નમેન્ટ રેલવે પોલીસ)એ આ પ્રકરણે ગુનો દાખલ કરીને ફરાર આરોપીની શોધ આદરી હતી. ડોંબિવલીના માનપાડા વિસ્તારમાં અદિવલી ખાતે રહેનારી પીડિતાને ૨૦ વર્ષનો આરોપી ૩૦ જૂને અકોલા લઇ ગયો હતો અને તેણે ટ્રેનમાં પ્રવાસ દરમિયાન તેના પર બળાત્કાર ગુજાર્યો હતો, એમ કલ્યાણ જીઆરપીના સિનિયર ઇન્સ્પેક્ટર પંઢરી કાંદેએ જણાવ્યું હતું. યુવકનો પરિવાર અકોલામાં રહેતો હોઇ તેમણે યુવક અને સગીરાને ઘરમાં પ્રવેશવા દીધા નહોતાં. આથી સગીરાને અકોલા રેલવે સ્ટેશને છોડ્યા બાદ યુવક તેના ઘરે પાછો ફર્યો હતો. (પીટીઆઇ)■

# શૅરબજારમાં છેલ્લી ઘડીની લેવાલીએ સેન્સેક્સમાં ૨૭૦ પોઇન્ટનો સુધારો, નિફ્ટી ૨૫,૫૦૦ની ઉપર પહોંચ્યો

મુંબઇઃ એશિયન બજારોના સકારાત્મક સંકેત બાદ ખાસ કરીને પસંદગીના બેન્ક અને આઇટી શેરોમાં સત્રના પાછલા ભાગે નીકળેલી નવેસરની લેવાલીના ટેકાએ સેન્સેક્સ ૨૭૦ પોઈન્ટ આગળ વધ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૫,૫૦૦ની સપાટી વટાવવામાં સફળ રહ્યો હતો. વારી એનર્જી પાંચ ટકા અને એનએચપીસી ચાર ટકા ઊછળ્યો હતો. જ્યારે ટાઇટનમાં છ ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા મુખ્ય ટ્રેડિંગ ભાગીદારો પર ભારે આયાત ટેરિફની જાહેરાત બાદ વૈશ્વિક અનિશ્ચિતતા ફરી સપ્ટા પર આવવાથી રોકાણકારોમાં સાવચેતની વાતાવરણ જોવા મળ્યું હતું અને સવારના સત્રમાં મોટેભાગે બેન્ચમાર્ક નેગેટિવ ઝોનમાં અથડાતો રહ્યો હતો. બીએસઇના ૧૩ મુખ્ય ક્ષેત્રોમાંથી આઠ ખૂલતા સત્રમાં નજીવા ઉછાળા સાથે આગળ વધ્યા હતા, જ્યારે, વ્યાપક બજારમાં સ્મોલ કેપ્સ અને મિડ કેપ્સ સેગમેન્ટમાં ફ્લેટ ટેડિંગ જોવા મળ્યું હતું.

મંગળવારે શરૂઆતના કારોબારમાં નિફ્ટી બેંક અને મેટલ શેરઆંક વધ્યા હતા, એ જ સાથે આઇટી, એફએમસીજી અને ઓઇલ એન્ડ ગેસ પણ ગ્રઈન ઝોનમાં ખૂલ્યા હતા. વ્યાપક બજારમાં, નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ અને મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ બંને, બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં સાધારણ વધારો જોવા મળ્યો હતો.

સોમવારે ભારતીય બજાર ફ્લેટ બંધ થયું, જેમાં ગ્રાહક અને ઓઇલ અને ગેસ શેરોમાં વધારો નાણાકીય અને આઇટી શેરોમાં ઘટાડાને કારણે સરભર થયો હતો. નવમી જુલાઈના યુ.એસ. ટેરિફ ડેડલાઇન પહેલા વધતી અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારોનું સેન્ટિમેન્ટ એકંદરે સાવચેતીપૂર્ણ રહ્યું હતું.

સેન્સેક્સના શેરોમાં કોટક મહિન્દ્રા બેન્ક, એટર્નલ, એશિયન પેઇન્ટ્સ, એનટીપીસી, ભારત ઇલેક્ટ્રોન્કિસ લિમિટેડ, અદાણી પોર્ટસ, ઇન્ફોસિસ અને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાનો ટોપ ગેઇનર્સ શેરોમાં સમાવેશ હતો. જ્યારે ટાઇટન, ટ્રેન્ટ, એક્સિસ બેન્ક, મારુતિ સુઝુકી અને હિંદુસ્તાન યુનિલીવર ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા. અમેરિકાએ બાંગ્લાદેશ પર ૩૫ ટકા ટેરિફ લાદી હોવાના સમાચાર વચ્ચે ગોકલદાસ એક્સપોર્ટ્સ, અન્ય ટેક્સટાઇલ શેરોમાં આઠ ટકા સુધીનો સુધારો નોંધાયો હતો. તીવ્ર તેજી પછી એક્સચેન્જે સ્ટોકને નિરિક્ષણ હેઠળ રાખતા પીસી જ્વેલરના શેરમાં આઠ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ટાઇટને પ્રથમ ક્વાર્ટરમાં ૨૦ ટકાનો બિઝનેસ ગ્રોથ દર્શાવ્યો હોવા છતાં તે બજારની અપેક્ષા કરતા નબળો દેખાવ હોવાની ચર્ચા વચ્ચે તેના શેરમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ક્રેડિટવાઇસ કેપિટલે ટ્રાઇડન્ટ ગ્રોથ પાર્ટનર્સ પાસેથી રૂ. ૧૨૦ કરોડ એકત્ર કર્યા છે.

વાઈ ફાઈ ઉપકરણોમાં ભારત તથા વૈશ્વિક સ્તરે અગ્રસ્થાને રહેનાર કનેક્ટિવિટી સોલ્યુશન્સ પ્રોવાઈડર ટીપી લિંક ઇન્ડિયાએ દેશમાં પોતાની હાજરીમાં નોંધપાત્ર વિસ્તરણ કરવાની યોજના હેઠળ પોતાના નવા મુખ્ય મથક ખાતે ભારતના પ્રથમ ઇન્ક્યુબેશન સેન્ટરની શરૂઆત કરી છે. ઈન્ડિયા-ફર્સ્ટ અપ્રોચને વધુ મજબૂત બનાવતા, કંપની હવે બેંગલુરુમાં વૈશ્વિક સ્તરે સંશોધન અને વિકાસ માટે એક આધુનિક ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર સ્થાપી રહી છે.

કેબ એગ્રીગેટર ઉબેરએ ડિસ્કાઉંટથી ઉબેર બ્લેક, પ્રીમિયમ સર્વિસ અને ટીનેજર્સથી વરિષ્ઠ નાગરિકો અને પેટ એનિમલ્સ સુધીની નવી સેવાનો ઉમેરો કર્યો છે. આ ઉપરાંત શટલ, મેટ્રો ટિકિટીંગ અને લાર્જ પાર્સલ સર્વિસ પણ ઉમેરી છે.

કંપની ૧૪ લાખ ડ્રાઈવર સાથે ૧૨૫ શહેરમાં હાજરી ધરાવે છે. આગામી સમયમાં કંપની વધુ શહેરો આવરી લેવાની યોજના ધરાવે છે. પ્રાઇમરી માર્કેટમાં સ્પનવેબ નોનવોવન લિમિટેડનું રૂ. ૬૦.૯૮ કરોડનું બુકબિલ્ડિંગ જાહેર ભરણું ૧૪ જુલાઈના રોજ ખુલશે અને ૧૬ જુલાઈના રોજ બંધ




થશે.પ્રાઇસ બેન્ડ રૂ. ૯૦થી રૂ. ૯૬ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઈઝ ૨,૪૦૦ શેર છે. ફાળવણી ૧૭ જુલાઈના રોજ અને લિસ્ટીંગ, ૨૧ જુલાઈના રોજ થશે. એન્થેન બાયોસાયન્સ રૂ. ૩૩૯૫ કરોડના આપીઓ સાથે ૧૪મી જુલાઇએ મૂડીબજારમાં પ્રવેશ કરશે. મૂડી બજાર નિયમનકાર સેબીએ પાંચ કંપનીઓના આઇપીઓને મંજૂરી આપી છે, જેમાં વીદા ક્લિનિકલ રિસર્ચ, શ્રૃંગાર હાઉસ ઓફ મંગલસૂત્ર, રાઈટ વોટર સોલ્યુશન્સ ઈન્ડિયા, સીડવર્ક્સ ઈન્ટરનેશનલ અને એલસીસી પ્રોજેક્ટ્સનો સમાવેશ છે.

દરમિયાન, અમેરિકન કંપની જેન સ્ટ્રીટે માર્કેટ રેગ્યુલેટર સેબીના આરોપને પડકારવાની તૈયારી શરૂ કરી છે. સેબીએ જેન સ્ટ્રીટ પર વ્યવસ્થિત બજાર હેરફેર દ્વારા રૂ. ૩૬,૫૦૦ કરોડ કમાવવાનો આરોપ મૂક્યો છે, જ્યારે નિયમનકારના સંશોધન અહેવાલમાં જણાવાયું છે કે રિટેલ એફઓ વેપારીઓનો કુલ ચોખ્ખો નુકસાન નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૭૫,૦૦૦ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૫ માં રૂ. ૧.૦૫ લાખ કરોડ થયો છે.

અમેરિકાની જેન સ્ટ્રીટ સામે સેબીની કાર્યવાહીને પગલે ડેરિવેટીવ્ઝ માર્કેટના વોલ્યુમમાં ધરખમ ઘટાડાની શકયતા જોતાં બજારના અભ્યાસુઓએ ટ્રેડરોને સાવચેત રહેવાની ચેતવણી આપી છે. તેમના મતે સેબીના પગલાં લાંબાગાળે રોકાણકારોના વિશ્વાસ અને બજાર નિરિક્ષણ બાબતે સકારાત્મક ચિત્ર ઊભું કરે છે, પરંતુ ટૂંકાગાળામાં મોટા ખેલાડીઓની એક્ઝિટનો આંચકો અનુભવવો પડશે.

અમેરિકાની ગ્લોબલ ટ્રેડિંગ જાયન્ટ જેન સ્ટ્રીટ પર મેનીપ્યુલેશન થકી જંગી ગેરકાયદે લાભ ખાટવા બદલ મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા પ્રતિબંધાત્મક પગલાં ભરવામાં આવતા ભારતના શેરબજારોમાં ડેરિવેટીવ્ઝ માર્કેટમાં ટ્રેડિંગ વોલ્યુમમાં મોટો ઘટાડો થવાની શકયતા બતાવાઈ રહી છે.

બજારના નિરિક્ષકો માને છે કે, સેબીના એક્શન બાદ જેન સ્ટ્રીટ દ્વારા તેની મુંબઈમાં કામગીરી બંધ કરી દેવાયા સાથે અડધા અબજ ડોલર એટલે રૂ. ૪૮૪૪ કરોડ જેટલી સંપતિ જપ્ત કરી લેવામાં આવ્યાના અહેવાલ વચ્ચે દેશમાં ઘણા ફોરેન બ્રોકિંગ હાઉસો અને ટ્રેડિંગ કંપનીઓના બિઝનેસ અટકવાની અને એના કારણે ડેરિવેટીવ્ઝમાં ટ્રેડિંગ ટર્નઓવરમાં મોટો ઘટાડો થઈ શકે છે.

શેરબજારમાં અફડાતફડી અને સાવચેતીના વાતાવરણ વચ્ચે સેક્ટરલ ઈન્ડેક્સમાં ક્ન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને હેલ્થકેર ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા, રિયલ્ટી અને બેન્કેક્સ સર્વાધિક વધ્યા અને માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૧.૦૧ લાખ કરોડથી રૂ. ૦.૩૭ લાખ કરોડ વધીને રૂ. ૪૬૧.૩૮ લાખ કરોડ રહ્યું હતું.


સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે કોટક બેન્ક ૩.૬૧ ટકા, ઈટર્નલ ૧.૮૯ ટકા, એશિયન પેઈન્ટ ૧.૬૯ ટકા, એનટીપીસી ૧.૬૪ ટકા બારત ઈલેક્ટ્રોનિક્સ ૧.૨૦ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૯૪ ટકા, સ્ટેટ બેન્ક ૦.૭૨ ટકા, એચડીએફસી બેન્ક ૦.૭૨ ટકા ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૬૯ ટકા અને લાર્સન ૦.૬૮ ટકા વધ્યા હતા, જ્યારે ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૬.૧૭ ટકા, ટ્રેન્ટ ૧.૧૨ ટકા, એક્સિસ બેન્ક ૦.૮૫ ટકા, મારુતિ ૦.૮૧ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૭૨ ટકા અને સન ફાર્મા ૦.૪૧ ટકા ઘટ્યા હતા.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ રિયલ્ટી ૧.૦૮ ટકા, બેન્કેક્સ ૦.૭૨ ટકા, પાવર ૦.૭ ટકા, યુટિલિટીઝ અને સર્વિસીસ ૦.૬૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૪૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૩૮ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૩૧ ટકા, આઈટી ૦.૨૮ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૨૨ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૨૧ ટકા, ટેક ૦.૧૫ ટકા, કોમોડિટીઝ ૦.૦૯ ટકા અને એનર્જી ૦.૦૭ ટકા વધ્યા હતા, જ્યારે કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૬૮ ટકા, હેલ્થકેર ૦.૮૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૪૭ ટકા, ઓટો ૦.૩૭ ટકા, એફએમસીજી ૦.૨૫ ટકા, કંઝ્યુ મર ડિસ્ક્રેશનરી ૦.૦૯ ટકા અને મેટલ ૦.૦૫ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સની ૧૮ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૨ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૧૬૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૯૪૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૦૮૧ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૩૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા.

૧૨૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. છ સ્ટોક્સને ઉપલી જ્યારે ૮ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૦૧ ટકા વધ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૧૭ ટકા ઘટ્યો હતો.

સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૪ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૫૨ ટકા વધ્યો હતો . બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૩૬૯.૧૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૬૬૪ સોદામાં ૨,૨૦૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૫,૩૫,૮૩૬ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૪,૬૧,૦૫,૩૯૧.૬૯ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો ૨૧ પૈસા ઊંચકાયો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પીછેહઠ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાતરફી વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૧ પૈસા ઊંચકાઈને ૮૫.૭૩ના મથાળે બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૯૪ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૮૫.૭૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૮૦ અને ઉપરમાં ૮૫.૬૪ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૧ પૈસાના સુધારા સાથે ૮૫.૭૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ જવાની શક્યતાને ધ્યાનમાં લેતા આજે ડૉલર સામે રૂપિયો રેન્જબાઉન્ડ રહ્યો હતો, પરંતુ મીની ડીલના આશાવાદને ધ્યાનમાં લેતા અંતે રૂપિયો નોંધપાત્ર સુધારા સાથે બંધ રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સના ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનિલ ભણસાળીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫.૩૦થી ૮૬ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૫ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૬૯.૨૦ ડૉલર આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૮ ટકા ઘટીને ૯૭.૩૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૭૦.૦૧ પૉઈન્ટનો અને ૬૧.૨૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૨૧.૧૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સોનામાં ઘટ્યા મથાળેથી ₹ ૩૭૬નું અને ચાંદીમાં ₹ ૯૬૯નું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોના અને ચાંદીના ભાવમાં સુધારો આવ્યા બાદ આજે ખાસ કરીને અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ વધી આવતા લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ સાધારણ ૦.૧ ટકાના સુધારા સાથે ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૫થી ૩૭૬નું અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૬૯નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૧ પૈસાના બાઉન્સબૅક સાથે બંધ રહ્યો હોવાથી સોનાની આયાત પડતરો ઘટી આવતા વૈશ્વિક બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો.

આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૯૬૯ વધીને રૂ. ૧,૦૭,૫૦૦ના મથાળે રહ્યા હતા. તે જ



પ્રમાણે સોનામાં પણ ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૫ વધીને રૂ. ૯૬,૫૮૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૭૬ વધીને રૂ. ૯૬,૯૭૨ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી આવતા હાજરમાં સોનાના ભાવ વધ્યા મથાળેથી ૦.૪ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૩૨૩.૨૪ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ૩૩૩૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ સાધારણ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૬.૭૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તેના ૧૪ વેપારી ભાગીદાર દેશોને આગામી પહેલી ઑગસ્ટથી અમેરિકામાં થતી આયાત સામે લાદવામાં આવનાર ટૅરિફ અંગે પત્ર લખી જાણ કરી હતી. જેમાં જાપાન અને દક્ષિણ કોરિયા પર ૨૫ ટકા ટૅરિફ લાદવાનો નિર્દેશ કર્યો હતો. જોકે, વેપારી ભાગીદાર દેશો પ્રસ્તાવ મૂકશે તો ટૅરિફના અમલની મુદત વધારવામાં આવે એવો સંકેત પણ આપ્યો હતો, પરંતુ હજુ સુધી માત્ર બ્રિટન અને વિયેટનામ સાથે વેપાર કરાર થયા હોવાથી પુનઃ ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવી છે.

એકંદરે ટ્રમ્પના વેપારી ભાગીદાર દેશોને પાઠવેલા પત્રોથી ટ્રેડરો ચિંતિત જણાય છે અને સોનામાં સલામતી માટેની માગ મર્યાદિત છે. તેમ છતાં સલામતી માટેની માગ પ્રબળ બનતા ભાવમાં ઉછાળો આવવાની શક્યતા નકારી ન શકાય, એમ કેસીએમ ટ્રેડનાં એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે હાલના તબક્કે મુખ્યત્વે અમેરિકી ટ્રેઝરીની ઊંચી યિલ્ડ અને એશિયન બજારોમાં સોનામાં ઊંચા મથાળેથી માગ રૂંધાઈ રહી હોવાથી સોનામાં તેજી અટકી રહી છે.

વધુમાં ચીને ટ્રમ્પ વહીવટીતંત્રને આગામી પહેલી ઑગસ્ટથી તેના માલ પર ફરીથી ટૅરિફ લાદીને ફરીથી ટ્રેડ વૉર શરૂ કરવા સામે ચેતવણી આપતા કહ્યું હતું કે જો ચીનને સપ્લાઈ ચેઈનમાંથી બાકાત કરવામાં આવશે તો અમેરિકા સાથે વેપાર કરાર કરનાર દેશો સામે બદલો લેવામાં આવશે. આ સિવાય ટ્રમ્પે પુનઃ ફેડરલ રિઝર્વને વ્યાજદરમાં કાપ મૂકવાનો અનુરોધ કર્યો હોવાના પણ અહેવાલ છે.

# ટીન અને નિકલમાં પીછેહઠ, કોપર સહિતની અન્ય ધાતુઓમાં સુધારો



મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે લંડન મેટલ એક્સ્ચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે કોપર આર્મિચર સિવાયની અન્ય વેરાઈટીઓ, બ્રાસ, ઝિન્ક સ્લેબ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી છનો સુધારો આવ્યો હતો. જોકે, આજે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯ અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે કોપર આર્મિચર, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ટનદીઠ ૯૮૩૯.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા તેમ જ અન્ય ધાતુઓમાં પણ ધીમો સુધારો જોવા મળ્યો હતો.આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિકમાં પણ કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું જેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૯૨૬, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૬૦૫ અને રૂ. ૫૬૩, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૬૦ અને રૂ. ૭૭૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૪૯ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૫૪ અને રૂ. ૨૫૯ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯ ઘટીને રૂ. ૨૯૧૬ તથા રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૨૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર આર્મિચર, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૩૬, રૂ. ૨૧૫ અને રૂ. ૧૮૨ના મથાળે ટકેલા રહ્યા હતા.

# મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સતત બીજા સત્રમાં વેચવાલીના દબાણ સામે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. નવના ઘટાડા સાથે રૂ. ૩૭૩૦થી ૩૭૮૦માં થયા હોવાના નિર્દેશો ઉપરાંત સ્થાનિક સ્તરે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ સુસ્ત રહેતાં ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો નોંધાયો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહેતાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ બન્ને ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૯૨થી ૩૯૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૬થી ૪૦૩૨માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો નોંધાયો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૦૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.




# સોયા રિફાઈન્ડ, કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં સુધારાતરફી વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૬૧ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ અને આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૮ રિંગિટનો ઉછાળો આવ્યો હતો. આમ મલયેશિયાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી આયાતી તેલમાં એકમાત્ર સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો અને અન્ય આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે મથકો પરના પ્રોત્સાહક અહેવાલે દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સનફ્લાવર રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૫૫ અને રૂ. ૧૩૨૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૫ તથા ગોકુલ એગ્રો, પતંજલિ ફૂડ અને જી-વનના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૧૫૫થી ૧૧૬૫, રૂ. ૧૧૮૫ અને રૂ. ૧૧૪૧ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે વેપારો પાંખાં હતા અને રવાનગીનાં કામકાજો પ્રમાણમાં વધુ થયાં હતાં. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૪૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૧૦માં અને રાજકોટ મથકે ૧૮૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૭૫માં થયાના અહેવાલ હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સિંગતેલના રૂ. ૧૪૧૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૫૩૦ના મથાળે રહ્યા હતા.



(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

રાજકોટમાં બિસ્માર રસ્તાના કારણે લોકોની હાલત કફોડી બની છે, વિરોધ વધતા મનપા તંત્રએ રાતથી જ માર્ગોનું સમારકામ શરૂ કર્યું હતું..

# કચ્છની નાની સિંચાઈના ૧૭૦માંથી ૪૧ ડેમ ઓવરફ્લો: માંડવીના ૨૧માંથી ૧૫ ડેમ છલકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગત રવિવારની રાતથી અવિરતપણે વરસેલા ભારે વરસાદ વચ્ચે મેઘતૃષ્ણાનાં મુલક સમા કચ્છના નાની સિંચાઈના ૧૭૦ જેટલા ડેમમાંથી ૪૧ ડેમ ઓવરફ્લો થઈ ગયા છે, સૌથી વધારે માંડવી તાલુકાના ૨૧માંથી ૧૫, ભુજ તાલુકાના ૩૫માંથી ધુનારાજા ડેમ સહિત નવ, અને પશ્ચિમ કાંઠાના અબડાસા તાલુકાના ૨૪માંથી ૧૧નો સમાવેશ થાય છે.

જિલ્લા પંચાયત સ્થિત સિંચાઈ સમિતિના ચેરમેન રૂપેશ આહિરના જણાવ્યા પ્રમાણે, માંડવી તાલુકાના ખારોડ, રાજડા, વિજયસાગર, વણોઠી, વેંગડી, દેઢિયા, ગોદડિયા, વિરાણી, દરશડી, ઘોડાલખ, ફિલોન, વાંઢ, કોટડી, મમાયમોરા, લુડવા ડેમ ઓવરફ્લો થઈ ગયા છે. જ્યારે અબડાસા તાલુકાના કડોલી, બાલાચોર, સરગુઆલા, બાલાપર, બુડધ્રો, કાલરવાંઢ, મંજલ, રેલડિયા, વમોટી, સણોસરા, ખારૂઆ, કાપડીસર, પિયોણી ઓવરફ્લો થઈ ગયા છે. ભુજ તાલુકાના નથ્થરકુઇ, સામત્રા, માધાપર(અપર) ધૂનારાજા, જામારા, માનકુવા, લોટિયા, ચુનડી, રતિયા, લોરિયા ઓવરફ્લો થઈ રહ્યા છે જ્યારે નખત્રાણા તાલુકાના ૧૬માંથી ચાર ગડાપુઠા, ખારડિયા, કોટડા (રોહા) ઉમરાપર ઓવરફ્લો થઈ ગયા છે, મુંદરા પંથકના ૧૧માંથી એક ગેલડા, લખપત તાલુકાના ૧૭માંથી એક છલકાઈ ગયા છે, જ્યારે અંજાર, ભચાઉ, રાપર બાજુ વરસાદનું જોર ઓછું હોતા અહીં એકપણ ડેમ ભરાયો નથી.કચ્છના ૧૭૦ ડેમની જીવંત સંગ્રહ શક્તિ ૯૪૦૪.૨૪ એમ.સી.એફ.ટી.માંથી ૪૧૨૯.૮૯ એમ.સી.એફ.ટી. જીવંત સંગ્રહ શક્તિનો પાણીનો જથ્થો થઈ ગયો છે તેમ રૂપેશ આહીરે ઉમેર્યું હતું.

દરમ્યાન, ભુજની વૈશ્વિક ઓળખસમાં હમીરસર તળાવને ઓગનવામાં માત્ર ચાર ફૂટ જેટલું અંતર બાકી રહેવાની સાથે ઓગનવાનું કાઉન્ટડાઉન શરૂ થઇ ગયું છે. ભારે વરસાદની આગાહી મુજબ જો હજુ ત્રણ-ચાર ઇંચ વરસાદ પડશે તો સતત ચોથીવાર કચ્છીઓનું હૃદયસમુ હમીરસર તળાવ છલકાઈ જશે એ વાતમાં કોઈ સંદેહ નથી.



# સૌરાષ્ટ્રમાં સતત વરસાદથી ખેડૂતોની ચિંતા વધી:

## ૧૫ લાખ હેક્ટરમાં વાવેલી મગફળીના પાકને નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્ર વિસ્તારમાં સતત વરસાદી માહોલના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખાસ કરીને મહુવા તાલુકા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અવિરત વરસાદથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ વર્ષે સૌરાષ્ટ્રમાં ૧૫ લાખ હેક્ટર જમીનમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે. સતત વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે. આ કારણે ખેડૂતો ખેતરમાં જઈ શકતા નથી. પરિણામે પાકની યોગ્ય માવજત લઈ શકાતી નથી. વર્તમાન સ્થિતિમાં મગફળીના રોપ પીળા પડવા લાગ્યા છે અને સુકાવા માંડ્યા છે. નિંદામણ, દવાનો છંટકાવ અને સમયસર ખાતર આપવું જેવી અત્યંત મહત્ત્વની કામગીરી પણ થઈ શકતી નથી. આ પરિસ્થિતિએ ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. ખાસ કરીને મહુવા તાલુકાના ખેડૂતો વધુ ચિંતિત છે.

# બોટાદ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત માર્ગોની મરામતની કામગીરી શરૂ કરાઈ

અમદાવાદ: બોટાદ જીલ્લામાં ભારે વરસાદની સ્થિતિ બાદ બોટાદ શહેર અને ગામોને જોડતા મુખ્ય રસ્તાઓ અને નાના-મોટા રોડ પર પાણી ભરાવાના કારણે રસ્તાઓને થયેલ ભારે નુકશાનના પગલે જિલ્લા કલેક્ટર જીન્સી રોય દ્વારા વહીવટી તંત્રને યુદ્ધના ધોરણે અસરગ્રસ્ત રસ્તાઓના સમારકામના આદેશો આપવામાં આવ્યા હતા. જે અંતર્ગત જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાઓના મરામતની ઝડપી કામગીરી હાથ ધરવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓને રિપેરિંગ, રિસરફેસિંગ, મેટલવર્ક કરી મોટરેબલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં બોટાદથી કારિયાણી જતા રસ્તાઓ અને લાખિયાણી અને રોહીશાળા જતા રસ્તાઓ રિપેર કરાયા હતી. ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર ૨૦૨૨માં આ માર્ગનું કામ શરૂ કરવામાં આવ્યું હતું અને બે વર્ષ એટલે કે, સપ્ટેમ્બર ૨૦૨૫માં ૬૭ કિમીના માર્ગનું સંપૂર્ણ કામ પૂર્ણ કરવાનું હતું, જેની જગ્યાએ માત્ર ૨૦ કિમીનું જ કામ થયું છે. કામગીરી સમયસર પૂર્ણ કરાવવાની જગ્યાએ તંત્ર દ્વારા સમય અવધી વધારી જૂન, ૨૦૨૬ કરી દેવામાં આવી છે. હાલમાં વરસાદને કારણે રાજકોટ-જેતપુર હાઈવે પર ખાડા પડી જતાં ભારે ટ્રાફિકજામ સર્જાઈ રહ્યો છે. આ સાથે બિસ્માર રસ્તાથી અકસ્માતો પણ વધી રહ્યાં છે.

# યાત્રાધામ બગદાણામાં ગુરુપૂર્ણિમા ઉત્સવની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગોહિલવાડના સુપ્રસિદ્ધ તીર્થ સ્થાન પૂજ્ય સંતશ્રી બજરંગદાસ બાપાની તપોભૂમિ બગદાણા તા. મહુવા ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ આગામી તા.૧૦ જુલાઈને ગુરુવારે ધર્મમય માહોલ વચ્ચે ધામધૂમથી ઉજવવામાં આવશે. છેલ્લા કેટલાય દિવસોથી બંડીધારી બાપાના ગુરુ આશ્રમ ખાતે ચાલી રહેલી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

ગુરુ આશ્રમ ખાતેના કાર્યાલયથી ગુરુપૂનમના દિવસના ઘોષિત થયેલા કાર્યક્રમ મુજબ સવારના પાંચ કલાકે મંગલા આરતી થશે. ત્યારબાદ ધ્વજા પૂજન અને ધ્વજારોહણ સાત કલાકથી થશે. ગુરુપૂજન ૮:૩૦ થી ૯:૩૦ કલાક વચ્ચે જ્યારે રાજભોગ આરતી ૯:૩૦ થી ૧૦ કલાકે થશે. ત્યારબાદ સવારે ૧૦ વાગ્યાથી પ્રસાદ વિતરણ શરૂ થશે.



મહિમા પૂર્ણ ગુરુપૂર્ણિમાના દિવસે આશરે ૧ લાખથી પણ વધારે ભાવિકજનો બાપાના ચરણોમાં શીશ નમાવશે. અહીં આ તૈયારીઓને માટે તેમજ સુચારૂ વ્યવસ્થાના ભાગરૂપે તમામ આગોતરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. અહીં રસોડા વિભાગમાં તેમજ અન્ય ચા-પાણી, દર્શન, પાર્કિંગ, સુરક્ષા જેવા વિભાગોમાં આશરે ૧૦૦ ગામોના ૪૦૦૦ ભાઈઓ, તેમજ ૨૫ થી વધુ ગામોના ૨૫૦૦ ઉપરાંત બહેનો સેવા આપશે. રસોડા સહિતના સેવા કાર્યો માટે આજુબાજુના ગામોના ૪૦ ટ્રેક્ટર પણ સેવામાં જોડાશે. ભોજન વ્યવસ્થામાં નવા રસોડે બહેનો માટે તેમજ ગોપાલગ્રામ ખાતે ભાઈઓને પ્રસાદ જમવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આગોતરી વ્યવસ્થાના ભાગરૂપે સરકારી વિભાગો સાથે પણ કાર્ય સંકલન માટે અલગ અલગ સરકારી વિભાગો સેવા કે પાણીપુરવઠા, માર્ગ અને મકાન, આરોગ્ય, વીજળી, પોલીસ વગેરે વિભાગોના અધિકારીઓ સાથે સોમવારે એક મીટિંગ યોજાઇ હતી. પોલીસ વિભાગ દ્વારા અહીં ચુસ્ત બંદોબસ્ત રહેશે. આ દિવસે પી.આઈ. અને પીએસઆઇ ૬, પોલીસ ૧૫૦, હોમગાર્ડ ૧૦૦ બંદોબસ્તમાં ફરજ બજાવશે.

રાજ્ય પરિવહન નિગમની ખાસ એસટી બસ ભાવનગર, તળાજા, મહુવા, પાલિતાણા ડેપો તરફથી બગદાણા સુધી દોડાવવામાં આવશે. ૧૦૮ તેમજ એમ્બ્યુલન્સ વાહનો અહીં સતત સ્ટેન્ડ બાય રહેશે. ઉપરાંત બગદાણા અને બેલમપર આરોગ્ય કેન્દ્રો દ્વારા પ્રાથમિક સારવાર માટે ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના આ ધન્ય અવસરે મોટી સંખ્યામાં પ્રતિવર્ષ ભક્તજનો ઉપસ્થિત રહે ત્યારે રસોડા ભોજનશાળા ખાતે શુદ્ધ ઘીના લાડુનો ૧૦૦૦ મણ પ્રસાદ સહિત ૫૦૦ મણ ગાંઠિયા,દાળ ૧૫૦ મણ,ભાત ૨૦૦ મણ, રોટલી ૨૫૦ મણ તેમજ ૫૦૦ મણ શાકભાજી તૈયાર કરશે.

# સર્વોત્તમ ડેરીમાં આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા

ભાવનગર: યુએન દ્વારા વર્ષ ૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ તરીકે ઉજવણી કરી રહી છે. જે અંતર્ગત રાજ્ય રજિસ્ટ્રાર એમ.પી.પંડયા તથા જિલ્લા રજિસ્ટ્રાર એ.ડી.દેસાઈના માર્ગદર્શન મુજબ ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સર્વોત્તમ ડેરી દ્વારા વર્ષ ૨૦૨૫ના સમગ્ર વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત જુલાઈ માસના પ્રથમ સપ્તાહ (૧ જુલાઈ થી ૬ જુલાઈ, ૨૦૨૫) દરમ્યાન સહકારી પ્રવુત્તિઓની જાગૃતિ લાવવા માટે જિલ્લાભરના છેવાડાના દૂધ ઉત્પાદકો સુધી સહકારી પ્રવૃત્તિના પ્રચાર-પ્રસાર કરવાનું અને સહકારથી સમૃદ્ધિની જાગૃતિ બાબતના કાર્યક્રમો સર્વોત્તમ ડેરી તરફથી કરવામાં આવ્યા હતાં. જેમાં સર્વોત્તમ ડેરી સાથે સંયોજિત દૂધ મંડળીઓના સભાસદો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. નવા ગુંદાળા પ્રાથમિક શાળા, સિહોર ખાતે સહકારિતા વિષય પર શૈક્ષણિક સેમીનાર, નિબંધ લેખન અને ક્વિઝ નું આયોજન કર્યું જેમાં સર્વોત્તમ ડેરીના ચીફ જનરલ મેનેજર યોગેશકુમાર જોષી તેમજ સ્કૂલના શિક્ષક જયેશભાઈ, નીરવભાઈ તેમજ સમગ્ર સ્ટાફ સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રોગ્રામમાં સહકારી પ્રવૃતિ વિષે સંપૂર્ણ માહિતી સર્વોત્તમ ડેરીના ચીફ જનરલ મેનેજર યોગેશકુમાર જોષી આપી હતી. આ ઉપરાંત સર્વોત્તમ ડેરીના તમામ કર્મચારી ભાઈઓ તથા બહેનો તેમજ સમગ્ર જિલ્લાભરના દૂધ મંડળીના કાર્યવાહકોના મોબાઈલ વોટ્સએપ ગ્રૂપમાં આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષનો લોગો મુકવામાં આવ્યો હતો. તેમ જ આખા વર્ષ દરમ્યાન આ લોગો દરરોજ માટે મૂકી સહકારથી સમૃદ્ધિનો મેસેજ વધારેમાં વધારે લોકો સુધી પહોચાડી જાગૃતિ લાવવા માટે સર્વોત્તમ ડેરીના સ્થાપક ચેરમેન મહેન્દ્રભાઈ પનોત તેમ જ સર્વોત્તમ ડેરીના સ્થાપક અને મેનેજિંગ ડીરેક્ટર એચ.આર.જોષીએ નક્કી કર્યુ છે.




કૉંગ્રેસના નેતા જિજ્ઞેશભાઇ મેવાણીએ રાજકોટ-જેતપુર હાઈ-વેની કામગીરી અને ટોલનાકાને મુદ્દે રાજકોટ જિલ્લા કલેક્ટર ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું... (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# પ્રદીપ શર્માની કાયદાકીય મુશ્કેલીઓ વધી

## ભુજ જમીન કૌભાંડના પ્રકરણનો સહ આરોપી બિલ્ડર સંજય શાહ 'તાજનો સાક્ષી' બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: જિલ્લામાં આવેલી સરકારી ખરાબાની મૂલ્યવાન જમીનને 'લાગુની જમીન' તરીકે મેળવી, બિનખેતી કરાવીને પ્લોટ પાડીને ઊંચા દામમાં વેચી મારવાના કથિત કૌભાંડના મુખ્ય બે આરોપી પૈકી હાઈ પ્રોફાઈલ બિલ્ડર એવા સંજય છોટાલાલ શાહને નામદાર અદાલતે તાજનો સાક્ષી બનાવીને સજામાફી આપી દીધી છે. સંજય શાહે કૌભાંડ અંગેના તમામ પુરાવા રજૂ કરવાની તૈયારી દર્શાવીને પોતાને તાજનો સાક્ષી બનાવવા અદાલત સમક્ષ અરજી કરી હતી જેને મંજૂરી મળ્યા બાદ કૌભાંડના મુખ્ય આરોપી. એવા કચ્છના માજી કલેક્ટર અને સસ્પેન્ડેડ આઇપીએસ અધિકારી પ્રદીપ શર્મા સહિતના તત્કાલીન સરકારી અધિકારીઓ સામેનો કાયદાનો ગાળિયો વધુ મજબૂત થાય તેવા સંકેતો સાંપડી રહ્યાં છે.

રાજયભરમાં ચર્ચાસ્પદ બનેલા કેસમાં પોતાની સજા માફ કરીને પોતાને તાજનો સાક્ષી બનાવવા સંજય શાહે વિશેષ એસીબી અદાલત સમક્ષ અરજી કરી હતી જેમાં એવો દાવો કર્યો હતો કે, પોતે સમગ્ર કૌભાંડને સાંકળતી પ્રત્યેક કડીથી વાકેફ છે અને જો તેને તાજનો સાક્ષી બનાવાય તો તે કૌભાંડને લગતી તમામ બાબતોની કબૂલાત કરવા તત્પર છે,

સંજય શાહને તાજનો સાક્ષી બનાવવામાં ફરિયાદ પક્ષને કોઈ વાંધો ના હોવાનું તથા જો તે સાથી બને તો કૌભાંડમાં સામેલ અન્ય લોકો સામેનો કેસ મજબૂત પુરાવા સાથે અસરકારકતાથી રજૂ થશે તેમ જણાવી સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરે શાહને એપ્રૂવર બનાવવામાં સહમતી દર્શાવી હતી. સંજય શાહે કોઈ ધમકી, દબાણ કે પ્રલોભનને વશ થયા વગર સ્વેચ્છાએ સત્ય હકીકત ઉજાગર કરવા આ અરજી કરી હોવાનું ઠેરવીને એસીબી કોર્ટના સ્પેશિયલ જજ વી.એ. બુધ્ધાએ સજામાફી સાથે શાહની અરજી મંજૂર કરી તેને હવે રાજનો સાક્ષી ગણી મુખ્ય સાક્ષી તરીકે ટ્રીટ કરવા મંજૂરી આપી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ કેસમાં અગાઉ હોટેલિયર પ્રકાશ વજિરાણીએ પણ સજા માફ કરવાની રજૂઆત સાથે પોતાને તાજનો સાક્ષી ગણવા માટે ગત ૨૩-૦૮-૨૦૨૪ના રોજ દાખલ કરેલી અરજીને ભુજની નામદાર અદાલતે મંજૂર કરી હતી તેમજ અંજારની વેલસ્પન કંપનીના જમીન કૌભાંડમાં પ્રદીપ શર્મા સાથે મિલીભગત કરનારા કંપનીના જ બે કર્મચારીઓ પાછળથી આ જ રીતે તાજના સાક્ષી બની ગયા હતા. આ જમીન કૌભાંડમાં સામેલ આ બંને આરોપીઓ તાજના સાક્ષી બની જતાં અન્ય સહઆરોપીઓની કાનૂની મુશ્કેલીમાં વધારો થશે તે બાબત નિશ્ચિત છે.

# ભાવનગર જિલ્લામાં છૂટોછવાયો વરસાદ, જેસરમાં પોણો ઈંચ વરસાદ



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગર: જિલ્લામાં છૂટોછવાયો વરસાદ પડ્યો હતો. શહેરમાં અને જેસરમાં પોણો ઇંચ વરસાદ પડ્યો હતો. જ્યારે અન્ય તાલુકામાં હળવા ભારે ઝાપટાં વરસ્યા હતા.

ગોહિલવાડ પંથકમાં વરસાદી માહોલ યથાવત્ રહ્યો હતો. ભાવનગર શહેર અને જિલ્લાના જેસરમાં બપોરે પોણા ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. સાંજના ૬ વાગ્યા સુધીમાં ભાવનગરના વલભીપુરમાં ૭, ઉમરાળામાં ૨, ભાવનગર શહેરમાં ૧૭, ઘોઘા ૧, પાલિતાણા ૭, તળાજા ૯ ,મહુવા ૨ અને જેસરમાં ૧૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

# ખાવડાના રિન્યુએબલ એનર્જી પાર્કમાં એન્જિનિયર એવા ઝારખંડના યુવકે ભુજમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં છવાયેલા અષાઢી માહોલ વચ્ચે આપઘાત-અકસ્માતના બનેલા બનાવોમાં બે લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે. ભુજ શહેરમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતો અને ખાવડાના અદાણી ગ્રીન રીન્યૂએબલ એનર્જી (આર.ઈ) પાર્ક ખાતે છ મહિનાથી એન્જિનિયર તરીકે નોકરી કરતા ઝારખંડના યુવકે આપઘાત કરી, જીવાદોરી ટૂંકાવી લેતાં ચકચાર પ્રસરી છે. ઘટના અંગે મૃતકના મિત્ર એવા અભિજીત મહંતોએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, મૂળ ઝારખંડના હઝારીબાગનો રહેવાસી ૩૧ વર્ષીય શશિકુમાર ટેકલાલ મહંતોએ ગત સોમવારે સવારે ૧૧ વાગ્યાના અરસામાં ભુજના લાલ ટેકરી વિસ્તારમાં આવેલા ક્લાસિક કોમ્પ્લેક્સના ફ્લેટમાં અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. અભિજીતે વધુમાં જણાવ્યું કે શશિકુમાર છેલ્લાં છ માસથી આર.ઈ પાર્કમાં એન્જિનિયર તરીકે નોકરી કરતો હતો. આત્મહત્યાના કારણ અંગે અભિજીતે અજાણતા દર્શાવતાં હાલ બી-ડિવિઝન પોલીસે આકસ્મિક મૃત્યુ તરીકે નોંધ પાડી બનાવની તપાસ શરૂ કરી છે.

બીજી તરફ, પૂર્વ કચ્છના ઔદ્યોગિક મથક એવા ગાંધીધામ શહેરની નજીકના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કોઈ અજાણ્યાં વાહનની હડફેટે આવેલાં ૨૯ વર્ષીય મોનિકાબેન નારાયણ શર્મા (રહે.રાજનગર ગળપાદર)નું મૃત્યુ નીપજ્યું હતું. આ હિટ એન્ડ રનનો બનાવ ગત મોડી સાંજના અરસામાં બન્યો હતો જેમાં મરણ જનાર મોનિકાબેન શર્મા પોતાના એક્ટિવાથી ઘર તરફ જઇ રહ્યા હતા, ત્યારે સામેથી અચાનક ધસી આવેલાં અજાણ્યાં વાહને તેમને હડફેટે લેતાં આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલાં મોનિકા બહેનને સારવાર માટે હૉસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડૉક્ટરે તેણીને મૃત જાહેર કર્યા હતા. ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે જાણવાજોગ નોંધ કરીને અજ્ઞાત વાહનચાલકને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે.

# ભાવનગરમાં પીજીવીસીએલના નવા બે સબ ડિવિઝનને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના વિકાસને ધ્યાને લઈ અકવાડા, તરસમીયા, ખારસી, માલણકા, ટોપ થ્રી સામેનો રીંગ રોડના વિસ્તારમાં વીજળીની સમસ્યાને ધ્યાને લઈ ભાવનગર પૂર્વ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય સેજલબેન રાજીવકુમાર પંડ્યા અને ભારતીય જનતા પાર્ટી ભાવનગર શહેર પૂર્વ પ્રમુખ રાજીવકુમાર પંડ્યા દ્વારા ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈને વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. આ અસરકારક રજૂઆતના પરિણામ સ્વરૂપે રાજ્ય સરકારના ઊર્જા વિભાગ દ્વારા ૪૭ લોકોના સ્ટાફ સાથેનું અકવાડા સબ સ્ટેશન મંજૂર થયું હતું.હાલ અકવાડા, તરસમીયા, માલણકા, ગૌશાળા, ખારસી, રીંગરોડ, તથા ટોપ થ્રીની સામેના વિસ્તારમાં આગામી વર્ષોમાં પાવર ડિસ્ટ્રિબ્યુશનની સમસ્યા મહદ્ અંશે દૂર થશે.

# સૌરાષ્ટ્ર-કચ્છની પ્રથમ હૃદયરોગની ઓપીડીની રાજકોટ સિવિલમાં શરૂઆત થઈ

અમદાવાદ: સૌરાષ્ટ્રના હૃદય સમાન રાજકોટ શહેરના નાગરિકો અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોને હૃદયરોગની સારવાર માટે હવે અમદાવાદ સુધી જવાની જરૂર નહીં પડે. રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ૮ જુલાઈ, ૨૦૨૫થી હૃદયરોગ સંબંધિત ઓ.પી.ડી. સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સેવા અમદાવાદસ્થિત યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના સહયોગથી શરૂ કરવામાં આવી હતી. જે સૌરાષ્ટ્ર-કચ્છના હૃદયરોગના હજારો દર્દીઓ માટે ખૂબ આશીર્વાદરૂપ સાબિત થશે. રાજકોટ સિવિલ હોસ્પિટલના પી.એમ.એસ.એસ.વાય. બિલ્ડિંગના પહેલા માળે આ હૃદયરોગ ઓ.પી.ડી. સેવાનો પ્રારંભ થયો હતો. અત્યાર સુધી સૌરાષ્ટ્રમાંથી હૃદયરોગના દર્દીઓને નિદાન-સારવાર માટે અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી લાંબા થવું પડતું હતું, જેમાં સમય અને નાણાંનો વ્યય થતો હતો.

પવિત્ર જયાપાર્વતીનું વ્રત નિમિત્તે કુંવારિકાઓ અને સૌભાગ્યવતી યુવતીઓએ વહેલી સવારે દેવાધિદેવ મહાદેવની વિશેષ પૂજા અને આરતી કરીને જયાપાર્વતી વ્રતના તહેવારની શુભ શરૂઆત કરી હતી..

(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

